૨૦૫ વર્ષ

દૈનિક મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 222 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ભાદ્રપદ સુદ-૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 19 September 2026, Saturday ■ REGD.No. MCS/058/2018-20

શનિવાર, ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

વીકએન્ડ પૂર્તિ ૫ ૬ ૭

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મમતા સાથે ખેલો: પક્ષનું નામ, પ્રતીક છીનવાયાં

## તૃણમૂલના બન્ને જૂથને નવા નામ અને પ્રતીક અપાયાં: રાહુલનો ગયો ફોન મમતા પર: મમતાનો આ નિર્ણય સામે લડી લેવાનો નિર્ધાર

નવી દિલ્હી: દેશના ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળ વિધાનસભાની બે બેઠક - રેજિનગર અને નંદીગ્રામ ખાતે છ ઑક્ટોબરે યોજાનારી યોજાનારી પેટાચૂંટણીની પહેલાં ગુરુવારે તૃણમૂલ કૉંગ્રેસના બે હરીફ જૂથને નવા નામ અને પ્રતીક ફાળવ્યા હતા. બન્ને જૂથને ત્રણ રાજ્ય - પશ્ચિમ બંગાળ, મેઘાલય અને ત્રિપુરાના રાજકીય પક્ષો તરીકે માન્યતા અપાઈ છે.

જોકે મમતા પાસેથી પક્ષનું નામ અને પ્રતીક છીનવાતા વિપક્ષે કાગારોળ મચાવી હતી અને કૉંગ્રેસના વડા રાહુલ ગાંધીએ તરત જ મમતા સાથે ફોન પર વાત કરીને પોતાના પક્ષનું સમર્થન આપ્યું હતું.

મમતાએ શુક્રવારે કાળો દિન ગણાવ્યો હતો અને આ નિર્ણય સામે રાજકીય, લોકતાંત્રિક અને કાનૂની રીતે લડવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. બન્ને બેઠકની પેટાચૂંટણીના ઉમેદવારીપત્રોની ચકાસણી પહેલાં નવા નામ અને પ્રતીક અપાયા હતા.

ઋતવ્રત બેનરજીના નેતૃત્વ હેઠળના જૂથને 'ડેમોક્રેટિક તૃણમૂલ કૉંગ્રેસ' નામ અપાયું હતું અને પક્ષના પ્રતીક તરીકે 'પરબીડિયું' ફાળવાયું હતું.

પશ્ચિમ બંગાળનાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન મમતા બેનરજીના નેતૃત્વ હેઠળના જૂથને 'મમતા ઑલ ઇન્ડિયા તૃણમૂલ કૉંગ્રેસ' નામ અને 'ફૂટબૉલ ખેલાડી'નું પ્રતીક અપાયું હતું.

ચૂંટણી પંચે તૃણમૂલ કૉંગ્રેસના બન્ને હરીફ જૂથને રેજિનગર અને નંદીગ્રામ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે તેઓના પક્ષનું મૂળ નામ (તૃણમૂલ કૉંગ્રેસ) વાપરવાની ના પાડી હતી.

પશ્ચિમ બંગાળ વિધાનસભાની સ્પીકર રતિન્દ્રનાથ બોઝે ઋતવ્રત બેનરજીને વિપક્ષના નેતા તરીકે માન્યતા આપી હતી.

મમતા બેનરજીના જૂથે શોભનદેવ ચટ્ટોપાધ્યાયને આ હોદ્દા માટે આગળ કર્યા હતા.

તૃણમૂલ કૉંગ્રેસે પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં હારીને ૧૫ વર્ષે રાજ્યમાંની સત્તા ગુમાવી તે પછી તેણે પોતાના ૭૮ વિધાનસભ્યમાંના બે - ઋતવ્રત બેનરજી અને સાંદીપન સહાને પક્ષમાંથી કાઢી મૂક્યા હતા. તે પછી પક્ષના ૫૭ વિધાનસભ્યે બળવો કરીને ઋતવ્રત બેનરજીને વિધાનસભામાંના વિપક્ષના નેતા બનાવવા ટેકો આપ્યો હતો. તેઓએ તૃણમૂલ કૉંગ્રેસના ફૂલ અને ઘાસના પ્રતીક, નામ તેમ જ સંગઠનના અંકુશ માટે દાવો કર્યો હતો.

તૃણમૂલ કૉંગ્રેસના બળવાખોર ૨૦ સાંસદ બહુ ઓછા જાણીતા પક્ષ 'નેશનાલિસ્ટ સિટીઝન્સ પાર્ટી ઑફ ઇન્ડિયા'માં જોડાઇ ગયા હતા અને ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વ હેઠળના નેશનાલિસ્ટ ડેમોક્રેટિક અલાયન્સ (એનડીએ)ને પોતાનો ટેકો જાહેર કર્યો હતો. (એજન્સી)

## નંદીગ્રામમાં ચૂંટણી-ડ્રામા: મમતાનો ટેકો ધરાવતા કૉંગ્રેસી ઉમેદવારની ધરપકડ

નવી દિલ્હી: પશ્ચિમ બંગાળનાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ રાજ્યના નંદીગ્રામની વિધાનસભા બેઠક પરની પેટાચૂંટણી માટેના કૉંગ્રેસના ઉમેદવાર મિલન પ્રધાનને પોતાનો ટેકો જાહેર કર્યો, તેના થોડા કલાક પછી પશ્ચિમ બંગાળની પોલીસે એક જૂના કેસના સંબંધમાં આ ઉમેદવારની શુક્રવારે ધરપકડ કરી હતી.

નંદીગ્રામ ખાતે છ ઑક્ટોબરે યોજાનારી પેટાચૂંટણી માટે મિલન પ્રધાન કૉંગ્રેસના ઉમેદવાર છે. તેમને ક્યા જૂના કેસના સંબંધમાં પકડવામાં આવ્યા હતા, તે તાત્કાલિક જાણવા નહોતું મળ્યું. અગાઉ, મમતા બેનરજીએ પોતાના રાજકીય પક્ષનાં ઉમેદવાર સંચિતા પ્રધાન ડેની ઉમેદવારી પાછી ખેંચ્યા બાદ જાહેર કર્યું હતું કે અમારો પક્ષ આ બેઠક પર કૉંગ્રેસના ઉમેદવારની સામે કોઇ ઉમેદવાર ઊભો નહિ રાખે. અમે ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએ સામેની વિપક્ષની લડતને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે.

તેમણે જણાવ્યું હતું કે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ મને ગુરુવારે ફોન કરીને અમારો ટેકો માગ્યો હતો, જ્યારે આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલે ટેકો માગતો સંદેશો મોકલ્યો હતો.

સંચિતા પ્રધાન ડેએ મુખ્ય પ્રધાન સાથેની રાજ્યના સચિવાલય ખાતેની બેઠક બાદ પોતાની ઉમેદવારી પાછી ખેંચી હતી. (એજન્સી)■

## મરાઠી ફિલ્મ 'ગોંધળ' ઑસ્કર્સમાં ભારતની એન્ટ્રી

મુંબઈ/લોસ એન્જલસ: ફિલ્મ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા ઓસ્કાર્સ ૨૦૨૭ માટે મરાઠી ફિલ્મ 'ગોંધળ'ને ભારતની સત્તાવાર એન્ટ્રી તરીકે પસંદ કરવામાં આવી છે. દેશભરની ૩૩ ફિલ્મ વચ્ચેની સ્પર્ધા થઈ હતી, જેમાં સંતોષ ડાવખરે દ્વારા દિગ્દર્શિત ગોંધળ ફિલ્મે બાજી મારી છે, જ્યારે સૌથી મહત્ત્વની વાત એ છે આ ફિલ્મે ફક્ત ૮૪ લાખ રૂપિયાની કમાણી કરી હતી.

મરાઠી ફિલ્મ 'ગોંધળ'ને ઓસ્કાર ૨૦૨૭ માટે ભારતની સત્તાવાર એન્ટ્રી તરીકે પસંદ કરવામાં આવી છે, એમ ફિલ્મ ફેડરેશન ઓફ ઇન્ડિયાએ આ વિશે મહત્ત્વની માહિતી આપી હતી. મહત્ત્વની વાત એ છે કે આ વર્ષે દેશની કુલ ૩૩ ફિલ્મ ઓસ્કર્સ માટે પોતાની દાવેદારી રજૂ કરી હતી. કટ્ટર સ્પર્ધા વચ્ચે સિલેક્શન કમિટીએ ગોંધળને આગળ લઈ જવાનો નિર્ણય લીધો છે. હવે ફિલ્મનો આગામી પડાવ આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની જગ્યા બનાવવાનો રહેશે.

મરાઠી ફિલ્મની એન્ટ્રીને કારણે પ્રાદેશિક ફિલ્મોનું પણ રાષ્ટ્રીય જ નહીં, આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્ત્વ ઊભું થયું છે. ગોંધળ ફિલ્મના નિર્દેશક, લેખક અને નિર્માતા સંતોષ દવાખર છે. આ ફિલ્મ ૧૪ નવેમ્બર ૨૦૨૫માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મનું ટીઝર 'કાંતારા ચેપ્ટર ૧' સાથે રિલીઝ થયું હતું. સાઉથના મહાન સંગીતકાર ઇલૈયારાજાએ આ ફિલ્મમાં સંગીત આપ્યું હતું. ફિલ્મે માંડ ૮૪ લાખની કમાણી કરી હતી. સંતોષ ડાવખરે દ્વારા

(જુઓ પાનું ૨) ▶▶

## પાકિસ્તાનમાં મસ્જિદ પાસે બૉમ્બવિસ્ફોટ, ૧૬નાં મોત

ઇસ્લામાબાદ: પાકિસ્તાનમાં શુક્રવારે પોલીસ ઓફિસ કોમ્પ્લેક્સની નજીક એક મસ્જિદ પાસે થયેલા વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૧૬ જણ માર્યા ગયા અને ૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા, એમ સ્થાનિક મીડિયા અહેવાલોમાં અધિકારીઓને ટાંકીને જણાવાયું છે.

પેશાવરથી લગભગ ૬૦ કિલોમીટર દૂર ખૈબર પખ્તુનખ્વાના પાટનગર કોહાટમાં જૂની પોલીસ લાઇન્સ નજીક એક મસ્જિદ પાસે આ વિસ્ફોટ થયો હોવાનું કહેવાય છે.

સમાચાર એજન્સી એપીએ અહેવાલ આપ્યો છે કે પ્રાંતીય પોલીસ વડા ઝુલ્ફીકાર હમીદે જણાવ્યું હતું કે હુમલાખોરે વિસ્ફોટકોથી ભરેલું વાહન મસ્જિદમાં અથડાવ્યું હોય તેવું લાગે છે. જોકે, અધિકારીઓ ઘટનાની તપાસ ચાલુ રાખી રહ્યા છે.

સ્થાનિક પોલીસે જણાવ્યું હતું કે ઓછામાં ઓછા બે સશસ્ત્ર બંદૂકધારીએ પોલીસ કમ્પાઉન્ડમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો અને અધિકારીઓ સામે ગોળીબાર કર્યો હતો. જિયો ન્યૂઝે

(જુઓ પાનું ૨) ▶▶

## ડાયરેક્ટ ટેક્સની વસૂલી ૧૩ ટકા વધી

નવી દિલ્હી: કોર્પોરેટ્સ તરફથી વધુ પ્રમાણમાં એડવાન્સ ટેક્સ કલેક્શનને કારણે ચાલુ નાણાકીય વર્ષમાં સરકારનું ચોખ્ખું ટેક્સ કલેક્શન ૧૩ ટકા વધીને ૧૨.૧૨ લાખ કરોડ રૂપિયાથી વધુ થયુ છે, એમ સીબીડીટી દ્વારા શુક્રવારે જાહેર કરાયેલા આંકડા દર્શાવે છે.

એડવાન્સ ટેક્સ કલેક્શન ૧૬.૧૮ ટકા વધીને લગભગ ૫.૨૨ લાખ કરોડ રૂપિયા થયું છે. આમાં કોર્પોરેટ્સ દ્વારા એડવાન્સ ટેક્સ ચુકવણીમાં ૧૮ ટકાનો વધારો, ૪.૧૬ લાખ કરોડથી વધુનો અને નોન-કોર્પોરેટ એડવાન્સ ટેક્સમાં ૯.૨૪ ટકાનો વધારો એટલે કે ૧.૦૬ લાખ કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ (સીબીડીટી) ના ડેટા મુજબ, ૧૭ સપ્ટેમ્બર સુધીમાં રિફંડ ઇશ્યૂ ૨૯.૧૯ ટકા વધીને ૨.૨૦ લાખ કરોડ રૂપિયાથી વધુ થયું છે.

કુલ પ્રત્યક્ષ કર વસૂલાતમાં ૧૫ ટકાનો વધારો થયો છે, જે કુલ ૧૪.૩૨ લાખ કરોડ રૂપિયાથી વધુ છે. (એજન્સી) ■

## ૯૬ વર્ષે વૉરન બફે રિટાયર, દીકરાને કમાન સોંપી દીધી

ઓમાહા (અમેરિકા): ૫૦ વર્ષથી વધુ સમય સુધી સેવા આપ્યા બાદ વૉરન બફે બર્કશાયર હેથવેના ચેરમેન પદેથી રાજીનામું આપી રહ્યા છે. ૯૬ વર્ષીય બફે ચેરમેન એમેરિટસ બનશે અને તાત્કાલિક તેમની નવી ભૂમિકા સંભાળશે, એમ કંપનીએ શુક્રવારે જણાવ્યું હતું. તેમના પુત્ર, હોવર્ડ, બર્કશાયર હેથવેના નવા ચેરમેન બનશે. હોવર્ડ બફેટ ૧૯૯૩ થી બર્કશાયર હેથવે બોર્ડમાં છે.

વૉરેન બફેટ ડિરેક્ટર રહેશે. તેઓ ૧૯૭૦થી બર્કશાયર હેથવેના ચેરમેન તરીકે સેવા આપી રહ્યા છે. બફેટે ગયા વર્ષના અંતમાં કંપનીના સીઈઓ પદેથી રાજીનામું આપ્યું હતું. તેમના અનુગામી ગ્રેગ એબેલ બન્યા હતાં. બફેટે શેરધારકોને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, હું ૧૯૬૫થી બર્કશાયરમાં સેવા આપી રહ્યો છું. સાઠ વર્ષથી વધુ ઉંમર પછી પણ મારી પાસે દુનિયામાં શ્રેષ્ઠ કામ છે. મારી ઉંમરના ઘણા લોકો આ વાત કહી શકતા નથી, અને મને આગળ શું થશે તે વિશે ક્યારેય મને આટલું સારું લાગ્યું નથી. (એજન્સી) ■

## ભારતમાં ધર્મની સમજ પશ્ચિમ કરતા વેગળી: ભાગવત

ઉજ્જૈન: ભારતના ધર્મની વિભાવના અંગેની સમજણ પશ્ચિમના રિલિજન કરતા અલગ છે, એમ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે શુક્રવારે કહ્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે દેશે કદી વિવિધ ધર્મો વચ્ચે ભેદભાવ કર્યો નથી અને આ તેની બિનસાંપ્રદાયિકતાની સમજણ છે.

તેમણે અહીં ભરાયેલી 'યુવા ધર્મ સંસદ'માં હાજર રહેલા જેન ઝીના ૧,૭૦૦ સહભાગીઓને સંબોધન કરતા કહ્યું હતું કે મને એ વાતનો આનંદ થાય છે કે જ્યારે ધર્મ એ વૃદ્ધોનો મુદ્દો બની ગયો છે ત્યારે યુવાનો ધર્મની ચર્ચા કરે છે. આ જોઈને મને આનંદ થાય છે. ભાગવતે કહ્યું હતું કે ધર્મ શબ્દ 'ધૃ' ધાતુમાંથી આવ્યો છે જેનો અર્થ થાય છે કે ધારણ કરવું, જ્યારે રિલિજન શબ્દ લેટીન છે અને એ રિલિજ્યો શબ્દમાંથી આવ્યો છે જેનો અર્થ થાય છે કે શિસ્તમાં રાખવું. આથી રિલિજન તમને બાંધે છે અને ધર્મ તમને મુક્ત અને મોક્ષ અપાવે છે. ધર્મ અને રિલિજન સમાનાર્થી નથી

નીટના પેપર ફૂટવાથી જેન ઝીએ દિલ્હીના જંતર મંતરમાં મોટું વિરોધ પ્રદર્શન કર્યું હતું અને આને પગલે શિક્ષણપ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવું પડ્યું હતું. આને પગલે સંઘે યુવાનો સુધી પહોંચવાના પ્રયાસો વેગવંતા બનાવ્યા છે.

ભાગવતે વધુમાં કહ્યું હતું કે પશ્ચિમના શાસકો અને ધાર્મિક સત્તા વચ્ચેના અથડામણથી ધર્મનિરપેક્ષ ઉદભવ્યો છે અને આથી ભારતીય સંદર્ભ સાથે મેળ બેસતો નથી. આપણો દેશ એકમેક સાથે વણાયેલો છે અને કદી લોકો વચ્ચે

(જુઓ પાનું ૨) ▶▶

## મોદી અને યુએઈના પ્રમુખ વચ્ચે ફોન પર મંત્રણા થઈ

નવી દિલ્હી: સંયુક્ત આરબ અમિરાત (યુએઇ)ના પ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નહયાને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ફોન કર્યો હતો અને બન્ને નેતાએ પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ તેમ જ બે દેશની વ્યૂહાત્મક ભાગીદારી કઈ રીતે મજબૂત બનાવવા અંગે ચર્ચા કરી હતી.

બન્ને નેતાઓએ પ્રાદેશિક શાંતિ, સુરક્ષા અને સ્થિરતા ઊભી કરવા માટે સહકાર અને સંકલન ચાલુ રાખવાની તેમની પ્રતિબદ્ધતા દોહરાવી હતી.

મોદીએ એક્સ પર મૂકેલી પોસ્ટમાં લખ્યું હતું કે મારા ભાઈનો આભાર. યુએઈના પ્રમુખ હીઝ હાઈનેસ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નહયાને મને ફોન કરીને મારી વર્ષગાંઠની શુભેચ્છા આપી હતી. અમે બે દેશની વ્યૂહાત્મક ભાગીદારી કઈ રીતે મજબૂત બનાવવા અને પ્રાદેશિક શાંતિ, સુરક્ષા અને સ્થિરતા ઊભી કરવા માટે સહકાર અને સંકલન ચાલુ રાખવા અંગે ચર્ચા કરી હતી.

મોદી ગુરુવારે ૭૬ વર્ષના થયા હતા. (એજન્સી)■

## પાસપોર્ટ મોંઘા થયા, સગીરો માટેના નિયમોમાં પણ ફેરફાર

નવી દિલ્હી: ભારતના વિદેશ મંત્રાલયે બાળકોના પાસપોર્ટ માટેના નિયમોમાં ફેરફાર કર્યા છે. જે અંતર્ગત ૧૫ વર્ષથી ઓછી વયના બાળકો માટેનો ૩૬ પાનાનો સાધારણ પાસપોર્ટ જારી થયાની તારીખથી ૧૮ વર્ષના થાય ત્યાં સુધી અથવા પાંચ વર્ષ સુધી માન્ય રહેશે.

પહેલા પાસપોર્ટ માન્યતાની વય ૧૫ વર્ષ હતી. હવે જો કોઇ બાળક પાંચ વર્ષ પૂરા થતાં પહેલા ૧૮ વર્ષનું થઇ જાય છે તો પાસપોર્ટની માન્યતા તે સમયે સમાપ્ત થઇ જશે. એટલે કે પાંચ વર્ષ અથવા ૧૮ વર્ષ જે પણ પહેલા આવે તે માન્યતાની અંતિમ મર્યાદા રહેશે.

આ દરમિયાન પાસપોર્ટ અરજીની સુધારેલી ફી ૧ જુલાઇ,૨૦૨૬થી અમલમાં આવી છે. જેમાં નવી અરજીઓ, રી-ઇશ્યૂ અને તત્કાલ સેવાઓનો સમાવેશ થાય છે. પાસપોર્ટના નિયમોમાં કરવામાં આવેલા ફેરફારમાં બાળકોના પાસપોર્ટની માન્યતામાં ફેરફાર કરવામાં આવ્યો છે તેમજ બાળકો અને વરિષ્ઠ નાગરિકોને છૂટછાટો આપવામાં આવી છે.

હવે ૩૬ પેજનો સ્ટાન્ડર્ડ પાસપોર્ટ માટે ૧૫૦૦ને બદલે ૨૫૦૦ રૂપિયા ચૂકવવા પડશે. ૬૦ પેજનો જમ્બો પાસપોર્ટ માટે ૨૦૦૦ને બદલે ૩૫૦૦ રૂપિયાની ફી ચૂકવવી લાગશે. તત્કાલમાં ૩૬ પેજના પાસપોર્ટ માટે હવે અગાઉ ૩૫૦૦ને બદલે ૫૦૦૦ રૂપિયા અને ૬૦ પેજના તત્કાલ પાસપોર્ટ માટે અગાઉના ૪૦૦૦ના બદલે હવે ૬૦૦૦ રૂપિયા ભરવા પડશે. ■

## કચ્છમાં ગત વર્ષની તુલનાએ ડેમોમાં પાણીના સંગ્રહમાં ૭૦ ટકાથી વધુની ઘટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભાદરવાના આરંભે વરસેલા સાર્વત્રિક વરસાદથી કચ્છની તરસ છિપાઈ છે અને ધરતીપુત્રોને તાત્કાલિક રાહત મળી છે, પરંતુ જિલ્લાના મોટાં જળાશયોમાં પાણીના સંગ્રહની વાસ્તવિક સ્થિતિ હજુ પણ ગંભીર પડકાર સમાન બની રહી છે. સત્તાવાર આંકડા દર્શાવે છે કે તાજેતરની મેઘમહેર છતાં કચ્છનાં જળાશયોમાં ગત વર્ષની સરખામણીએ જળસંગ્રહમાં ૭૦ ટકાથી વધુની ખાધ વર્તાઈ રહી છે.

છેલ્લાં બે દિવસના વરસાદના પગલે ગુજરાતનાં જળાશયોમાં કુલ ૬૦૩ મિલિયન ક્યુબિક મીટર નવાં નીરની આવક નોંધાઈ હતી. જોકે, તેની તુલનામાં સરહદી કચ્છના ડેમોમાં પાણીની આવક અત્યંત મર્યાદિત રહી છે. ૧૬ સપ્ટેમ્બરના સત્તાવાર અહેવાલ મુજબ, કચ્છનાં જળાશયોમાં હાલ માત્ર ૮૧.૦૯ મિલિયન ક્યુબિક મીટર પાણીનો જીવંત સંગ્રહ ઉપલબ્ધ છે, જે ગત વર્ષે આ જ સમયગાળા દરમિયાન ૨૭૭.૨૨ મિલિયન ક્યુબિક મીટર નોંધાયો હતો. આમ, ગયા વર્ષના આંકડા સામે ચાલુ વર્ષે જળસંગ્રહમાં સીધો ૭૦.૭૫ ટકાનો જંગી ઘટાડો સ્પષ્ટ દેખાઈ રહ્યો છે.

તાજેતરમાં થયેલી મેઘવૃષ્ટિના પરિણામે સ્થાનિક ચેકડેમો, ગ્રામીણ તળાવો અને નદી-નાળાંઓમાં પૂરતાં નીર આવતાં સીમાડાઓને સંજીવની મળી છે. તેમ છતાં, પીવાના પાણી અને સિંચાઈની લાંબાગાળાની સુરક્ષા માટે મોટાં જળાશયો છલકાય તેટલો વધુ વરસાદ અત્યંત અનિવાર્ય બન્યો છે. કચ્છ જેવા સૂકા અને સરહદી પ્રદેશ માટે વરસાદનો એક-એક ઇંચ પાણી માત્ર આંકડાકીય વિગત નથી, પરંતુ આગામી આખા વર્ષના ઘાસચારા, પશુપાલન અને ખેતીવાડીના અસ્તિત્વ સાથે સીધો જોડાયેલો જીવનમરણનો પ્રશ્ન છે.

સ્ટેટ ઈમરર્જન્સી ઓપરેશન સેન્ટર મુજબ, કચ્છમાં સિઝનનો સરેરાશ ૫૭.૧૬ ટકા વરસાદ વરસ્યો છે. અબડાસામાં ૩૭.૮૯ ટકા, અંજારમાં ૫૩.૩૦ ટકા, ભચાઉમાં ૬૩.૮૪ ટકા, ભુજમાં ૫૭.૪૪ ટકા, ગાંધીધામમાં ૬૩.૭૭ ટકા, લખપતમાં ૪૭.૭૩ ટકા, માંડવી (કચ્છ)માં ૬૧.૦૮ ટકા, મુન્દ્રામાં ૫૧.૮૨ ટકા, નખત્રાણામાં ૪૭.૧૩ ટકા અને રાપરમાં ૮૨.૬૨ ટકા વરસાદ પડ્યો છે. ■

## ભાવનગરમાં કોમ્બિંગ દરમિયાન પોલીસ પર કાર ચઢાવી મારી નાખવાનો પ્રયાસ: બે આરોપી ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ બનાવવા તેમજ અસામાજિક તત્ત્વો પર લગામ કસવાના હેતુથી જિલ્લા પોલીસ વડાની ખાસ સૂચના આધારિત યોજાયેલી કોમ્બિંગ નાઈટ દરમિયાન એક સનસનાટીભરી ઘટના બની હતી.

કુંભારવાડાના માઢિયા રોડ પર વાહન ચેકિંગની કામગીરી દરમિયાન પૂરપાટ ઝડપે કાર લઈને ભાગેલા શખ્સોનો પીછો કરનાર બોરતળાવ પોલીસ મથકના બે પોલીસ કર્મચારીઓ પર કાર ચઢાવી મારી નાખવાનો જીવલેણ પ્રયાસ કરવામાં આવ્યો હતો. પોલીસે સમયસૂચકતા વાપરીને નાસી છૂટેલા બંને આરોપીઓને સ્થળ પરથી જ દબોચી લઈ ગુનો દાખલ કર્યો હતો.

બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર ગત રાત્રિના સુમારે એસ.પી.ની ખાસ સૂચનાથી ભાવનગર શહેરભરમાં પોલીસ દ્વારા સઘન કોમ્બિંગ નાઈટ રાઉન્ડનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ દરમિયાન બોરતળાવ પોલીસ મથકનો સ્ટાફ કુંભારવાડા વિસ્તારમાં પેટ્રોલિંગ અને ચેકિંગમાં હતો. કુંભારવાડાના મોતીતળાવ રોડ તરફથી આવી રહેલી એક શંકાસ્પદ સફેદ રંગની કારને પોલીસે રોકવાનો ઈશારો કર્યો હતો.

પરંતુ, કારચાલકે ગાડી ઊભી રાખવાને બદલે પૂરપાટ ઝડપે આગળ હંકારી મૂકી હતી.

પોલીસ ટીમમાં સામેલ પોલીસ કોન્સ્ટેબલ જયદીપસિંહ ટેમુભા અને હારિતસિંહ શત્રુઘ્નસિંહે ત્વરિત કારનો પીછો કરવાનું શરૂ કર્યું હતું. કાર કુંભારવાડા, માઢિયા રોડ પર આવેલી શેરી નંબર ૧૯ના નાકે પહોંચતા જ આરોપીઓએ પોલીસ કર્મચારીઓ પર કાર ચઢાવી દઈ તેમને કચડી નાંખવાનો નાપાક પ્રયાસ કર્યો હતો. આટલેથી ન અટકતા, કારચાલકે ગાડી રિવર્સમાં લીધી હતી અને ''હું ભાગું છું, તો પણ મારો પીછો કરો છો? આજે તો તમને પૂરા કરી નાખવા છે'' તેમ મોટેથી બૂમો પાડી ફરીથી પોલીસ કર્મચારીઓને મારી નાંખવાના ઈરાદે કાર ચઢાવવાની નાકામ કોશિશ કરી હતી.

ઘટના બાદ બંને શખ્સો વાહન મૂકીને ભાગવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે જ સજાગ બનેલી પોલીસે તાત્કાલિક દોડી જઈને બંનેને ઘેરી લીધા હતા. ઝબ્બે કરાયેલા આરોપીઓની પૂછપરછમાં તેમની ઓળખ રાકેશ ઉર્ફે ભાલી ગગજીભાઈ મકવાણા (રહે. ખાર વિસ્તાર, મહમદી મસ્જિદ પાસે, કુંભારવાડા) અને રાકેશ ઉર્ફે કુંભાર રાજુભાઈ સરવૈયા (રહે. માઢિયા રોડ, શેરી નં.૧, આંબેડકરનગર-૧, કુંભારવાડા) તરીકે થઈ હતી. પોલીસે બંને આરોપીઓની અટકાયત કરી લોકઅપ હવાલે કર્યા હતા.

આ સમગ્ર હુમલા અને સરકારી કર્મચારી પર જાનલેવા પ્રયાસ અંગે પો.કો. જયદીપસિંહ ટેમુભાની ફરિયાદના આધારે બોરતળાવ પોલીસ મથકમાં આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ ચલાવી છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અમેરિકાની નાગાઈ: અમે કરીએ એ લીલા ને ભારત-ચીન કરે એ છિનાળું

**ભારત** સહિતના રશિયા અને ઈરાન પાસેથી જંગી પ્રમાણમાં ક્રૂડ ઑઇલ અને નેચરલ ગૅસ ખરીદનારા દેશોમાંથી આવતા માલ પર અમેરિકા ૧૦૦ ટકા ટૅરિફ લાદવાની તૈયારીમાં છે. આ અંગેનો ખરડો લિન્ડસે ઓ ગ્રેહામ સેન્ક્શનિંગ રશિયા ઍન્ડ ઈરાન ઍક્ટ ઑફ ૨૦૨૬ અમેરિકાની સંસદનાં બંને ગૃહોમાં પસાર થઈ ગયો છે અને ડોનલ્ડ ટ્રમ્પની સહી થતાં જ કાયદો બની જશે. ટ્રમ્પ અમેરિકાના સમય પ્રમાણે શુક્રવારે આ બિલ પર સહી કરશે એવી અટકળો છે એ જોતાં આ વાંચતા હશો ત્યારે આ ખરડો કાયદો બની ગયો હોય એવું પણ બને. તેનો અમલ ક્યારથી થશે તેનો ફોડ અમેરિકાએ પાડ્યો નથી, પણ ટ્રમ્પની મુનસફી પ્રમાણે અમલ થશે એ જોતાં ટ્રમ્પની સહી સાથે જ ભારત સહિતના દેશો પર તલવાર લટકવા માંડશે એ નક્કી છે.

આ તલવાર ક્યારે પડશે એ નક્કી નથી, પણ અમેરિકાનો આ કાયદો અમેરિકાના બેવડાં ધોરણોનો વધુ એક નાદાર નમૂનો છે. ભારત, ચીન સહિતના દેશોને રશિયા સાથે આર્થિક વ્યવહાર નહીં કરવાની સૂફિયાણી સલાહ આપતું અમેરિકા પોતે રશિયા સાથેના આર્થિક વ્યવહારો સંપૂર્ણ રીતે કાપી નાખવા તૈયાર નથી. ભારત, ચીન સહિતના દેશો રશિયા સાથે વ્યાપાર કરે તો અમેરિકાના પેટમાં ચૂંક ઊપડે છે, પણ અમેરિકા પોતે રશિયા સાથેના વ્યવહાર સંપૂર્ણપણે બંધ કરવા તૈયાર નથી કેમ કે તેમાં તેને નુકસાન છે.

અમેરિકાએ ભારતને પોતાના ઇશારે નચાવવા માટે બનાવેલા લિન્ડસે ઓ ગ્રેહામ સેન્ક્શનિંગ રશિયા ઍન્ડ ઈરાન ઍક્ટ ઑફ ૨૦૨૬ નામના આ નવા કાયદામાં પણ રશિયા અને અમેરિકા વચ્ચેના લો-એનરિચ્ડ યુરેનિયમનો વ્યાપાર ચાલુ રાખવાની જોગવાઈ છે જ. આ જોગવાઈ અમેરિકા કઈ હદે બેશરમ છે તેનો પણ નાદાર નમૂનો છે. અમે કરીએ એ લીલા ને બીજા કરે એ છિનાળું એવી અમેરિકન માનસિકતાનો વધુ એક પુરાવો છે.

લિન્ડસે ઓ ગ્રેહામ સેન્ક્શનિંગ રશિયા ઍન્ડ ઈરાન ઍક્ટ ઑફ ૨૦૨૬માં એવી જોગવાઈ છે કે અમેરિકાને જરૂર પડે તો રશિયા પાસેથી લો-એનરિચ્ડ યુરેનિયમ ખરીદી શકે છે. અમેરિકાએ લુચ્ચાઈ કરીને જરૂર પડે તો શબ્દ વાપર્યા છે કે જેથી આખી દુનિયાને બેવકૂફ બનાવી શકાય, પણ વાસ્તવમાં અમેરિકા રશિયા પાસેથી લો-એનરિચ્ડ યુરેનિયમ ખરીદે જ છે. અમેરિકાએ ૨૦૨૪માં પણ આવી લુચ્ચાઈ કરેલી ને ફરી એ જ રંગ બતાવ્યો છે.

રશિયા-યુક્રેન યુદ્ધ ચરમસીમા પર હતું ત્યારે ૨૦૨૪માં યુરોપિયન દેશો યુક્રેનની વહારે ધાવા માટે ઊંચાનીચા થયા કરતા હતા. અમેરિકાએ તેમને ટાઢા પાડવા માટે પ્રોહિબિટિંગ રશિયન યુરેનિયમ ઇમ્પોર્ટ ઍક્ટ બનાવી નાખેલો. આ કાયદા દ્વારા અમેરિકામાં લો-એનરિચ્ડ એટલે કે ઓછા સમૃદ્ધ યુરેનિયમની આયાત પર પ્રતિબંધ મુકાયેલો. તેમાં પણ છટકબારી રખાયેલી કે યુએસ પરમાણુ રિએક્ટર અથવા પરમાણુ કંપનીને ટકાવી રાખવા માટે બીજો કોઈ વ્યવહારુ વિકલ્પ ઉપલબ્ધ ન હોય એ સંજોગોમાં કે પછી રાષ્ટ્રીય હિતમાં આયાત જરૂરી લાગે ત્યારે અમેરિકન એનર્જી સેક્રેટરી વિદેશ અને કૉમર્સ વિભાગ સાથે ચર્ચા કરીને રશિયાથી યુરેનિયમની આયાત કરાવી શકે છે.

આ છટકબારીનો લાભ લઈને અમેરિકા હજુ રશિયા પાસેથી યુરેનિયમ ખરીદે છે ને નવા કાયદામાં પણ એ છટકબારી રાખી જ છે કે જેથી અમેરિકાનાં હિતોને જરાય વાંધો ના આવે. ૨૦૨૪ના કાયદા હેઠળ ૧ જાન્યુઆરી, ૨૦૨૮ સુધી છૂટ મળેલી છે ને ૨૦૨૮ આવશે ત્યારે ફરી છૂટ આપી દેવાશે. લિન્ડસે ઓ ગ્રેહામ સેન્ક્શનિંગ રશિયા ઍન્ડ ઈરાન ઍક્ટ ઑફ ૨૦૨૬ હેઠળ ટ્રમ્પને રશિયાથી અમેરિકામાં આવતા રશિયન સામાન પર ૫૦૦ ટકા સુધી ટૅરિફ લગાવવાની સત્તા પણ મળી છે, પણ એ સત્તાનો ઉપયોગ રશિયાથી આવતા યુરેનિયમ સામે નહીં થાય.

અમેરિકાના દાંત ચાવવાના અને બતાવવાના જુદા જુદા છે, કેમ કે અમેરિકાને રશિયાના યુરેનિયમ વિના ચાલે એમ જ નથી. અમેરિકામાં વીજળી પેદા કરતાં પરમાણુ ઊર્જા મથકો અને બીજે ઠેકાણે પણ ઉપયોગમાં લેવાતા સમૃદ્ધ યુરેનિયમના લગભગ ૨૫ ટકા યુરેનિયમ રશિયાથી આવે છે. અમેરિકાએ રશિયા પરની નિર્ભરતા ઓછી કરવાની ડંફાશો બહુ મારી પણ એ નિર્ભરતા ઘટતી નથી, કેમ કે દુનિયાના કોઈ દેશ પાસે રશિયા જેટલું યુરેનિયમ પણ નથી ને તેને શુદ્ધ કરવાની ક્ષમતા પણ નથી એટલે જખ મારીને રશિયા પાસેથી યુરેનિયમ લેવું પડે છે.

અમેરિકાની લુચ્ચાઈ પાછી એ છે કે રશિયા પાસેથી પોતે કેટલું યુરેનિયમ ખરીદ્યું તેના આંકડા બહાર પાડતું નથી. રશિયાને તો પોતાને ફાયદો છે એટલે એ પણ આંકડા આપતું નથી તેથી રશિયા અને અમેરિકાની મિલિભગતથી બંનેનો ધંધો ધમધોકાર ચાલે છે. અમેરિકાની લુચ્ચાઈ એ પણ છે કે પોતે રશિયા પાસેથી યુરેનિયમ ખરીદીને આર્થિક મદદ કરે છે એ વિશે એક હરફ ઉચ્ચારતું નથી. અમેરિકાનું કહેવું છે કે ભારત સહિતના દેશો રશિયા પાસેથી ક્રૂડ ઑઇલ અને નૅચરલ ગૅસ ખરીદીને રશિયાના અર્થતંત્રને મજબૂત બનાવી રહ્યા છે. ભારત, ચીન સહિતના દેશો રશિયાને જે કમાણી કરાવી રહ્યા છે એ યુક્રેન સામેના યુદ્ધમાં વપરાય છે.

અમેરિકાનું કહેવું છે કે રશિયા યુક્રેનમાં તબાહી વેરી રહ્યું છે તેના માટે આડકતરી રીતે ભારત, ચીન સહિતના રશિયા સાથે આર્થિક સંબંધો રાખનારા દેશો જવાબદાર છે. સવાલ એ છે કે ભારત-ચીન સહિતના દેશો રશિયાને યુદ્ધ માટે રકમ પૂરી પાડે છે તો અમેરિકા યુરેનિયમ ખરીદીને ધર્માદા કરી રહ્યું છે? અમેરિકાથી આવતાં નાણાં રશિયા દરિયામાં નાખી દે છે? યુક્રેન સામેના યુદ્ધમાં નથી વાપરતું?

અમેરિકાનો આ અસલી ચહેરો છે ને આપણે આ ચહેરાને ઓળખવાની જરૂર છે. અમેરિકા કોઈનું સગું નથી ને પોતાના સ્વાર્થ સિવાય તેને કશાની પડી નથી. આપણે અહીં ટ્રમ્પ માય ડિયર ફ્રેન્ડ કહે તેમાં તો ગોળ ગોળ થઈ જઈએ છીએ, પણ ટ્રમ્પ આ બધાં નાટકો પોતાના ફાયદા માટે જ કરે છે એ ભારતે સમજવાની જરૂર છે. ને માત્ર સમજવાથી નહીં ચાલે, પણ ચીનની જેમ જરૂર પડે ત્યારે અમેરિકાને હડધૂત કરતાં પણ શીખવું પડે. અમેરિકા પોતાનાં જ હિતોની ચિંતા કરે છે એ રીતે ભારતે પણ માત્ર ને માત્ર પોતાનાં હિતોની જ ચિંતા કરવાનો અભિગમ અપનાવવો પડે.

અત્યારે આપણી વિદેશ નીતિ અમેરિકાના પગોમાં આળોટી જવાની છે. અમેરિકાને રાજી રાખવા આપણે રશિયા ને ઈરાન સાથેના સંબંધો બગાડીને બેસી ગયા, પણ તેમાં કાંઈ કાંદા કાઢ્યા નથી કેમ કે પોતાનાં હિતો સાચવવા માટે અમેરિકા આપણને ઠમકોરવામાં કોઈ કસર છોડતું નથી. ભારતે પણ એવા જ થવું પડે. આપણે દુનિયામાં સૌથી વધારે વસ્તી ધરાવતો દેશ છીએ તેનો અહેસાસ અમેરિકાને કરાવવો પડે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

**દક્ષિણાયન - સૌરશરદઋતુ, શનિવાર, તા. ૧૯-૯-૨૦૨૬, દુર્ગાષ્ટમી, રાધા અષ્ટમી, ધરો આઠમ, જયેષ્ઠા ગૌરી વિસર્જન.**

- ભારતીય દિનાંક ૨૮, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ભાદ્રપદ સુદ-૮
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૮
- પારસી શહેનશાહી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૭મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૮મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- નક્ષત્ર મૂળ મધ્યરાત્રે ક. ૨૫-૪૩ સુધી, પછી પૂર્વાષાઢા
- ચંદ્ર ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૮, સ્ટા. ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૮, સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

- ભરતી : સાંજે ક. ૧૬-૧૨,
- ઓટઃ સવારે ક. ૧૧-૧૬, રાત્રે ક. ૨૩-૧૭
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - અષ્ઠમી. દુર્ગાષ્ટમી, રાધા અષ્ટમી, ધરો આઠમ, દધીચિ જયંતી, જયેષ્ઠા ગૌરી વિસર્જન.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ
- મુહૂર્ત વિશેષઃ શનિ-કેતુ ગ્રહદેવતાનું પૂજન, શિવપાર્વતી પૂજા, રુદ્રાભિષેક, દુર્ગામાતા, અંબામાતાનું પૂજન, સપ્તસતી પાઠ વાંચન, હવન, આજે શ્રી રાધારાણીનો જન્મોત્સવ છે. ભાદ્રપદ મહિનાની શુક્લ પક્ષની આઠમ તિથિ અત્યંત ધામધૂમથી ઉજવવામાં આવેછે. વૈષ્ણવ પરંપરા અને કૃષ્ણભક્તિમાં રાધાષ્ટમીનું પર્વ જન્માષ્ટમી જેટલું જસર્વોચ્ચ માનવામાં આવે છે. શ્રી કૃષ્ણની કૃપા મેળવવા માટે શ્રી રાધારાણીની આરાધના અનિવાર્ય ગણાય છે.
- શ્રી ગણેશ મહિમાઃ શ્રી ગણેશને નક્ષત્રોના સ્વામી કહ્યા છે તમામ ગણોના અધિપતિ હોવાથી વિઘ્નો હરી મંગલકાર્યોમાં લાભ કરાવે છે માટે તેમને મંગલમૂર્તિ પણ કહે છે. આમ દરેક શુભ કાર્યોમાં ભગવાન શ્રી ગણેશજીની પૂજા થાય છે. તેમની પત્ની રિદ્ધિ અને સિદ્ધિ સમૃદ્ધિની દેવી છે. શ્રી ગણેશ સનાતન હિન્દુ ધર્મસંસ્કૃતિમાં રોજિંદા જીવનમાં મુખ્ય આગવું સ્થાન ધરાવે છે. શ્રી ગણેશને ધરો પ્રિય છે. ધરો આઠમ અથવા દુર્વાષ્ટમી એ ભાદરવા મહિનાની સુદ આઠમે ઉજવવામાં આવે છે જે અત્યંત પવિત્ર અને લોકપ્રિય વ્રત છે. સ્ત્રીઓ પોતાના સંતાનોના દીર્ઘાયુ આરોગ્ય અને કુટુંબની સુખસમૃદ્ધિ માટે ઉજવે છે. ધરો એટલે દુર્વા, જે સર્વત્ર પ્રાપ્ત થાય છે અને સતત ફેલાતું રહે છે. ધરોને અમરત્વ અને વંશવૃદ્ધિનું પ્રતીક માનવામાં આવે છે. આજના દિવસે ભગવતી અંબા, પાર્વતીજી અને ભગવાન શ્રી ગણેશ સાથે ધરોનું પૂજન કરવાથી વંશની વૃદ્ધિ થાય છે અને સંતાનો પર આવતા વિઘ્ન દૂર થાય છે. આજના દિવસે પૂજા ઘરમાં ધરો લાવીને મૂકવી અને કંકુ, ચોખા, ફૂલ, અબીલગુલાલ ચઢાવી પૂજા કરવી.
- આચમનઃ ચંદ્ર-નેપ્ચ્યૂન ચતુષ્કોણ અનીતિમાન.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચ્યૂન ચતુષ્કોણ. ચંદ્ર વિષુવવૃત્તથી મહત્તમ દક્ષિણે ૨૮ અંશ ૪ કળાના અંતરે રહે છે. ચંદ્ર પૃથ્વીથી અત્યંત દૂર રહે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય- કન્યા, મંગળ-કર્ક, માર્ગી બુધ-કન્યા, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

## પહેલા પાનાનું ચાલુ

### પાકિસ્તાનમાં મસ્જિદ

અધિકારીઓને ટાંકીને જણાવ્યું હતું કે વિસ્ફોટ શુક્રવારની નમાજ દરમિયાન થયો હતો અને મસ્જિદની બહાર એક ખાડો પડી ગયો હતો. ઘાયલોમાં પોલીસ કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે.

ઘાયલ અને મૃતકોને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે નજીકની દુકાનો અને ઘરોને ભારે નુકસાન થયું હતું.

સોશ્યલ મીડિયા પર શેર કરાયેલા વીડિયોમાં મસ્જિદની છત ધરાશાયી થઈ ગઈ હોવાનું જોવા મળ્યું હતું.

બચાવકર્તાઓ અને સ્થાનિક રહેવાસીઓ ઘાયલોને કાટમાળમાંથી બહાર કાઢતા અને એમ્બ્યુલન્સમાં લઈ જતા જોવા મળ્યા હતા.

પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે હુમલાની નિંદા કરી હતી અને તેમના કાર્યાલયના એક નિવેદન મુજબ અસરગ્રસ્તો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે અધિકારીઓને બચાવ પ્રયાસો ઝડપી બનાવવા, ઘાયલોની સારવાર સુનિશ્ચિત કરવા અને ઘટનાથી પ્રભાવિત લોકોને ટેકો આપવા આદેશ આપ્યો હતો.

પાકિસ્તાનના ગૃહ મંત્રાલયે પણ જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો હતો પરંતુ મૃત્યુઆંક જાહેર કર્યો ન હતો.

પ્રમુખ આસિફ અલી ઝરદારીએ હુમલાની નિંદા કરી હતી અને કહ્યું હતું કે વિદેશી પ્રાયોજિત આતંકવાદીઓનો સંપૂર્ણ નાશ રાષ્ટ્રીય સુરક્ષા માટે જરૂરી છે.

હજી સુધી કોઈ જૂથે બોમ્બ વિસ્ફોટની જવાબદારી સ્વીકારી નથી. જોકે, અહેવાલો મુજબ, પાકિસ્તાની તાલિબાન, જેને સત્તાવાર રીતે તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન અથવા ટીટીપી તરીકે ઓળખવામાં આવે છે, તે શંકાના દાયરામાં આવે તેવી શક્યતા છે.

### ભારતમાં ધર્મની

ભેદભાવ કરતો નથી. અમારે માટે 'ધર્મનિરપેક્ષ'નો અર્થ આ થાય છે. ભારતે પરંપરાગત રીતે સાધન અને જીવનના ધાર્મિક પાસાને એક સરખા ગણ્યા છે. તેમને નોખા પાડ્યા નથી.

ભાગવતે કહ્યું હતું કે ધર્મને રિલિજનથી અલગ પાડવામાં આવે તો એ સાંપ્રદાયિક બની જશે. ધર્મને તો સત્ય, દયા, શુદ્ધતા ને સ્વશિસ્તનો આધાર છે. આવતા વર્ષે દ્વારકામાં કાર્યક્રમ યોજાશે. (એજન્સી) ■

### મરાઠી ફિલ્મ

લખાયેલી અને નિર્દેશિત આ ફિલ્મ મહારાષ્ટ્રના ગ્રામીણ વિસ્તાર પર આધારિત છે. આ ફિલ્મની કહાની એક નવપરિણીત કપલથી જોડાયેલી પારંપરિક રિવાજ ધરાવતી એક રાતની આસપાસ ફરે છે. સિલેક્શન કમિટીના ચેરમેન પી. શેષાદ્રીએ જણાવ્યું કે ઓસ્કાર ૨૦૨૭ માટે ૩૩ ફિલ્મોની યાદીમાં આ ફિલ્મને પસંદ કરવામાં આવી છે.

ઓસ્કારની ૨૦૨૭ની એન્ટ્રી માટે કુલ ૩૩ ફિલ્મ સબમિટ કરવામાં આવી હતી, જેમાંથી ૧૪ હિન્દીમાં હતી. મરાઠી, તેલુગુ અને ગુજરાતીમાં ચાર ચાર ફિલ્મો હતી. ત્રણ ફિલ્મો તમિલમાં અને એક એક ફિલ્મ મલયાલમ અને નાગામીઝ ભાષામાં હતી, જેમાંથી એક સાયલન્ટ ફિલ્મ પણ સામેલ હતી. જોકે અધિકૃત પ્રવેશ માટે 'ગોંધળ'ને પસંદ કરવામાં આવી હતી.

ફિલ્મ 'ગોંધળ'ને ૫૬માં ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઇન્ડિયા(૨૦૨૫)માં બેસ્ટ ડાયરેક્ટર માટે સિલ્વર પીકોક એવોર્ડ મળ્યો હતો. આ ફિલ્મને ૧૭માં બેંગ્લૂરુ ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ (૨૦૨૬)માં ઋઈઙ્ઘઈજીઈ એવૉર્ડ પણ મળ્યો હતો.

પુણે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૬માં આ ફિલ્મે બેસ્ટ ડાયરેક્ટર અને બેસ્ટ સિનેમેટોગ્રાફર બંને એવૉર્ડ જીત્યા હતા. આ ફિલ્મને ૨૨માં થર્ડ આઈ એશિયન ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૬માં બેસ્ટ ડાયરેક્ટરનો એવૉર્ડ મળ્યો હતો.

મરાઠી ફિલ્મ ગોંધળના ડાયરેક્ટર સંતોષ ડાવખરે છે, જ્યારે તેમની ફિલ્મની વાર્તા પણ લખી છે. ફિલ્મમાં કિશોર કદમ, ઈશિતા દેશમુખ, યોગેશ સોહોની અને નિષાદ ભોઈર મુખ્ય ભૂમિકામાં છે. એના સિવાય સુરેશ વિશ્વકર્મા, અનુજ પ્રભુ, માધવી જુવેકર, ઐશ્વર્યા શિંદે, કૈલાશ વાઘમારે, પૂનમ પાટીલ વગેરેનો સમાવેશ થાય છે. ■

# નિઠારીકાંડના સુરેન્દ્ર કોલીની હત્યા કે આત્મહત્યા?

હરિદ્વાર: નવેમ્બર ૨૦૨૫માં નોએડાના નિઠારી હત્યાકાંડમાં દોષમુક્ત થનારા સુરેન્દ્ર કોલીનો મૃતદેહ શંકાસ્પદ સંજોગોમાં ઉત્તરાખંડના ચાના સ્ટોલમાંથી મળી આવ્યો હતો, એવી માહિતી પોલીસે આપી હતી.

ઉત્તરાખંડના પોલીસ અધિકારી કુંદન સિંહ રાણાએ માહિતી આપી હતી કે કોલીએ થોડા દિવસ પહેલાં ચાનો સ્ટોલ શરૂ કયો હતો. કોલી અલમોડાના મંગરુખલ ગામનો હતો. તે છેલ્લા થોડા મહિનાથી હરિદ્વારમાં રહેતો હતો. તેણે સ્ટોલ ભાડે લેતા પહેલાં સુરક્ષા ચોકિયાત તરીકે કામ કર્યું હતું. રાણાએ વધુમાં માહિતી આપી હતી કે ઘટનાસ્થળેથી કોઈ સુસાઈડ નોટ મળી નથી. કોલીના અલમોડામાં રહેતા કુટુંબને માહિતી આપવામાં આવી છે અને તેના ભેદીસંજોગોના મૃત્યુની તપાસ શરૂ કરાઈ છે.

સુપ્રીમ કોર્ટે નવેમ્બર ૨૦૨૫માં કહ્યું હતું કે કોલીને ૨૦૧૧ના દોષી ઠરાવવાનું ટકે એમ નથી. જ્યારે તેને બાર સમાન કેસમાં સરખા પુરાવા, કબૂલાત અને ખામીભરી તપાસના આધારે નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હોય તો તેને એક કેસમાં દોષી ઠરાવવાનું કઈ રીતે ટકી શકે? જો આ દોષી ઠરાવવાનું ટકી રહે તો એ ન્યાયની હાંસી થશે.

અદાલતે એ સિદ્ધાંત માન્ય રાખ્યો હતો કે કાયદાનો નિયમ બધે સરખો હોવો ઘટે. ૨૦૦૬માંના નોએડાના સેક્ટર ૩૧ના નિઠારી ગામમાં હાડપીંજરો અને માનવ અંગો મળ્યાં હતાં. એક બાળકને ક્રિકેટ રમતી વખતે નિઠારીના બે ઘરની વચ્ચની ગટરમાં માનવ હાથ દેખાયો હતો. ગટર ડિસેમ્બર ૨૦૦૬માં ખોદવામાં આવી તો એમાંથી અનેક ખોપડી, હાંડકા અને બાળકના ફાટેલા કપડા મળ્યા હતા. પોલીસે દાવો કર્યો હતો કે કોલી બિઝનેસમેન મેનિદર સિંહ પંઢરેની કોઠીમાં ઘરનોકર હતો. તે બાળકો અને મહિલાને લલચાવીને તેમની હત્યા કરતો તથા અમુક કેસમાં માનવ માંસ ખાતો હતો. પંઢરે પર સામેલગીરી અને શોષણનો આક્ષેપ મૂકવામાં આવ્યો હતો.

તપાસકારો ડિસેમ્બર ૨૦૨૬માં ઘટનાસ્થળે આવે એ પહેલાં ટોળું ભેગું થયું હતું. મેદાનની નીચેથી અવશેષો બહાર કઢાયા હતા, પરંતુ ટોળાએ પગ વડે તેને કચડી નાખ્યા હતા. ટેરેસ ટેન્કની નીચેથી છરી અને બીજી વસ્તુઓ મળી હતી. ફરિયાદી પક્ષે આને કેસનું કરોડરજ્જું ગણાવ્યું હતું, પરંતુ અદાલતે એને બિનવિશ્વાસપાત્ર ગણાવ્યા હતા. સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઇન્વેસ્ટિગેશને જાન્યુઆરી ૨૦૨૭માં તેના હાથમાં કેસ સીધો હતો. એજન્સીએ કોલીના કબૂલાતનામા પર મદાર રાખ્યો હતો જે તેને અઠવાડિયા સુધી કસ્ટડીમાં રાખ્યા બાદ નોંધવામાં આવ્યું હતું. (એજન્સી) ■

# નેસ્લે સામે ત્રણ શિશુઓ માટેની પ્રોડ્કટને મામલે કાનૂની કાર્યવાહી

નવી દિલ્હીઃ ફૂડ સેફ્ટી ઍન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઑફ ઈન્ડિયા (એફએસએસએઆઇ)એ નવજાત શિશુના ત્રણ પોષક ઉત્પાદનોમાં ખાદ્યપદાર્થ સલામતી નિયમોનું પાલન ન કરવા બદલ નેસ્લે ઈન્ડિયા સામે કાનૂની કાર્યવાહી શરૂ કરી છે, એવી માહિતી આ સંસ્થાએ આપી હતી.

એફએસએસએઆઇના જણાવ્યા પ્રમાણે તેણે એનએએન એક્સેલા પ્રો સ્ટેજ વન, લેક્ટોજેન પ્રો વન અને ફોલો અપ ફોર્મ્યુલાને તેને પ્રમોટ કરતા ઇ-કોમર્સના પ્લેટફોર્મના મટિરિયલને તપાસ્યા હતા. એનએએન એક્સેલા પ્રો સ્ટેજ વનમાં નિયામકે 'ફાઈવ એચએમઓસ' અને 'વે પ્રોટિન' પચવા માટે સુગમ છે એવો દાવો શોધી કાઢ્યો હતો. લેક્ટોજેન પ્રો વનમાં પણ 'વે પ્રોટિન' પચવા માટે સુગમ છે એવો દાવો છે.

એફએસએસએઆઈએ કહ્યું હતું કે અમે આ દાવા અંગે નેસ્લે ઈન્ડિયા પાસેથી ખુલાસો માગ્યો છે.

આ બન્ને પ્રોડક્ટ ફૂડ સેફ્ટી ઍન્ડ સ્ટાન્ડર્ડ (નવજાત શિશુ માટેનો પોષક આહાર) નિયમો-૨૦૨૦નું તેમ જ નવજાત શિશુના દૂધના વિકલ્પો, ફીડિંગ બોટલ અને નવજાત શિશુના ફૂડ ધારા-૧૯૯૨ની ત્રીજી કલમનું ઉલ્લંઘન કરે છે. આ કલમ બાળકોના ઉત્પાદનોની જાહેરાત આપવા પર પ્રતિબંધ મૂકે છે. નમૂનાની ચકાસણીમાં ફોલ અપ ફોર્મ્યુલામાં બાયોટિનની માત્રા યોગ્ય પ્રમાણમાં નહોતી.

એફએમસીજી કંપની નેસ્લે ઇન્ડિયાએ શુક્રવારે જણાવ્યું હતું કે તેના શિશુ પોષણ ઉત્પાદનો બધા લાગુ નિયમોનું સંપૂર્ણપણે પાલન કરે છે અને નાન એક્સેલા પ્રો અને લેક્ટોજેન પ્રોના લેબલોને ફૂડ સેફ્ટી રેગ્યુલેટર એફએસએસએઆઈની નિષ્ણાત સમિતિ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. (એજન્સી) ■

# સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિઓ એનટીએની ઑફિસની મુલાકાત લેશે

## નીટ પેપર ફૂટતા રોકવા સંસ્થાને સક્ષમ બનાવવાની જરૂર એવો અદાલતનો મત

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે નીટ પેપર વારંવાર ફૂટતું અટકાવવા પરીક્ષા લેતી નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ)ને મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકતા અસામાન્ય પગલાં તરીકે એજન્સીની ઑફિસની મુલાકાત લેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

એજન્સી અન્ડરગ્રેજ્યુએટ મેડિકલ કોર્સિસના એડમિશન માટેની નીટ-યુજી પરીક્ષા લે છે. એજન્સીએ અદાલતને કહ્યું હતું કે અમે સિસ્ટમને ખામીરહિત બનાવવા વહીવટીતંત્રથી લઈને માળખા સુધીની યંત્રણામાં મોટો સુધારો કર્યો છે.

જસ્ટિસ નરસિંહાએ કેન્દ્ર વતી દલીલ કરતા સોલિસિટર જનરલ તુષાર મહેતાને કહ્યું હતું કે હું અને જસ્ટિસ અરાધે નવી સુધારેલી એનટીએની ફેસિલિટીની મુલાકાત લઈને એનટીએની પરીક્ષાની પદ્ધતિ જોવા માગીએ છીએ.

બેન્ચે મહેતાને કહ્યું હતું કે પેપર વારંવાર લીક થતા રોકવા માટે એનટીએની સિસ્ટમ સંસ્થાકીય રીતે મજબૂત બનાવવાની જરૂર છે. તત્કાળ હંગામી પગલાં પૂરતા નથી. આખી સિસ્ટમનું કાયમીપણું ચાવી છે. ત્યં કાયમી માળખું, કાયમી કર્મચારી અને કાયમી તંત્ર હોવું જરૂરી છે. ત્યાં હંગામી નિયુક્તિ ઓછી હશે તો જ કાયમી માળખું તૈયાર થશે.

જસ્ટિસ નરસિંહાએ કહ્યું હતું કે જજ એનટીએની દિલ્હીના મિન્ટો રોડની ઑફિસમાં જશે અને જોશે કે સિસ્ટમ કઈ રીતે કામ કરે છે અને તેના માનવબળ અને બીજી વ્યવસ્થાની સમીક્ષા કરશે.

કેન્દ્રે શરૂઆતમાં કહ્યું હતું કે નીટમાં માળખાકીય સુધારા સૂચવવા નંદન નિલેકણીની આગેવાની હેઠળ એક સમિતિની રચના કરાઈ છે . આ સમિતિએ વિચારવિમર્શ કર્યો છે અને તેનો વચગાળાનો પ્રથમ અહેવાલ આ મહિનાના અંતમાં આવશે.

મહેતાએ કહ્યું હતું કે બધાજ હિતધારકોના સૂચનો સમિતિ સમક્ષ મૂકવામાં આવ્યા છે. આ સમિતિએ ઈસરોના ભૂતપૂર્વ ચેરમેન કે. રાધાકૃષ્ણનની આગેવાની હેઠળની સમિતિના સભ્યો સાથે મસલતો કરી છે. બેન્ચે ડિપાર્ટમેન્ટ ઑફ પર્સનલ ઍન્ડ ટ્રેનિંગના સંયુક્ત સચિવને અત્યાર સુધી લેવામાં આવેલા પગલાં અંગે સોગંદનામું નોંધાવાનું કહ્યું હતું. આ ખાતું નિલેકણીની સમિતિને મદદ કરી રહ્યું છે. શિક્ષણ ખાતાએ કહ્યું હતું કે નવી સુધારેલી સિસ્ટમની રચના કરાઈ છે. (એજન્સી) ■

# હવાઇદળને તાલીમ માટેનાં વિમાનો સોંપતી એચએએલ

બેંગલૂરુઃ સરકાર દ્વારા સંચાલિત સંરક્ષણ ક્ષેત્રની મુખ્ય કંપની હિંદુસ્તાન ઍરોનૉટિક્સ લિમિટેડ (એચએએલ)એ તાલીમ માટેના બે બેઠકવાળા હળવા યુદ્ધવિમાન તેજસ અને એચટીટી-૪૦ બૅઝિક ટ્રેનર ઍરક્રાફ્ટ શુક્રવારે ભારતીય હવાઇદળને અહીં સુપરત કર્યા હતા. આ ઉપરાંત, પવન હંસને ધ્રુવ નૅક્સ્ટ-જનરેશન હેલિકૉપ્ટર્સ પણ સોંપાયા હતા. હિંદુસ્તાન ઍરોનૉટિક્સ લિમિટેડના અહીં આવેલા પ્લેટફૉર્મ્સ ખાતે વિમાનો અને હેલિકૉપ્ટર્સ સુપરત કરવા માટે યોજાયેલા કાર્યક્રમમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને મુલકી ઉડ્ડયન ખાતાના પ્રધાન કે. રામમોહન નાયડુ હાજર રહ્યા હતા.

રાજનાથ સિંહ આ પ્રસંગે રખાયેલા ધ્રુવ નૅક્સ્ટ-જનરેશન હેલિકૉપ્ટરમાં બેઠા હતા. આ હેલિકૉપ્ટરની ડિઝાઇન અને ઉત્પાદન હિંદુસ્તાન ઍરોનૉટિક્સ લિમિટેડ દ્વારા જ કરાયું હતું. તે હળવા બે એન્જિન ધરાવે છે અને વિવિધ કામગીરીમાં ઉપયોગી છે.

હિંદુસ્તાન ઍરોનૉટિક્સ લિમિટેડ દ્વારા તૈયાર કરાયેલાં વિમાનો અને હેલિકૉપ્ટર્સ ઉડ્ડયન અને સંરક્ષણ ક્ષેત્રનું ભારતનું સ્વાવલંબન બતાવે છે.

હિંદુસ્તાન ઍરોનૉટિક્સ લિમિટેડે જણાવ્યું હતું કે અમે ભારતીય હવાઇદળને બે હળવા યુદ્ધવિમાન તેજસ અને પવન હંસ લિમિટેડને ચાર ધ્રુવ નૅક્સ્ટ-જનરેશન હેલિકૉપ્ટર સુપરત કર્યા હતા. આ હેલિકૉપ્ટર્સનો ઉપયોગ મુલકી ઉડ્ડયન ક્ષેત્રે કરાશે.

એચટીટી-૪૦ બૅઝિક ટ્રેનર ઍરક્રાફ્ટનું નામ શુક્રવારે 'અંકુર' રખાયું હતું અને તે ભારતીય હવાઇદળને સોંપાયું હતું. આ સાથે ૭૦-ઍરક્રાફ્ટ કૉન્ટ્રેક્ટ હેઠળની ડિલિવરી શરૂ કરાઇ હતી. (એજન્સી) ■

# અમેરિકામાં શીખ ટ્રક ડ્રાઇવર પર હુમલો

વોશિંગ્ટન : અમેરિકામાં દક્ષિણ એશિયા વિરોધી વાણી-વર્તન વધી રહ્યું છે ત્યારે દક્ષિણ વ્યોમિંગમાં એક શીખ ટ્રક ડ્રાઇવર પર રેસ્ટ એરિયાના બાથરૂમમાં અનેક વખત છરાથી હુમલો કરવામાં આવ્યો હતો.

સ્થાનિક મીડિયાએ અહેવાલ આપ્યો છે કે, સિંહ તરીકે ઓળખાતા ટ્રક ડ્રાઈવર પર રવિવારે વહેલી સવારે દક્ષિણ વ્યોમિંગના બિટર ક્રીક રેસ્ટ એરિયામાં છરાથી હુમલો કરવામાં આવ્યો હતો, જ્યાં તે પેન્સિલવેનિયા જતા રોકાયો હતો.

કાઉબોય સ્ટેટ ડેઇલી અનુસાર, સિંહને કેસ્પરના વ્યોમિંગ મેડિકલ સેન્ટરમાં એરલિફ્ટ કરવામાં આવ્યા હતા, જ્યાં તે હુમલામાં થયેલી ઇજાઓમાંથી સ્વસ્થ થઈ રહ્યો છે.

ધ સેક્રામેન્ટો બીએ અહેવાલ આપ્યો છે કે હુમલાખોર, જેની ઓળખ એન્ડ્રુ ક્રિસ બ્ઝડાક તરીકે થઈ છે, તેણે ટ્રક ડ્રાઈવરને તેના હાથ, છાતી અને પાંસળી પર ૧૭ વખત છરાથી ઘા કર્યા હતા.

હાલ બ્ઝડાકની ધરપકડ કરવામાં આવી છે અને ફર્સ્ટ-ડિગ્રી હત્યાના પ્રયાસનો આરોપ મૂકવામાં આવ્યો છે. વ્યોમિંગ કાયદા હેઠળ ફર્સ્ટ-ડિગ્રી હત્યાનો પ્રયાસ એવો ગુનો છે, જેમાં આજીવન કેદની સજાની શક્યતા છે. કોંગ્રેસમેન રાજા કૃષ્ણમૂર્તિએ કહ્યું કે તેઓ શીખ ટ્રક ડ્રાઈવર પરના હુમલાથી આઘાત અનુભવી રહ્યાં છે. ■

# સ્ટેન્સ કેસઃ દારા સિંહની સજા ઘટાડવાનો ઓડિશાનો ઇનકાર

નવી દિલ્હીઃ ઓડિશા સરકારે ગુરુવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે તેણે રવિન્દ્ર પાલ ઉર્ફે દારા સિંહની સજામાં રાહતની માગ કરતી અરજી ફગાવી દીધી છે. દારા સિંહ ૧૯૯૯માં ઓસ્ટ્રેલિયન મિશનરી ગ્રેહામ સ્ટુઅર્ટ સ્ટેન્સ અને તેમના બે સગીર પુત્રોની હત્યાના કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહ્યો છે. જસ્ટિસ મનોજ મિશ્રા અને જસ્ટિસ વિજય બિશ્નોઈની ખંડપીઠે સિંહ તરફથી હાજર રહેલા વકીલને કહ્યું, તમે તેને પડકારવા માટે જે પણ આધાર લેવા માગતા હો તે લઈ શકો છો. તમારી અરજીમાં સુધારો કરો અને પછી દલીલ કરો. ખંડપીઠે નોંધ્યું હતું કે સજા ઘટાડવાની અરજી ફગાવી દેવાના ૩૧ ઓગસ્ટના આદેશની નકલ સિંહના વકીલને પૂરી પાડવામાં આવી છે. ખંડપીઠે કેસની સુનાવણી ત્રણ અઠવાડિયા પછી યોજવાનો નિર્ણય લેતા કહ્યું કે અરજદાર (દારા સિંહ)નું પ્રતિનિધિત્વ કરતા વકીલે યોગ્ય સુધારા અરજી દાખલ કરવા માટે બે અઠવાડિયાનો સમય માગ્યો હતો, જે તેમને આપવામાં આવ્યો છે. ■

# એઆઇના 'અણધાર્યા કે ચિંતાજનક' વર્તનના અહેવાલો

વૉશિંગ્ટનઃ ઑપનએઆઇ દ્વારા આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (એઆઇ)ના 'અણધાર્યા કે ચિંતાજનક' વર્તનના છ અહેવાલ જાહેર કરાયા હતા. એઆઇથી ઊભી થનારી અસલામતી અંગે અનેક નિષ્ણાતો ચિંતા વ્યક્ત કરી રહ્યા છે, એવા સમયે આ અહેવાલો જાહેર કરાયા હતા. એઆઇની આ કંપનીએ બુધવારે જણાવ્યું હતું કે અમે એઆઇ મૉડેલના 'વિચિત્ર વર્તન'ની ઘટના પકડી પાડવા (ટ્રેક કરવા), તે અંગે તપાસ કરવા અને સંબંધિત જાહેરાત કરવા નવું માળખું અપનાવ્યું છે. ■

# ગુજરાતમાં ૨૨૪ તાલુકામાં મેઘમહેર; ગીર ગઢડામાં ૩ ઈંચથી વધુ વરસાદ, નર્મદા ડેમ ૯૫ ટકા ભરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ૧૮ સપ્ટેમ્બરને શુક્રવારે સવારે ૬થી સાંજે ૬ વાગ્યા સુધીમાં ૨૨૪ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. આંકડાની વાત કરવામાં આવે તો, ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકામાં સૌથી વધારે ૩.૦૭ ઇંચ વરસાદ ખાબક્યો હતો. જ્યારે વાવ-થરાદ જિલ્લાના લાખણી તાલુકામાં સૌથી ઓછો ૦.૦૪ ઇંચ વરસાદ થયો હતો. આ સાથે અરવલ્લીના મેઘરજમાં ૩ ઇંચથી વધુ વરસાદ પડ્યો હતો.

વિગતે આંકડા જોઈએ તો, અમદાવાદ સિટીમાં ૨.૮૭ ઇંચ વરસાદ, સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકામાં ૨.૫૨ ઇંચ વરસાદ, નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકામાં ૨.૪ ઇંચ, અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં ૨.૩૬ ઇંચ વરસાદ, મહિસાગર જિલ્લાના કડાણા તાલુકામાં ૨.૨૪ ઇંચ વરસાદ, મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં ૨.૧૭ ઇંચ વરસાદ, ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં ૨.૧૩ ઇંચ વરસાદ અને મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકામાં ૨.૦૧ ઇંચ વરસાદ ખાબક્યો હતો.

રાજ્યાના ૫૫ તાલુકાઓમાં ૧ ઇંચથી વધારે વરસાદ નોંધાયો હતો, જ્યારે ૧૫૮ તાલુકાઓમાં એક ઇંચ કરતા પણ ઓછો વરસાદ નોંધાયો હતો. આ સાથે હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં સિઝનનો કુલ ૨૪.૨૮ ઈંચ વરસાદ નોંધાયો છે. જો કે, રાજ્યમાં હજી પણ સામાન્ય કરતા ઓછો વરસાદ થયો હોવાથી વરસાદની ઘટ છે. ખાસ કરીને કચ્છ-સૌરાષ્ટ્રમાં ૨૩ ટકા વરસાદની ઘટ હોવાનું જાણવા મળ્યું છે.

ગુજરાત રાજ્યની જીવનદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમ ૯૫.૬૫ ટકા ભરાઈ ગયો છે. આ સાથે અન્ય ૨૦૬ જળાશયમાં ૩,૯૦,૨૯૮ એમસીએફટી પાણીનો સંગ્રહ થયો છે, જે કુલ ક્ષમતાના ૬૯.૬૬ ટકા હોવાનું જાણવા મળ્યું છે. રાજ્યના કુલ ૨૦૬ ડેમમાંથી ૨૮ ડેમ ૧૦૦ ટકા ભરાઈ ગયાં છે. જ્યારે ૩૯ ડેમ ૭૦થી ૧૦૦ ટકા વચ્ચે, ૨૫ ડેમ ૫૦થી ૭૦ ટકા, ૪૧ ડેમ ૨૫થી ૫૦ ટકા વચ્ચે અને ૭૩ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયા છે. આ સાથે સુરક્ષા અને પાણીના સ્તરને ધ્યાને રાખતા રાજ્યના ૪૩ ડેમ હાઈ એલર્ટ પર, ૧૩ ડેમ એલર્ટ પર અને ૧૧ ડેમ વોર્નિંગ પર મુકવામાં આવ્યા છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે આજે શનિવારે પુર્વ ગુજરાતમાં દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, વડોદરા, ખેડા, આણંદ અને દક્ષિણના જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ૧૯ સપ્ટેમ્બરે ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના છૂટાંછવાયાં સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે ૨૦ સપ્ટેમ્બરે રવિવારે ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહીસાગર સહિત દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના તમામ જિલ્લાઓ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. ■

## પાલનપુરમાં રિક્ષાનું શટલ ભાડું ₹ ૧૦થી વધીને ₹ ૨૦ કરવામાં આવ્યું, મુસાફરોને આર્થિક ફટકો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાલનપુર શહેરમાં વધતી જતી મોંઘવારી અને સીએનજી-પેટ્રોલના સતત વધતા ભાવના કારણે રિક્ષા એસોસિએશન દ્વારા શટલ ભાડામાં રૂપિયા ૧૦નો વધારો કરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. બનાસકાંઠા જિલ્લા ઓટો રિક્ષા સંઘર્ષ સમિતિના પ્રમુખ સાજીદભાઇ મકરાણીના જણાવ્યા અનુસાર, વર્તમાન પરિસ્થિતિમાં જૂના ભાડામાં રિક્ષા ચાલકો માટે પરિવારનું ગુજરાન ચલાવવું ખૂબ મુશ્કેલ બની ગયું હતું. આથી શહેરના એક સ્ટેન્ડથી બીજા સ્ટેન્ડ સુધીનું મિનિમમ શટલ ભાડું રૂપિયા ૧૦થી વધારીને રૂપિયા ૨૦ કરવામાં આવ્યું છે. પાલનપુર અને આસપાસના ગ્રામીણ વિસ્તારોની મળીને કુલ ૭૦૦૦થી વધુ રિક્ષાઓ ચાલે છે. જેથી આ નિર્ણયના કારણે રોજિંદી અવરજવર કરતા આશરે ૬૦થી ૭૦ હજાર શહેરીજનોના ખિસ્સા પર સીધો આર્થિક બોજ પડશે. પાલનપુર શહેરમાં મીટર સિસ્ટમ અમલમાં ન હોવાના કારણે મોટાભાગની રિક્ષાઓ શટલ ધોરણે જ દોડે છે, જેથી તમામ સ્થાનિક મુસાફરોને આ ભાવવધારાની સીધી અસર થવાની છે. જોકે, શટલ સિવાયના દૂરના અંતરે જવા માટે રિક્ષા ચાલકો સરકારના આ નિયમ મુજબ ભાડું વસૂલાશે તેવું રિક્ષા એસોસિએશને સ્પષ્ટ કર્યું હતું. ■

## આગામી ૨૦ સપ્ટે. ના રોજ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ નવનિર્મિત ગંભીરા બ્રિજનું ઉદ્ઘાટન કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ આગામી ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ વડોદરા અને આણંદ જિલ્લાને જોડતા નવનિર્મિત ગંભીરા બ્રિજનું ઉદઘાટન કરશે.

આ આધુનિક બ્રિજનું નિર્માણ અંદાજે રૂ. ૨૧૨ કરોડના ખર્ચે તૈયાર થયો છે. આ પુલની કુલ લંબાઈ ૮૬૮.૭૫ મીટર (લગભગ ૧ કિલોમીટર) છે, જેમાં ૨૩ સ્પાન અને ૨૧ મજબૂત પિલરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. બ્રિજને લાંબા ગાળે કાટ ન લાગે તેમજ તેની મજબૂતી અને ટકાઉપણામાં વધારો થાય તે માટે ઈપોક્ષી કોટેડ સ્ટીલ અને પ્રિકાસ્ટ એલિમેન્ટ્સ ટેકનોલોજીનો ખાસ ઉપયોગ કરાયો છે.

આ ગંભીરા બ્રિજનો પ્રારંભ થવાથી વડોદરા, પાદરા અને આણંદ વચ્ચે રોજિંદી અવરજવર કરતા હજારો વાહનચાલકો, વેપારીઓ અને સ્થાનિક રહીશોને મોટો લાભ થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જુલાઈ ૨૦૨૫માં જૂનો પુલ ધરાશાયી થવાની એક અત્યંત કરુણ દુર્ઘટના સર્જાઈ હતી, જેના પરિણામે વડોદરા અને આણંદ વચ્ચેનો વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. આ દુર્ઘટના બાદ રાજ્ય સરકાર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરીને રેકોર્ડ બ્રેક લગભગ ૧૩ મહિનાના સમયગાળામાં આ નવો આધુનિક પુલ તૈયાર કરવામાં આવ્યો છે.

આ નવા બ્રિજનું નિર્માણ પૂર્ણ થઈ જવાથી અને તેનો પ્રારંભ થવાથી વડોદરા, પાદરા અને આણંદ વચ્ચે રોજિંદી અવરજવર કરતા હજારો વાહનચાલકો, વેપારીઓ અને સ્થાનિક રહીશોને મોટો લાભ થશે. આ પુલ કાર્યરત થવાથી મુસાફરીનો સમય બચશે, ઇંધણની બચત થશે અને વડોદરા-આણંદ વચ્ચેનો સંપર્ક વધુ ઝડપી તથા સુરક્ષિત બનશે. ■

## સુરત મનપાએ કતારગામના ૨૦૦થી વધુ તપેલા ડાઈંગ યુનિટોને નોટિસ આપી ખુલાસો માગ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના કતારગામ, ઉધના અને લિંબાયત ઝોન વિસ્તારમાં ચાલતા તપેલા ડાઈંગ એકમો દ્વારા કેમિકલયુક્ત ગંદુ પાણી ટ્રીટમેન્ટ કર્યા વગર જ પાલિકાની ડ્રેનેજ કે સ્ટ્રોમ ડ્રેનેજ લાઈનમાં છોડવામાં આવતું હોવાની ગંભીર ફરિયાદો ઊઠી હતી. તાજેતરમાં કતારગામની એક સોસાયટીમાં પીવાના પાણીની લાઈનમાં કેમિકલયુક્ત ગંદુ પાણી ભળવાની ઘટના સામે આવ્યા બાદ સુરત મહાનગરપાલિકા તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. સુરત પાલિકા દ્વારા કતારગામ ઝોનમાં હાથ ધરવામાં આવેલા વિશેષ સર્વે દરમિયાન બેદરકારી દાખવનારા ૨૦૦થી વધુ તપેલા ડાઈંગ યુનિટોને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી હતી. પાલિકા તંત્ર દ્વારા આ નોટિસ મારફતે તમામ ડાઈંગ યુનિટ સંચાલકો પાસેથી આગામી ૩ દિવસમાં ખુલાસો માંગવામાં આવ્યો છે. જેમાં એકમ શરૂ કરવા માટેની જરૂરી પરમિશન, ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા સહિતની તમામ વિગતો રજૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. જો નિયત સમયમર્યાદામાં સંતોષકારક ખુલાસો કરવામાં નહીં આવે અથવા જરૂરી પરવાનગીઓ નહીં દર્શાવાય તો પાલિકા દ્વારા આવા ગેરકાયદે અને પ્રદૂષણ ફેલાવતા એકમો સામે સીલિંગ સહિતની કડક કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ■

## યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમ મેળાને પગલે શ્રદ્ધાળુઓની સુવિધા અને સુરક્ષા માટે તંત્ર સજ્જ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : બનાસકાંઠામાં આવેલા સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પૂનમના મહામેળાને માત્ર ગણતરીના દિવસો જ બાકી છે. ત્યારે મહામેળાને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા પદયાત્રીઓ અને વાહનચાલકોની સુરક્ષા માટે અત્યારથી જ વ્યાપક તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. અંબાજી મંદિર પરિસરમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. બીડીડીએસ અને ડોગ સ્ક્વોડ દ્વારા ઝીણવટભર્યું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. ભાદરવી પૂનમના મેળા દરમિયાન મા અંબાના દર્શન કરવા જતાં લાખો ભક્તો અને પદયાત્રીઓની વિશેષ સુવિધા માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (જીએસઆરટીસી)ના ગાંધીનગર ડેપો દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. ગાંધીનગર એસ.ટી. ડેપો દ્વારા ૨૦ સપ્ટેમ્બરથી ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીના ૭ દિવસમાં કુલ ૧૯૦ વધારાની બસો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ખાસ કરીને ૨૪ સપ્ટેમ્બરથી ૨૫ સપ્ટેમ્બરના રોજ મુખ્ય મેળો હોવાથી ૪૦-૪૦ વધારાની એસ ટી બસો દોડાવવામાં આવશે, અંબાજીથી પરત ફરતા શ્રદ્ધાળુઓને કોઈ મુશ્કેલી ન પડે તે માટે એસ.ટી. નિગમ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. ■

## વલસાડના ઉમરગામ નજીક કાર ઝાડ સાથે અથડાતાં ત્રણ યુવકનાં કરુણ મોત, બે ગંભીર ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વલસાડ જિલ્લાના ઉમરગામ પાસે ગુરુવારે મોડી રાત્રે એક અત્યંત ગોઝારો માર્ગ અકસ્માત સર્જાયો હતો. વાપીથી ઉમરગામ તરફ આવી રહેલી એક કાર સંજાણ-ભીલાડ રોડ પરથી પસાર થઈ રહી હતી ત્યારે આ અકસ્માત નડ્યો હતો. કારમાં પાંચ જેટલા યુવકો સવાર હતા અને કાર પૂરપાટ ઝડપે જઈ રહી હતી. તે દરમિયાન અચાનક ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવી દેતાં કાર માર્ગ કિનારે આવેલા એક ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી.

અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો કૂચડો વળી ગયો હતો અને તેમાં સવાર યુવકો અંદર જ ફસાઈ ગયા હતા. આ દુર્ઘટનામાં ગંભીર ઇજાઓને કારણે સ્થળ પર જ ત્રણ યુવકોના કરુણ મોત નીપજ્યા હતા, જ્યારે અન્ય બે યુવકો ગંભીર રીતે ઘાયલ થયાં હતાં. ઇજાગ્રસ્ત બિક્રમ સંપત સિંહને વલસાડ સિવિલમાં જ્યારે જલમ મધ સિંહને સુરતની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ તમામ યુવકો ઉમરગામની અલગ અલગ ખાનગી કંપનીમાં નોકરી કરતા હોવાનું પણ સામે આવ્યું હતું. મૃતક અર્જુન ત્રિયોગીનાથ શાહ અને બાલારામ રિક્ષા ચલાવી પોતાનું ગુજરાન ચલાવતા હતા જ્યારે નરેન્દ્ર રઘુવીરસિંહ રાઠોડ ક્લેન્ડઝેડ કંપનીમાં નોકરી કરતો હોવાનું જાણવા મળ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉમરગામના સુંદરવન વિસ્તાર આવેલા સિદ્ધિવિનાયક એપાર્ટમેન્ટમાં રહેતા ૨૬ વર્ષીય અર્જુન ત્રિયોગીનાથ શાહ, ૩૦ વર્ષીય નરેન્દ્ર રઘુવીરસિંહ રાઠોડ, ૨૭ વર્ષીય બાલારામ ઉર્ફે કિશન ભવરલાલ મેઘવાલ અને પોતાના બે મિત્રો સાથે કાર લઈને વાપી ગયા હતા. આ પાંચેય મિત્રો મોડી રાતે કારમાં ઉમરગામ પરત આવી રહ્યાં હતા ત્યારે સંજાણ-ભીલાડ રોડ પર ગંભીર અકસ્માતનો ભોગ બન્યાં હતાં. સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ અકસ્માતમાં ગંભીર ઈજાઓને કારણે અર્જુન શાહ, નરેન્દ્ર રાઠોડ અને બાલારામ મેઘવાલનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ગંભીર અકસ્માતની જાણ થતાં સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. આ સાથે ઉમરગામ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ પણ સ્થળ પર પહોંચી ગઈ હતી. પોલીસ અને ફાયર ફાઇટરોએ ભારે જહેમત બાદ કારમાંથી મૃતદેહો તથા ઘાયલોને બહાર કાઢ્યા હતા. પોલીસની પ્રાથમિક તપાસ પ્રમાણે, મૃત્યુ પામેલા ત્રણેય યુવકો ઉત્તર પ્રદેશના રહેવાસી હતા, જ્યારે ઇજાગ્રસ્તો પૈકી એક યુવક સ્થાનિક ઉમરગામનો હતો. પોલીસે ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી દીધી હતી. ■

## ગાંધીનગર મનપા ચૂંટણી અંગે કલેક્ટરનું કડક જાહેરનામું, મુદ્રકો અને પ્રકાશકોને નિયમોનું પાલન કરવા આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીનગર મહાનગરપાલિકા અને સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણીઓની જાહેરાત સાથે જ આદર્શ આચારસંહિતા અમલી બની ગઈ છે. આગામી ૧૧ ઓક્ટોબરે યોજાનાર મતદાન અને ૧૩ ઓક્ટોબરે થનારી મતગણતરીની પ્રક્રિયાને સંપૂર્ણ પારદર્શી અને ન્યાયી બનાવવાના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા મેજિસ્ટ્રેટ રવિન્દ્ર ખતાલે દ્વારા વિશેષ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ આદેશ અનુસાર ચૂંટણી પ્રચાર માટે છપાતા ચોપાનિયાં, ભીંતપત્રો અને અન્ય તમામ પ્રકારની પ્રચાર સામગ્રી માટે મુદ્રકો) અને પ્રકાશકોને નિયમોનું કડકપણે પાલન કરવા માટે આદેશ આપવામાં આવ્યો હતો.

જાહેરનામાની શરતો મુજબ ચૂંટણી પ્રચાર માટે મુદ્રિત કરાતી દરેક સામગ્રી પર મુદ્રક અને પ્રકાશકના પૂરા નામ અને સરનામા સ્પષ્ટપણે દર્શાવવાના રહેશે. કોઈ પણ પ્રચાર સામગ્રી છાપતા પહેલા મુદ્રકે પ્રકાશક પાસેથી નિયત નમૂના 'જોડાણ-ક' મુજબનું એકરારપત્રની બે નકલો લેવાની રહેશે, જેમાં પ્રકાશક ઉપરાંત તેને ઓળખતી બે વ્યક્તિઓની સહીઓ હોવી ફરજિયાત છે. એટલું જ નહીં પરંતુ પ્રિન્ટિંગ પૂરું થયાના ત્રણ દિવસની અંદર આ એકરારપત્ર અને તૈયાર થયેલી સામગ્રીની ચાર નકલો કલેક્ટર કચેરીની ચૂંટણી શાખામાં ફરજિયાતપણે જમા કરાવવાની રહેશે.

ઉમેદવારોના ચૂંટણી ખર્ચ પર ચોક્કસ નજર રાખી શકાય તે માટે છાપેલી નકલોની કુલ સંખ્યા અને તેના ખર્ચની વિગતો દર્શાવતું પત્રક 'જોડાણ-ખ' પણ ચાર નકલોમાં અલગથી રજૂ કરવાનું રહેશે. ગાંધીનગર જિલ્લા તંત્રે સ્પષ્ટ ચેતવણી આપી કે, આ આદેશો કે રાજ્ય ચૂંટણી આયોગની સૂચનાઓનો અનાદર કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. નિયમભંગ કરનાર મુદ્રક કે પ્રકાશકને છ માસ સુધીની કેદ, ૨૦૦૦ સુધીનો દંડ અથવા આ બંને સજા થશે તેવું પણ જાહેર કરવામાં આવ્યું છે. ■

## દમણમાં નશામાં ધૂત યુવક પાણીની ટાંકીની રેલિંગ પર લટક્યો, ભારે જહેમત બાદ રેસ્ક્યૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રશાસિત પ્રદેશ દમણના દરિયાકિનારા નજીક આવેલા વિસ્તારમાં ગતરોજ એક ચોંકાવનારી ઘટના બની હતી. એક યુવક અચાનક ઊંચી પાણીની ટાંકી પર ચડી ગયો હતો અને તેની રેલિંગ પર જોખમી રીતે લટકવા લાગ્યો હતો. યુવકની આ ખતરનાક હરકત જોઈને આસપાસના લોકોમાં ભારે અફડાતફડી મચી ગઈ હતી અને જોતજોતામાં સ્થળ પર સહેલાણીઓ અને સ્થાનિકોનું મોટું ટોળું એકઠું થઈ ગયું હતું.

સ્થાનિક લોકોએ યુવકને નીચે આવવા માટે ઘણી સમજાવટ કરી હતી, પરંતુ નશામાં ધૂત યુવક ટાંકી પર જ અડીંગો જમાવીને બેસી રહ્યો હતો. બનાવની જાણ થતાં જ દમણ પોલીસ અને ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. યુવકને સહીસલામત નીચે ઉતારવા માટે રેસ્ક્યુ ટીમે કવાયત હાથ ધરી હતી. ટાંકીની ઊંચાઈ અને યુવકની બેદરકારીના કારણે બચાવ કામગીરી ખૂબ જ જોખમી બની હતી. આશરે ૩ કલાક સુધી ચાલેલા આ ભારે હાઈવૉલ્ટેજ ડ્રામા બાદ ફાયર ફાઈટરો અને પોલીસે યુવકને સુરક્ષિત રીતે નીચે ઉતારી લીધો હતો. યુવક નીચે આવતા જ ઉપસ્થિત લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. પોલીસે યુવકની અટકાયત કરી પૂછપરછ હાથ ધરતા તે દારૂના ભારે નશામાં હોવાનું જણાયું હતું. જો કે, આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લેતા પોલીસે યુવક સામે કાયદેસરની કાનૂની કાર્યવાહી શરૂ કરી હતી. ■

## ભારે વરસાદથી અમદાવાદ એરપોર્ટ પર મુસાફરોને હાલાકી, એક ફ્લાઈટ ઈન્દોર ડાયવર્ટ, ચાર મોડી પડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : શહેરમાં વહેલી સવારથી મુશળધાર વરસાદના કારણે જનજીવન ખોરવાયું હતું. ધોધમાર વરસાદની વિપરીત અસર વાહનવ્યવહાર અને હવાઈ સેવા પર થઈ હતી. ભારે વરસાદ અને ઓછી વિઝિબિલિટીના કારણે અમદાવાદ એરપોર્ટ પર અન્ય કેટલીક ફ્લાઇટ્સના સંચાલન પર પણ અસર પડી હતી.

જેમ કે, કારણે કોલકાતાથી આવતી ઇન્ડિગોની ફ્લાઇટ ૬ઈ ૨૪૫ને ઇંદોર ડાયવર્ટ કરાઈ હતી. અમદાવાદમાં લેન્ડિંગની મંજૂરી મળી હતી. તે ઉપરાંત, એરપોર્ટ પર આવતી-જતી અન્ય ચાર ફ્લાઈટ્સ પોતાના નિર્ધારિત સમય કરતાં મોડી પડી હતી, જેમાં ત્રણ અરાઈવલ અને એક ડિપાર્ચર ફ્લાઈટનો સમાવેશ થાય છે.

મળતી વિગતો મુજબ, જે ચાર ફ્લાઈટ્સ મોડી પડી હતી તેમાં નવી દિલ્હીથી આવતી ઈન્ડિગોની બે ફ્લાઈટ્સ (૬ઈ ૯૦૭ અને ૬ઈ ૨૩૩૧) પણ અનુક્રમે સવારે ૧૧૫૪ વાગ્યે અને બપોરે ૨૩૬ વાગ્યે પહોંચી હતી. જ્યારે અમદાવાદથી નવી દિલ્હી જતી ઈન્ડિગોની ફ્લાઈટ (૬ઈ ૫૦૭૨) બપોરે ૨૩૫ના બદલે ૩૨૦ વાગ્યે ટર્મિનલ-૧ ના ગેટ નંબર ૩ પરથી ટેકઓફ થઈ હતી.

ફ્લાઈટ મોડી પડતા હવાઈ મુસાફરોને પરેશાની ભોગવવી પડી હતી. અમદાવાદ એરપોર્ટ તરફ જતા મુખ્ય રસ્તાઓ પર ઘૂંટણસમા પાણી ભરાઈ જવાના કારણે આવન-જાવન કરતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ■

## ગુજરાત પોલીસ બેડામાં મોટો ફેરફાર, ૧૦ આઈપીએસ અને એસપીએસ અધિકારીઓની બદલીના આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા રાજ્યમાં વહીવટી સરળતા અને જાહેર હિતને ધ્યાનમાં રાખીને એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગૃહ વિભાગ દ્વારા તત્કાલ અસરથી ૧૦ આઈપીએસ અને એસપીએસ કેડરના ઉચ્ચ પોલીસ અધિકારીઓની બદલી તથા નવી નિમણૂકો કરવામાં આવી છે. ગૃહ વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરી સંજીવ કુમારની સહીથી જાહેર કરાયેલા આ હુકમમાં આસિસ્ટન્ટ સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ અને એસઆરપીએફ જૂથના કમાન્ડન્ટ તરીકે અધિકારીઓને નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે.

નવી નિમણૂક પામેલા આઈપીએસ અધિકારીઓમાં માનસી આર. મીનાને અમદાવાદ જિલ્લાના વિરમગામ ડિવિઝનના એએસપી તરીકે મૂકવામાં આવ્યા છે.

આ ઉપરાંત મોસમ હર્ષદભાઈ મહેતાને વાવ-થરાદ જિલ્લાના દિયોદર, પ્રખર કુમારને દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા અને કરણકુમાર મનસુખભાઈ પન્નાને દાહોદ જિલ્લાના લીમખેડા ડિવિઝનમાં આસિસ્ટન્ટ સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ તરીકે તૈનાત કરવામાં આવ્યા છે.

યુવાન આઈપીએસ અધિકારીઓને વિવિધ જિલ્લાઓમાં ડિવિઝનલ કક્ષાની જવાબદારી સોંપી તંત્રને વધુ સુદ્રઢ બનાવવાનો પ્રયાસ કરાયો છે.

આ સાથે બદલીની વાત કરવામાં આવે તો, એસપીએસ અધિકારીઓમાં જે. આઈ. વસાવાને વડોદરા એસઆરપીએફ ગ્રુપ-૯, ડી. એમ. ચૌહાણને બનાસકાંઠાના મડાણા ખાતે એસઆરપીએફ ગ્રુપ-૩, પ્રકાશકુમાર વિષ્ણુપ્રસાદ રાવળને દાહોદ પાવડી સ્થિત એસઆરપીએફ ગ્રુપ-૪ અને બી. એલ. દેસાઈને ગોધરા ખાતે એસઆરપીએફ ગ્રુપ-૫ ના કમાન્ડન્ટ તરીકે નિમણૂક અપાઈ છે. આ ઉપરાંત એચ. પી. દોશીને રાજકોટ ખાતે એસઆરપીએફ ગ્રુપ-૧૩ અને એલ. બી. ઝાલાને સુરત જિલ્લાના વાવ ખાતે એસઆરપીએફ ગ્રુપ-૧૧ ના કમાન્ડન્ટ તરીકે નવી ફાળવણી કરવામાં આવી છે. આ સામૂહિક બદલીઓથી પોલીસ બેડામાં મોટા પાયે ફેરબદલ જોવા મળ્યો છે. ■

## અમદાવાદમાં ૫૫ લાખની કિંમતના ૧.૮૫ કિલોગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે બેંગલુરુનો યુવક ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં નશાકારક દ્રવ્યોની તસ્કરી ચિંતાજનક રીતે વધી રહી હતી.

જો કે પોલીસની સતર્કતાના કારણે તસ્કરો તેમના મનસુબામાં સફળ થઈ શકતા નથી. નરોડા પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરી મેફેડ્રોનનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે રૂ. ૫૫.૫૦ લાખની કિંમતનું ૧.૮૫ કિલોગ્રામ (૧૮૫૦ ગ્રામ) ગેરકાયદેસર મેફેડ્રોન ઝડપી મોટી સફળતા મેળવી હતી.આ ઉપરાંત પોલીસે નિખિલેશ નામના શખ્સની ધરપકડ કરી હતી.

પોલીસે ચોક્કસ બાતમી મળી હતી કે, નિખિલેશ ચંદીગઢથી મેફેડ્રોનનો જથ્થો લઈને અમદાવાદ આવી રહ્યો છે.

આ બાતમીના આધારે પોલીસે શહેરના નાના ચિલોડા સર્કલ પાસે વોચ ગોઠવી હતી. ત્યાર બાદ પોલીસે કર્ણાટકના બેંગલુરુના ૨૪ વર્ષીય યુવકને ઘેરી લઈ તેની અંગઝડતી કરતા તેની પાસે રહેલા થેલામાં નશાકારક પદાર્થ મેફેડ્રોન મળી આવ્યું હતું. પોલીસે સ્થળ પર જ પ્રાથમિક કેમિકલ ટેસ્ટ કિટ વડે પરીક્ષણ કરતા સદર પદાર્થ 'મેફેડ્રોન' હોવાનું ખૂલ્યું હતું. તે યુવકે પોલીસ સમક્ષ કબુલ્યું હતું કે તે રુપિયા ૧ લાખની લાલચે ૧૫ સપ્ટેમ્બરના રોજ અમદાવાદથી ચંદીગઢ ડ્રગ્સ લેવા માટે ગયો હતો. ■

## અમદાવાદના વાડજમાં લોહિયાળ ખેલ ખેલાયો, મોટા ભાઈએ કાતરના ઘા ઝીંકી નાના ભાઈની હત્યા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના વાડજ વિસ્તારમાં કૌટુંબિક કંકાસમાં લોહિયાળ ખેલ ખેલાયો હતો. અહીં પરિવાર સાથે રહેતા ૨૮ વર્ષીય નરેશ ચૌહાણ નામના યુવકની તેના જ મોટા ભાઈ રાજુ ચૌહાણે ઘાતકી હત્યા કરી નાખી હતી.

નરેશ કોઈ કામધંધો કરતો ન હોવાથી બંને ભાઈઓ વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા. બનાવના દિવસે નરેશ દારૂના નશામાં ઘરે આવ્યો હતો અને પૈસા બાબતે ઘર કંકાસ શરૂ કર્યો હતો. આ તકરાર ઉગ્ર બનતા આવેશમાં આવી ગયેલા મોટા ભાઈ રાજુએ ઘરમાં પડેલી કાતર વડે નાના ભાઈ પર જીવલેણ હુમલો કરી હત્યા કરી દીધી હતી.

સૂત્રોના જણાવ્યાં પ્રમાણે, મોટા ભાઈ રાજુએ નરેશના પેટ અને પીઠના ભાગે કાતરના ૭થી ૮ ઘા ઝીંકી દીધા હતા, જેના કારણે નરેશ ગંભીર રીતે ઘવાયેલો લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યો હતો. હત્યા કર્યા બાદ આરોપી રાજુ સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. બાદમાં મૃતકની બહેન ઘરે આવી ત્યારે નાનો ભાઈ લોહીથી લુહાન હાલતમાં મળી આવતા તેણે તાત્કાલિક પોલીસ અને એમ્બ્યુલન્સને જાણ કરી હતી. જોકે, ગંભીર ઇજાઓના કારણે નરેશનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડી બહેનની શંકાના આધારે તપાસ તેજ કરી હતી.

ઘટનાની જાણ થતાં જ વાડજ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. વાડજ પીઆઈ એચ.પી. ગરાસિયાના જણાવ્યા પ્રમાણે, પ્રાથમિક તપાસમાં આ હત્યા ઘર કંકાસ અને પૈસાની તકરારના કારણે થઈ હોવાનું સામે આવ્યું હતું. પોલીસે ગણતરીના કલાકોમાં ફરાર આરોપી રાજુ ચૌહાણની અટકાયત કરી લીધી હતી. આ સાથે મૃતકની બહેનની ફરિયાદના આધારે ગુનો નોંધીને પોલીસ આ હત્યા પાછળ અન્ય કોઈ કારણ છે કે કેમ તે દિશામાં વધુ તપાસ શરૂ કરી હતી. ■



ગણેશ મહોત્સવના પાવન પર્વની પૂર્ણાહુતિના ભાગરૂપે ગણેશજીની મૂર્તિઓના વિસર્જન માટે અમદાવાદ મનપા દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. સાબરમતી નદી તેમજ સ્થાનિક તળાવોને પ્રદૂષણથી મુક્ત રાખવા માટે તંત્ર દ્વારા ઠેર-ઠેર પવિત્ર વિસર્જન કુંડ તૈયાર કરવામાં આવ્યા છે. આવો જ એક વિસર્જન કુંડ સાબરમતી રિવરફ્રન્ટ પર તૈયાર કરવામાં આવ્યો છે. - વિમલ પ્રજાપતિ

# સંસ્થા સમાચાર

## શશીકાંતભાઈ બદાણીના અનુદાનથી સંસ્થાઓનો કાયાકલ્પ યાદગાર બની રહેશે: ધીરગુરુદેવ



એક અદ્ભુત વ્યક્તિત્વે સૌની વચ્ચેથી વિદાય લીધી છે. તેઓની સ્મૃતિઓ સ્મરણીય બની રહેશે. અગતરાય જેવા નાના ગામમાં જન્મેલા અને રાજકોટની જૈન બોર્ડિંગમાં ભણ્યા બાદ મુંબઈમાં જાતમહેનતથી ધન કમાયા બાદ ધર્મપત્ની મંજુલાબેન અને પુત્ર સંજયના વિયોગ બાદ જે મળ્યું છે તેમાં સહુનો ભાગ છે.

આવી ઉમદા ભાવનાથી કાંદાવાડી સંઘ પ્રેરિત કોનવેસ્ટ મંજુલા શશીકાંત બદાણી હૉસ્પિટલ નામકરણનો લાભ લઈને દાન સરિતાનો પ્રારંભ કર્યો. ઑલ ઈન્ડિયા સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ, જૈન એજ્યુકેશન સોસાયટી-વડાલા, બાંદ્રા જૈન સંઘ, ઘાટકોપર સ્વાધ્યાય સંઘ, દશા શ્રીમાળી જૈન ભોજનાલય, રોટરી ક્લબ વગેરેમાં ટ્રસ્ટીપદે સેવારત રહ્યા.

રાજકોટમાં શશીકાંત જી. બદાણી - સરસ્વતી શિશુમંદિર પ્રાથમિક શાળા, જૈન બોર્ડિંગ, બહેરા મૂંગા પ્રાયમરી સ્કૂલમાં માતબર સખાવત કરી. સાવરકુંડલામાં વિદ્યાગુર ફાઉન્ડેશન સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર નિ:શુલ્ક હૉસ્પિટલમાં દર્દી નારાયણને ઉપયોગી મેડિકલ મશીનો માટે ૫૦ લાખ તેમજ મલ્ટી સુપર સ્પેશ્યાલિટી હૉસ્પિટલમાં સુવિધાઓ માટે ૪ કરોડની સખાવત કરેલ.

## વિશ્વ ગુજરાતી સમાજના 'હરિત ઘર' કાર્યક્રમમાં લંડનસ્થિત રંગદત્ત જોશીનું સન્માન



વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા આયોજિત 'હરિત ઘર' કાર્યક્રમમાં લંડન, યુકેમાં સ્થાયી અને સમાજસેવા તથા જાહેર જીવનમાં સક્રિય રંગદત્ત જોશીનું તેમના ઉત્કૃષ્ટ કાર્યો અને સમાજ પ્રત્યેના યોગદાન બદલ ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. રંગદત્ત જોશી છેલ્લાં ઘણા વર્ષોથી લંડનમાં રહીને વિવિધ સામાજિક અને લોકકલ્યાણલક્ષી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે. તેમણે ગુજરાતી સમાજ તથા ભારતીય સમુદાય માટે અનેક સેવાકીય અને સામાજિક કાર્યો કર્યા છે. સાથે જ તેઓ લંડનના જાહેર જીવન અને રાજકારણમાં પણ સક્રિય યોગદાન આપી રહ્યા છે.

### પર્યુષણ મહાપર્વ

લીંબડી અજરામર સંપ્રદાયના આચાર્ય ગુરુદેવશ્રી પ્રકાશચંદ્રજી સ્વામીના આજ્ઞાનુવર્તી ડૉ. પ્રશસ્તિકુમારી મ. ઉત્સાહી દિપ્તીકુમારી મ. અને સેવાપ્રેમી નિરતીજી મ. (ત્રિપુટી ભગિની મહાસતીજી) આદિ ઠાણાનો શ્રી કચ્છી વીસા ઓસવાલ સ્થાનકવાસી જૈન સંઘ બોરીવલી સંચાલિત શેઠ લાલજી વેલજી શાહ (એન્કરવાલા) જૈન ધર્મસ્થાનક, ભગવંતી એપાર્ટમેન્ટ, કસ્તુરબા રોડ નં. ૧, બોરીવલી પૂર્વમાં ચાતુર્માસે પ્રવેશ થયો. ડૉ. પ્રશસ્તિકુમારી મહાસતીજીની પ્રેરણા-માર્ગદર્શન સાથે ધાર્મિક ક્રિકેટ મૅચ, ૧૦૮ પાર્શ્વનાથ પ્રભુના એકસણા, સંગીત એકાસણા, પૂ. અજરામરજી સ્વામીની પુણ્યતિથિ, મહાવીર પ્રભુ જન્મોત્સવ, શ્રીસંઘના શ્રાવકભાઈઓનો ૨૭ ભવોનો શો, ૫૬ દીપકુમારી, શ્રી સંઘની પાઠશાળાનાં બોળકોનો ડ્રામા જેવા યાદગાર કાર્યક્રમો થયા.

---

પૂ. આ. દેવશ્રી દર્શનસાગરસૂરીશ્વરજી મ. સા., શ્રી નિત્યોદય સાગરસૂરીશ્વરજી મ.સા.ની અસીમકૃપા, શ્રી ચન્દ્રાનનસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં પર્યુષણ મહાપર્વમાં માનવજીવનની સૌંદર્યતા કર્તવ્ય-૫ પાવન કાર્યો, પર્યુષણ પર્વનો શંખનાદ સ્વરૂપ ઉત્તમ ૧૧ પાવન કર્તવ્યો, ગૌરવ સ્વરૂપ કર્તવ્યો, પર્યુષણ પર્વનો શંખનાદ સ્વરૂપ ઉત્તમ ૧૧ પાવન કર્તવ્યો, ગૌરવ સ્વરૂપ જીવનનો આનંદ, કલ્પસૂત્ર આગમ ગ્રંથની વંદનીય વાતો, ૨૪ તીર્થકરોના મૂલ જીવનવૃતાંત, વિરાવલી જૈન પરંપરા મહાપુરુષોની જીવનગાથા, બારસાસૂત્ર વાંચન-પવિત્ર મંત્રગર્ભિત મહાવચનો પર હૃદયસ્પર્શી પ્રવચનો, શ્રી સંઘના ઉગ્ર તસપ્વીઓનાં પારણાં થયાં. પર્વ દરમ્યાન શ્રી હરીશચન્દ્રસાગરજી મ.સા., શ્રી મનનચન્દ્રસાગરજી મ.સા. આદિ ઠાણા, સાધ્વીજી શ્રી કલ્પિતાશ્રીજી મ. સા.અને શ્રી ચારુતાશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રા મળી હતી.

---

શ્રી દાન-પ્રેમ-ભુવન-જયઘોષસૂરીશ્વરજી નમ: સાથે વર્તમાન ગચ્છાધિપતિ શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ. સા.ની આજ્ઞા સાથે શ્રી વિશ્વાનંદવિજયજી મ. સા.નો પચાસમો ચાતુર્માસ થાણા ભિવંડી, અંજૂર ફાટા, વસઈ-ખારબાવ રોડના ઓસવાલ પાર્કના શ્રી ચંદ્રપ્રભા મહાતીર્થધામમાં ૧૫ વર્ષ પછી કરવા પ્રવેશ થયો. શ્રી. વિશ્વાનંદવિજયજી મ.સા., શ્રી હેમકીર્તિવિજયજી મ. સા. અને શ્રી વિવેકસારવિજયજી મ.સા.ની પાવન નિશ્રામાં દરરોજ પ્રવચનો, વિવિધ તપસ્યાઓ, તપનાં પારણાં જેવા કાર્યક્રમો થયા.

### ગણેશ ચતુર્થીની ઉજવણી

શ્રી નાગરદાસ ડી. ભુતા હાઈ સ્કૂલમાં ગણેશચતુર્થીના પર્વની ભક્તિભાવ, ઉત્સાહ અને સમૃદ્ધ સાંસ્કૃતિક છટા સાથે ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનો પ્રારંભ ગણેશવંદના તથા ભગવાન શ્રીગણેશને પુષ્પ અને મોદક અર્પણ કરીને કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ ગણેશચતુર્થીના મહત્ત્વ પર પોતાના સુંદર અને અર્થસભર વિચારો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓમાં પ્રકૃતિના સંરક્ષણ પ્રત્યે જાગૃતિ લાવીને સમજાવવામાં આવ્યું હતું કે સાચી ભક્તિ હંમેશાં પર્યાવરણ સાથે જોડાયેલી હોવી જોઈએ. આ પ્રસંગે શાળાની પરંપરા સાથે આધુનિક મૂલ્યો, ઉજવણી સાથે શિક્ષણ અને આસ્થા સાથે પર્યાવરણીય જવાબદારીના સુંદર સમન્વયના પ્રયાસને સુંદર રીતે પ્રતિબિંબિત કર્યો હતો. ઉજવણીનું સમાપન ગણપતિ આરતી સાથે થયું જેમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ઉપસ્થિત મહાનુભાવોએ ભક્તિભાવપૂર્વક ભાગ લીધો હતો.

# મહારાષ્ટ્ર ટૂંક સમયમાં સેમિકન્ડક્ટર માટે પોતાની 'નીતિ' બનાવશે: એક લાખ કરોડ રૂપિયાના રોકાણની જાહેરાત

નવી દિલ્હી: 'સેમિકોન ૨.૦' દેશના સેમિકન્ડક્ટર ઉદ્યોગને નવી દિશા આપી રહ્યું છે, ત્યારે મહારાષ્ટ્ર પણ આ ક્ષેત્ર માટે સ્વતંત્ર નીતિ લાવવાની તૈયારીના અંતિમ તબક્કામાં પહોંચી ગયું છે. મહારાષ્ટ્રની સ્વતંત્ર સેમિકન્ડક્ટર નીતિ આગામી છ મહિનામાં જાહેર થવાની સંભાવના છે અને તેની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે, એમ 'સેમિકોન ઇન્ડિયા ૨૦૨૬' ખાતે મહારાષ્ટ્ર પેવેલિયનમાં જણાવવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકારે 'સેમિકોન ૨.૦' માટે ૧ લાખ ૨૭ હજાર ૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. આમાં, ફક્ત ચિપ મેન્યુફેક્ચરિંગને બદલે, ડિઝાઇનથી લઈને ફેબ, પેકેજિંગ, મશીનરી, મટિરિયલ્સ, સુધારણા અને માનવશક્તિ સુધીની સમગ્ર ઇકોસિસ્ટમ બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

**સ્વતંત્ર નીતિ તરફ મહારાષ્ટ્રનું પગલું**

'સેમિકોન ઇન્ડિયા ૨૦૨૬' માં, દેશના ૧૨ રાજ્યોના સ્વતંત્ર પેવેલિયન સ્થાપિત કરવામાં આવ્યા છે. આસામ, આંધ્રપ્રદેશ, બિહાર, ગુજરાત, કર્ણાટક, કેરળ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા, તમિલનાડુ, તેલંગણા અને ઉત્તર પ્રદેશે સેમિકન્ડક્ટર અને ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રમાં તેમની સંભાવનાઓ, રોકાણની તકો અને વ્યૂહાત્મક સુવિધાઓ વિશે માહિતી પૂરી પાડી છે. આમાંના કેટલાક રાજ્યોએ આ ક્ષેત્ર માટે અલગ નીતિઓ પણ જાહેર કરી છે. ગુજરાતે ૨૦૨૨ માં એક અલગ સેમિકન્ડક્ટર નીતિ રજૂ કરી હતી, અને આંધ્ર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ઓડિશા, તમિલનાડુ અને ઉત્તર પ્રદેશે પણ અલગ સેમિકન્ડક્ટર નીતિઓ જાહેર કરી છે. બિહારે ૨૦૨૬ માં એક અલગ સેમિકન્ડક્ટર નીતિ સૂચિત કરી છે.

**મહારાષ્ટ્રમાં હાલમાં એક વ્યાપક ઔદ્યોગિક નીતિ માળખું છે.**

જોકે મહારાષ્ટ્રમાં હાલમાં અલગ સેમિકન્ડક્ટર નીતિ નથી, મહારાષ્ટ્ર ઉદ્યોગ, રોકાણ અને સેવાઓ નીતિ ૨૦૨૫ માં સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન, ડિસ્પ્લે ફેબ અને ઇલેક્ટ્રોનિક્સ સિસ્ટમ ડિઝાઇન અને ઉત્પાદન જેવા ક્ષેત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાજ્યમાં રંજનગાંવ જેવા ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન માટે ઔદ્યોગિક સંભાવના છે, અને પુણે વિસ્તારમાં ઇલેક્ટ્રોનિક્સ અને એન્જિનિયરિંગ ઉદ્યોગ પણ એક આધાર છે. પરંતુ મોટા સેમિકન્ડક્ટર રોકાણો માટે રાજ્ય-સ્તરના પ્રોત્સાહનો, જમીન, વીજળી, પાણી, માળખાગત સુવિધાઓ અને કૌશલ્ય વિકાસને કેન્દ્રીય પ્રોત્સાહનો વગેરેને સાંકળી લેતી એક અલગ નીતિ મહત્ત્વપૂર્ણ બની રહેશે.

**'સેમિકોન ૨.૦' સાથે, તક ફક્ત ફેબ્સ સુધી મર્યાદિત નથી.**

'સેમિકોન ૨.૦' માં મોટા ફેબ પ્રોજેક્ટ્સ જોવાને બદલે, સેમિકન્ડક્ટર ઉદ્યોગ માટે સમગ્ર સપ્લાય ચેઇન વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. તે ચિપ ડિઝાઇન, મશીનરી અને મટિરિયલ્સ, ફેબ્સ, એટીએમપી-ઓએસએટી, સંશોધન અને વિકાસ (આર એન્ડ ડી) અને પ્રતિભા વિકાસ જેવા ક્ષેત્રોને મહત્ત્વ આપે છે. તેથી, મહારાષ્ટ્રની પ્રસ્તાવિત નીતિ માટે પડકાર ચિપ ડિઝાઇન કંપનીઓ, પેકેજિંગ અને પરીક્ષણ એકમો, સેમિકન્ડક્ટર સામગ્રી અને સાધનો ઉત્પાદન ઉદ્યોગો, સંશોધન કેન્દ્રો અને કુશળ માનવશક્તિને મોટા રોકાણો સાથે આકર્ષવાનો રહેશે.

**અન્ય રાજ્યો તરફથી તીવ્ર સ્પર્ધા**

રાજ્યોમાં સેમિકન્ડક્ટર રોકાણો માટે સ્પર્ધા વધી રહી છે. જ્યારે ગુજરાતમાં મોટા પ્રોજેક્ટ્સ આગળ વધી રહ્યા છે, ત્યારે ટાટા ઇલેક્ટ્રોનિક્સ આસામમાં એક પ્રોજેક્ટ સ્થાપી રહ્યું છે. ઉત્તર પ્રદેશ, ઓડિશા, આંધ્ર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને તમિલનાડુએ પણ આ ક્ષેત્ર માટે અલગ નીતિઓ દ્વારા રોકાણ આકર્ષવાની તૈયારી કરી છે. કેરળે તેની આઈટી નીતિ ૨૦૨૬ માં 'કેરળ ઇલેક્ટ્રોનિક્સ અને સેમિકન્ડક્ટર મિશન' નો પ્રસ્તાવ મૂક્યો છે, જ્યારે તેલંગણાએ ચિપ ડિઝાઇન, ફોટોનિક્સ અને સેમિકન્ડક્ટર ક્ષેત્રો માટે માળખાગત સુવિધાઓ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

તેથી મહારાષ્ટ્રની આગામી અલગ નીતિએ ઉદ્યોગનું ધ્યાન ખેંચ્યું છે કે તે રાજ્યની ઔદ્યોગિક ક્ષમતાને 'સેમિકોન ૨.૦' ના રાષ્ટ્રીય માળખા સાથે કેવી રીતે જોડે છે. ફેબથી લઈને ચિપ ડિઝાઇન, પેકેજિંગ, સામગ્રી અને સુધારણા સુધીની સમગ્ર મૂલ્ય શૃંખલાના નિર્માણ માટેની દિશા અથવા નીતિ રાજ્ય દ્વારા જ નક્કી કરવામાં આવે તેવી શક્યતા છે.

# મિથેનોલના ડિનેચરિંગને ફરજિયાત બનાવતા નિયમોને સુપ્રીમ કોર્ટે રદ કર્યા, માપદંડો અપ્રમાણસર હોવાનું કહ્યું

નવી દિલ્હી : સંપૂર્ણ દારૂબંધી ઘણીવાર દારૂના વેપારને ભૂગર્ભમાં ધકેલી દે છે તેવું અવલોકન કરતાં, સુપ્રીમ કોર્ટે શુક્રવારે મહારાષ્ટ્ર પોઈઝન નિયમોની જોગવાઈઓને રદ કરી દીધી અને કહ્યું કે આ પ્રતિબંધો મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે. સુપ્રીમ કોર્ટે તેના બદલે ઝેરી દારૂની દુર્ઘટનાઓ અટકાવવા માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો (યુટી) માટે અનેક પગલાં સૂચવ્યા, નકલી દારૂના ગેરકાયદેસર ઉત્પાદન, પરિવહન અને વેચાણને રોકવા માટે સંકલિત, બહુ-વિભાગીય અભિગમ અપનાવવાની હાકલ કરી.

ન્યાયમૂર્તિ જે. બી. પારડીવાલા અને કે. વિનોદ ચંદ્રનની ખંડપીઠે નોંધ્યું કે મુંબઈમાં ૧૯૯૧ ઝેરી દારૂની મોટી દુર્ઘટના જેમાં આશરે ૨૫૦ લોકો અસરગ્રસ્ત થયા હતા, બાદ ૨૦૧૧ના જાહેરનામા દ્વારા 'મહારાષ્ટ્ર પોઈઝન્સ રૂલ્સ' (મહારાષ્ટ્ર ઝેર નિયમો)માં દાખલ કરવામાં આવેલા નિયમો ૧૮-એ અને ૧૮-બી બંધારણની કલમ ૧૪ (સમાનતાનો અધિકાર) અને ૧૯(૧)(જી) (વ્યવસાયનો અધિકાર)નું ઉલ્લંઘન કરે છે. નિયમ ૧૮એ હેઠળ, વિક્રેતાઓ માટે ખરીદનારના 'ફોર્મ એ' લાઇસન્સની ચકાસણી કરીને મિથેનોલના નિર્ધારિત ઉપયોગની ખાતરી કરવી આવશ્યક હતું. નિયમ ૧૮બી હેઠળ, માન્ય 'ફોર્મ એ' લાઇસન્સ વિના મળી આવેલા મિથેનોલને જપ્ત કરવાની જોગવાઈ કરવામાં આવી હતી. આ ચુકાદો મિથેનોલનો ઉપયોગ કરતા ઉદ્યોગો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓ અને સુધારેલા નિયમોની કાયદેસરતાને લગતી અપીલના સંદર્ભમાં હતો. (પીટીઆઈ)

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી નિવાસી હાલ તિલકનગર ચેમ્બુર વિનિત મીનુ ખોખાણી (ઉં. વ. ૪૪) તે દિવ્યાબેન અને મીનુ રમેશભાઇ ખોખાણીના પુત્ર. નીમ્રત ખોખાણીના પતિ. રાજ અને દિક્ષિતાના મોટાભાઇ. વંશ, મહેર તથા દિયાનના પપ્પા. રૂબી અને ગોગી બુટાલીયાના જમાઇ. તા. ૧૭-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

અમરેલી નિવાસી હાલ ઘાટકોપર ગં. સ્વ. રૂપાબેન હિતેશભાઇ દોશી (ઉં. વ. ૬૫) બુધવાર તા. ૧૬-૯-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. કમળાબેન નવનીતલાલ દોશીના પુત્રવધૂ. તે જિમીત અને પ્રતિક્ષાના માતુશ્રી. તે હર્ષ, વીરા અને ભાવિતાના સાસુ. સ્વ. તિલોતમાબેન જયસુખભાઇ હપાણી, ગં. સ્વ. કવિતાબેન દિલીપભાઇ પીપરીયા અને કિરણભાઇના ભાભી. તે સ્વ. દમયંતીબેન કિશોરકાંત પારેખના સુપુત્રી. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૧૯-૯-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. મહારાજા અગ્રસેન ભવન, બેરિસ્ટર નાથપાઇ રોડ, ૯૦ ફૂટ રોડ, ગરોડિયા નગર, ઘાટકોપર (ઇસ્ટ).

**પ્રભાસ પાટણ વિસા ઓસ્વાળ જૈન**

પ્રભાસ પાટણ નિવાસી હાલ બોરીવલી, મિત્તલબેન શાહ (ઉં. વ. ૪૯) તા. ૦૯-૯-૨૬ને રોજ અરિહંતશરણ પામેલ છે. સ્વ. જ્યોત્સનાબેન સેવંતીલાલ રામચંદ્ર શાહના સુપુત્ર, પરાગભાઈના ધર્મપત્ની, કેનિલના માતુશ્રી, રાધનપુર નિવાસી જ્યોત્સનાબેન સૂર્યકાંતભાઈ અમૃતલાલ દોશીના સુપુત્રી, કેતનાબેન અલ્પેશભાઈ, સ્વ. મમતાબેન દેવેન્દ્રભાઈ, સ્વ. હિનાબેન અજયભાઈ, સંગીતાબેન યોગેશભાઈ શાહ, સોનલબેન મયુરભાઈ દોશી, પ્રશાંતભાઈ, સ્નેહાબેન અમિતભાઈના બહેન. તેમની ભાવયાત્રા તા. ૨૦-૯-૨૬ને રવિવાર બપોરે ૩ થી ૫, પાવનધામ, કાંદિવલી વેસ્ટ.

**ઘોઘારી વીસા શ્રીમાળી જૈન**

જસપરા નિવાસી, હાલ વિલે પાર્લે વેસ્ટ, શ્રીમતી લલિતાબેન શેઠ (ઉં. વ. ૮૭) તે સ્વ. જયંતિલાલ ગોપાલજી શેઠના ધર્મપત્ની. જાગૃતિ, નિશા, પારૂલ, રાજુ, મીના, કવિતાના માતુશ્રી, સ્વ. ભરતકુમાર, ઉર્વીશકુમાર, મુકેશકુમાર, રૂપલ, હેમંતકુમાર, મેહુલકુમારના સાસુ, સ્વ. લીલીબેન રમણીકલાલ શાહ, કનુભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, ચંદ્રકાંતભાઈના ભાભી. પિયરપક્ષે ભાવનગર નિવાસી ચીમનલાલ ફુલચંદ શાહના દિકરી. સોમવાર, તા. ૧૪.૯.૨૬ના સ્વર્ગવાસ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. નિવાસ: અ-૨૦૧, મુક્તેશ્વર બિલ્ડિંગ, સરોજિની રોડ, વિલે પાર્લે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કાંડાગરાના અ.સૌ.ભારતીબેન હીરાલાલ ગાલા (ઉં. વ. ૭૧) તા.૧૫-૯-૨૬ ના અવસાન પામેલ છે. પાંચીબાઈ મેઘજીના પુત્રવધુ. હીરાલાલના પત્ની. રિતેશ, પૂર્વીના માતા. પુષ્પાબેન તલકશી સાવલાના પુત્રી. વિજય, કેતન, સરલાના બેન. સ્થળ : યોગી સભાગૃહ, દાદર (સે.રે.). ટા.૧૦.૩૦ થી ૧૨.૦૦.

ગોધરાના મુલચંદ ભવાનજી છેડા (ઉં. વ. ૮૦)તા. ૧૫-૯-૨૬ ના અવસાન પામેલ છે. ભાણબાઈ ભવાનજી ના પુત્ર. સ્વ.મધુરીના પતિ. સ્વ.કેતકી, જીગ્નેશ, સ્વ.ભાવેશ, સંદીપ, ભાવીનીના પિતા. કોડાયના સ્વ.ખેતબાઈ હીરજી, રાયણના ગં.સ્વ.મણીબેન ખેતશી, બિદડાના સ્વ.મંજુલા હંસરાજ, સ્વ.કાંતીલાલ, સ્વ.તનસુખ, કસ્તુરચંદ, મોટા આસંબીયા પ્રફુલ્લા કાંતીલાલના ભાઈ. ઉનડોઠના કસ્તુરબેન દેવજી જીવરાજના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : મૂલચંદ ભવાનજી, સ્ટારલીંગ હાઈટ, યશવંત સ્માર્ટ સીટી, વસઈ (ઈ).

તલવાણાના નાનબાઇ કાનજી ટોકરશી દેઢીયા (ઉં. વર્ષ ૯૮) તા. ૧૭-૯-૨૬નાં અરિહંત શરણ પામેલ છે. દેવઇ/ખેતબાઇ ટોકરશીના પુત્રવધુ. ગંગાબાઇ વેલજી પોલડીયાના પુત્રી. રીટા, સચીનના માતાજી. ફરાદી દેવકા, રામજી, કોડાય લીલાવંતી પ્રવિણ, કોડાય ભમીબાઇ દેવજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. યશ મોતા, ૫૦૧, શ્રી સમર્થ કૃપા, આયરે રોડ, ડોંબીવલી (ઇ.)

ગોધરાના પદમશી ખેતશી ગાલા (ઉં. વ. ૮૦) તા. ૧૬-૦૯ના અવસાન પામેલ છે. કસ્તુરબેનના પતિ. માતુશ્રી રાજબાઈ ખેતશી વેલજીના પુત્ર. મનીષ, મીના, ગીતા, રક્ષા, જીજ્ઞાના પિતા. કાંતીલાલ, રમેશ, હરખચંદ, ધીરેન, ગોધરાના મેઘબાઈ જેઠાલાલ, ડોણના વિમળા વશનજી, માપરના મંજુલા કાંતિલાલના ભાઈ. બાયઠના ડાઈબાઈ તેજબાઈ ધનજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. મનીષ ગાલા, ક્રીષ્ના રેસીડેન્સી, જૈન મંદિર રોડ, કાનસાઈ સેક્શન, પ્લોટ નં. ૩૮૬, ફ્લેટ નં. ૧૦૧, અંબરનાથ (ઈ.)

બાંભડાઇના અમૃતબેન મહેન્દ્ર સોની (ઉ. ૭૧) તા. ૧૭-૯ના દેહ પરિવર્તન કરેલ છે. હંસાબેન દામજી ના પુત્રવધુ. મહેન્દ્રના પત્નિ. ધવલના મમ્મી. ચંચળબેન લખમશીના સુપુત્રી. મંજુલા પ્રવિણચંદ્ર, જાગૃતિ અનિલ, કાંડાગરા સ્મિતા દીપક શામજી છેડાના બહેન. માંસ પેશીઓ, હાડકાં, ત્વચા, નેત્ર અને દેહદાન કરેલ છે. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. મહેન્દ્ર સોની, એ-૨૦૩, ચિત્રા બિલ્ડીંગ, તાંબે નગર, મુલુંડ (વે), મું. ૮૦.

# હિન્દુ મરણ

**ઘોઘારી લોહાણા**

મહાલક્ષ્મી મુંબઇ નિવાસી સ્વ. જગદીશભાઇ ધીરજલાલ ઠક્કર (કારીયા) (ઉં. વ. ૮૨) તે સ્વ. શાંતાબેન ધીરજલાલ ઠક્કર (કારીયા)ના પુત્ર. કલ્પનાના પતિ. સૌ. ઉર્વિ સ્વપ્નીલ શાહ તથા વિજેતાના પિતા. પુષ્પાબેન પી. માધવાણી, નલીનીબેન વી. કોટક, મિનાક્ષી એ. રાડીયાના ભાઇ. તા. ૧૭-૯-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ભરૂચ દશાલાડ વણીક સમાજ**

મુંબઈ નિવાસી શ્રીમતી જયશ્રી કિશોર શાહ (૭૯) ધર્મપત્ની શ્રી કિશોર કૃષ્ણલાલ શાહ તા. ૧૭-૦૯-૨૦૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે રિતુલ કિશોર શાહનાં માતોશ્રી તથા વૈશાલીનાં સાસુ, વરજીવનદાસ ચિમનલાલ ગાંધીનાં પુત્રી, સ્વ. ઇલા કુંજબિહારી સ્વાલાનાં બહેન. પન્ના કૃષ્ણલાલ શાહનાં ભાભી. સ્નેહલતા જીતેન્દ્ર શાહ, પન્ના જયસુખ શાહનાં દેરાણી, આરવ અને માહિનાં દાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી સઇ સુથાર જ્ઞાતી**

વાકાનેર નિવાસી હાલ ભાંડુપ તે સ્વ. ગંગાબેન રામજીભાઇ પરમારના દીકરી સ્વ. વર્ષાબેન (ઉં. વ. ૭૪) બુધવાર, તા. ૧૬-૯-૨૬ના દેવલોક પામેલ છે. તે સ્વ. કલાબેન, સ્વ. જશુબેન, જયાબેન, રેખાબેન, દમયંતીબેન, સ્વ. મયુરભાઇ, વિરેશભાઇ, વિજયભાઇના બેન. તે ભારતીબેન, રેખાબેન તથા વાસંતીબેનના નણંદ. તે રિમ્પલ, પ્રતિક, સેજલ, નિશિત તથા રિદ્ધિના ફઇબા. સાદડી પ્રથા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટીયા વૈષ્ણવ**

ગં. સ્વ. મીના મોરારજી આશર (ઉં. વ. ૯૪) સ્વ. મોરારજી ચત્રભુજ આશરના પત્ની. સ્વ. ચત્રભુજ કરસનદાસ માવજી આશર (રંગવાળા), સ્વ. ચંપાબેન અને સ્વ. હીરાબેનના પુત્રવધૂ. સ્વ. કોકિલાબેન ચત્રભુજ આશરના ભાભી.માતા : મમતા આશર, અનીશા ઉદ્દેશી અને જાગૃતિ પલેજા. પુત્રી : સ્વ. કરસનદાસ ઝવેરી અને સ્વ. પુષ્પાબેન ઝવેરી. બહેન : સ્વ. રતનશી ઝવેરી, સ્વ. મધુકાંત ઝવેરી, સ્વ. સુંદરદાસ ઝવેરી અને સ્વ. માધુરીબેન રમણકાંત કાપડિયા. બુધવાર, તા. ૧૬-૯-૨૬ના નિધન થયું છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ.લક્ષ્મીબાઇ હરીરામ જેઠાભાઇના સુપુત્ર રમેશભાઇ હરીરામ ઠક્કર (ઉં. વ. ૮૯) ઉષાબેનના પતિ. ઝરિયાવાળા શામજી લધાભાઇ માણેકના જમાઇ ગુરુવાર તા. ૧૭-૯-૨૬ના દિને દેવલોક પામ્યા છે. ચૈતન્ય, વિનિતના પિતા. સ્વ. વિધી, નિકિતાના સસરા. તન્વિશ વેદ તથા માયરાના દાદા. ડો. અદિતિના દાદા-સસરા. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**પરજીયા સોની જ્ઞાતિ**

મૂળગામ જેતપુર હાલ બોરીવલી ગં. સ્વ. શારદાબેન રતીલાલ થડેશ્વર (ઉં. વ. ૮૨) તે સ્વ. રતીલાલ ભુરાભાઇ થડેશ્વરના ધર્મપત્ની તા. ૧૭-૯-૨૬ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. નિલેશભાઇ, પરેશભાઇ તથા આશાબેન વિનોદકુમાર ચલ્લા (દડવા) ના માતુશ્રી. તે પૂજાબેન, રીટાબેનના સાસુજી. તથા નિકિતા, રાજ, આદિત્ય તથા ધરમના દાદીજી. ખુશ્બુબેન, આરવભાઇના નાનીજી. તે પિયરપક્ષે દેવદાનભાઇ જીવાભાઇ ધકાણ (ગઢડા)ના દીકરી. લૌકિક પ્રથા બંધ છે.

**ઘોઘારી દશાશ્રીમાળી વૈષ્ણવ જ્ઞાતિ**

ભાવનગર નિવાસી (હાલ ઘાટકોપર) સ્વ. અરવિંદભાઇ જયસુખલાલ મહેતા (ઉં. વ. ૮૨) તા. ૧૮-૯-૨૬ શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. તેમના પત્ની રેખાબેન. કેતન-અનીક્ષા, વિપુલ-જિજ્ઞા, વૈભવી-પ્રેમલના પિતા. ઝલક, નિયતિ, નિગમ, આદિત્ય, મિષ્ટિના દાદા. લલિતભાઇ, લીલમબેન તથા દમુબેનના ભાઇ. કસળચંદ અમરચંદ શાહના જમાઇ. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૦-૯-૨૬ના સવારના ૧૦થી ૧૨. ઠે. સ્વામિનારાયણ મંદિર, ૯૦ ફૂટ રોડ, ઘાટકોપર (ઇસ્ટ).

**સોરઠીયા બ્રમ્હક્ષત્રિય**

મહુવા નિવાસી હાલ દહીસર, નવિનચંદ્ર બોસમિયા (ઉં. વ. ૮૨) તે સ્વ. મણિબેન પરમાણંદ બોસમિયાના પુત્ર. ચંપાબેનના પતિ, પારસ્લ, હેમાંશુ, ધૃતિ, સ્નેહલના પિતા, સ્વ. ચંદુલાલ, સ્વ. ચતુરાબેન દ્વારકાદાસ મણિયાર, સ્વ. જ્યોતિન્દ્રભાઈ, સ્વ. નિર્મળાબેન પરષોત્તમદાસ ગરાછ, વ્રજલાલ, ગં.સ્વ. વિજયાબેન રતિલાલ પડિયા, સ્વ. પ્રતાપભાઈ, સ્વ. ધિરજલાલના ભાઈ, પ્રભુદાસ નરસિંહદાસ ભુછડાના જમાઈ. ૧૫-૯-૨૬ મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ૧૯-૯-૨૬ શનિવારના રોજ સાંજે ૪ થી ૬. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, એસ. વી. રોડ, પારેખ ગલી કોર્નર, હાલાઇ લુહાણા મહાજનવાડી અને શંકર મંદિરની સામે, કાંદીવલી વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**ઔદીચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ**

સ્વ. બટુકરાય નાનજીભાઈ વ્યાસ (ઉં. વ. ૭૮) તે સ્વ. ઉષાબેનના પતિ. પિન્કીબેન હેમાંશું સૂરા, અમિતા મૌલિક જપીના પિતાશ્રી, બળવંતભાઈ વ્યાસ, સ્વ. નરોત્તમભાઇ અને સ્વ. જયંતકુમાર, સ્વ. જશુબેન હરસુખરાઇ ભટ્ટના ભાઈ. સ્વ. પંચોલી શરદભાઈ, ભુપેન્દ્રભાઈ, સ્વ. શુક્લ હીરાબેન પંચોલી રવીન્દ્રભાઈ, બિપીનભાઈના બનેવી. તા. ૧૭/૯/૨૬ના રોજ કાંદિવલી શિવલોક પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૯/૯/૨૬ શનિવારે ૪ થી ૬. કેવલ બાગ, ૫, કિલાચંદ રોડ, જેઠવા નગર, નમહ હોસ્પિટલ બાજુમાં કાંદિવલી વેસ્ટ.

**રાજપુરોહિત બ્રાહ્મણ જ્ઞાતિ**

ગં.સ્વ. શ્રીમતી ઉર્મિલાબેન ગિરીશભાઈ નાકર (ઉં. વ. ૭૮) તા. ૧૭/૯/૨૬ના રોજ અવસાન થયેલ છે. તે સ્વ. ગિરીશભાઈ માવજીભાઈ નાકરના ધર્મપત્ની, રાજેશ અને દર્શનાના માતુશ્રી, વિજય ખેતિયા, તૃપ્તિબેનના સાસુ. પિયરપક્ષ સ્વ. જેશંકરભાઈ બારોટ (જામનગર) ના દીકરી, મુકેશભાઈ બારોટ અને કિશોરભાઈ બારોટના બહેન. પ્રાર્થનાસભા તા. ૧૯/૯/૨૬, શનિવાર સમય સાંજે ૫:૦૦ થી ૭:૦૦. સ્થળ: વૃંદાવન વાટિકા, ન્યુ લિંક રોડ, યોગી ટાવર સામે, એકસર ગામ, યોગીનગર, બોરીવલી વેસ્ટ.

**કચ્છી લોહાણા**

મનીષ હરીશભાઈ માણેક (ઉં. વ. ૫૨) મૂળ વતન વરસામેડી, હાલ મુલુંડ તા.૧૬-૯-૨૬ના રોજ અવસાન થયું છે. તે સ્વ. નર્મદાબેન રાઘવજીભાઈ માણેકના પૌત્ર. ગં.સ્વ. પાર્વતીબેન હરીશભાઈ માણેકના પુત્ર, આરતીબેનના પતિ, સંગીતા યોગેશભાઈ ઠક્કર તથા સ્મિતા સચીનભાઈ કેસરિયાના ભાઈ. કાન્તાબેન ઉમેદભાઈ ઠક્કરના મોટા જમાઈ. બંને પક્ષની પ્રાથનાસભા તા. ૧૯-૯-૨૬ શનિવારે ૫ થી ૭. ગોપુરમ હોલ,રાજેન્દ્ર પ્રસાદ રોડ, જ્ઞાન સરીતાની બાજુમા, મુલુંડ વેસ્ટ.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

તોતણીયાળા રોહીશાળા નિવાસી હાલ મલાડ, ગં.સ્વ. ભદ્રાબેન બાબુલાલ પ્રેમચંદ કોઠારીના સુપુત્ર આશિષભાઈ (ઉં. વ. ૫૬) તા. ૧૭/૯/૨૬ના ગુરુવારે અક્ષરવાસ પામ્યા છે. તે ફાલ્ગુનીબેનના પતિ. આયુષના પિતા. શિલ્પા જયેશભાઈ, ગં.સ્વ. મીનાબેન દીપકભાઈ સંઘરાજકા, દીપિકાબેન રાકેશકુમાર પારેખના ભાઈ. ઉર્મિ, નક્ષીતાના કાકા. ગં.સ્વ. કંચનબેન કનુભાઈ શાહના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વહેવાર બંધ છે. ઠે.: બી/૫૦૪, સંકલ્પ વિઘ્નેશ્વર કો.ઓપ. હાઉસિંગ સોસાયટી, પુષ્પા પાર્ક રોડ નં. ૨, દફતરી રોડ, મલાડ (પૂ.).

**ખંભાતી દશા પોરવાડ**

બોરસદના, સ્વ. લીલાવતીબેન સ્વ. જયંતીલાલ પરીખનાં પુત્રવધૂ, કિશોરભાઈનાં પત્ની પ્રીતિબેન (ઉં. વ. ૮૧) ૧૭મી ને ગુરુવારે શ્રીજીચરણ પામ્યાં છે. તે દર્શના - નિતેશ, નંદિતા - અમોલ, વિનીત - ખ્યાતિનાં માતા. પિયરપક્ષે સ્વ. સવિતાબેન તથા સ્વ. શાંતીલાલ પુરુષોત્તમ મહેતાનાં પુત્રી, સ્વ. હિંમતલાલ મહેતા, સ્વ. ચીમનલાલ મહેતા, સ્વ. કનુભાઈ મહેતા, સ્વ. ધીરજલાલ મહેતા, સુશીલા મણિયાર, મંજુલા શાહ, સ્વ. વાસંતી મહેતા, સુહાસિની શાહનાં બહેન. પ્રાર્થનાસભા રવિવાર, ૨૦મીએ સવારે ૧૦ થી ૧૨. ઠે.: એસએનડીટી બેન્કવેટ હોલ, આર. એ. કિડવાઈ રોડ, માટુંગા (પૂ.).

**વીસા મોઢ અદાલજા વૈષ્ણવ વણિક**

મૂળ ખંભાત ગામ હાલ અંધેરી, અંજુ દિલીપ પરીખ દિલીપ નટવરલાલ પરીખના ધર્મપત્ની, સ્વ. ઈન્દ્રાવતી તથા નટવરલાલ પરીખની પુત્રવધુ, જયંતિલાલ તથા મધુબેન પરિખના દિકરી, ધર્મ તથા ઝરણાના મમ્મી. દિપેનભાઈ તથા વિધિના સાસુ. ૧૮-૯-૨૬ શુક્રવારના દિવસ શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રવિવાર રોજ તા. ૨૦-૯-૨૬ના સાંજના ૪-૬. આજીવાસન હોલ, એસએનડીટી કોલેજની બાજુમા, સાંતાક્રુઝ પશ્ચિમ. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

રેખાબેન (ઉં.વ.૮૦) તે સુરેશ ગોકુલદાસ સુતરિયાના ધર્મપત્ની, મિલિન્દ તથા ચિંતનના માતુશ્રી, આરતી તથા સ્વાતિના સાસુ, રિયા, વિવાન તથા વરુણના દાદી, સ્વ. સંતોકબેન હરિલાલ ગઢિયાના દીકરી. તા. ૧૭/૦૯/૨૦૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. લૌકિક ક્રિયા તથા ઉત્તર ક્રિયા બંધ રાખેલ છે.

**કપોળ**

મહુવા નિવાસી હાલ વસઈ રોડ, ગં.સ્વ. હંસાબેન ભુપતરાય વોરાના પુત્ર સ્વ. પ્રફુલભાઈ (ઉં. વ. ૭૧) તારીખ ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે પ્રવિણાબેનના પતિ, ગૌરવ તથા સ્વ. માનસીના પિતા, દીપકભાઈ તથા ઇલાબેન રાજેશભાઈ સંઘવીના મોટાભાઈ, રીચાના સસરા, સસુરપક્ષે સ્વ. ભગવાનજીભાઈ માણેકચંદ પારેખના જમાઈ, મોસાળપક્ષે વ્રજલાલ સુંદરજી દોશીના ભાણેજ. સર્વ પક્ષીય પ્રાર્થનાસભા તારીખ ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સમય સાંજના ચાર થી છ. સ્થળ: જૂનું સ્વામિનારાયણ મંદિર, ૬૦ ફીટ રોડ, વસઈ રોડ વેસ્ટ.

# પારસી મરણ

રોશન માનેકશા શરોફ તે મરહુમો ખોરશેદાબાનુ માનેકશા રુસ્તમજી શરોફના દીકરી. તે મરહુમો હોમાઇ, મની, દારાના બહેન. તે દીલશાહ મનચેર દેબુના ફૂઇ. તે માહારૂખ, આબાન, આરમઇતી, મરહુમ જીમીના માસી. તે પરવીઝ ને સોરબ મરહુમ નોશીરના માસી સાસુ. તે મરહુમ હોમી દલાલ, ફરેદુન મોતાફરાના સાલી. (ઉં. વ. ૧૦૨). રે. ઠે. ફલેટ ૪૧, પનદોત ૨૨-એ, પેરી ક્રોસ રોડ, બાંદ્રા (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૯-૯-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે બાંદ્રાના અગિયારીમાં.

કુમી જમશેદજી મિસ્ત્રી, તે મરહુમો બાનુ જમશેદજી મિસ્ત્રીના દીકરી. તે નોશીર તથા મરહુમો એરચ, દારા, જાહાગીર, હોમાય, કેટી ને મીનુના બહેન. તે ફરોખ, કેશમીરા ને કેશવરના ફૂઇ. (ઉં. વ. ૯૦) રે. ઠે. ૧૦૮, પટેલ એપાર્ટમેન્ટ, અગિયારી લેન, તેમ્ભી નાકા, થાણે, ૪૦૦૬૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૯-૯-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે, થાણા અગિયારીમાં છેજી.

સોલી જાહાનગીર મીરઝા તે રોશનના ધની. તે મરહુમો મનીજેહ જહાંગીરજી મીરઝાના દીકરા. તે દેલના પપ્પા. તે શેઝાદના સસરા. તે મરહુમો બચા બમનસા અવારીના જમાઇ. તે આબાન તથા મરહુમો કેટી, રુસી, જરૂ, પરવેઝ તથા પેસીના ભાઇ. તે ઝયાન દારીયાના મમાવાજી. (ઉં. વ. ૮૩) રે. ઠે. ૨૦૪ રદીયતન કલાસીક કો. હા. સોસાયટી, રામ ટેકડી રોડ, હદપસર, પુણે-૪૧૧૦૪૦. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૯-૯-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે મેહલા પટેલ અગિયારીમાં છેજી.

હુતોક્ષી બોમી ખેશવાલા તે મરહુમ બોમી પી. ખેશવાલાના ધનીયાની. તે મરહુમો અદી તથા હોમાય પોસ્તવાલાના દીકરી. તે આરમીન જસુમતી તથા મેહેરનોશ અને ખુરશેદના માતાજી. તે અસ્પી જસુમતી તથા કેશમીરાના સાસુજી. તે હોમીયાર અને બખ્તાવરના બહેન. તે અબાન અને દાનેશના ગ્રેની. તે કરૂશના ફુઇજી. (ઉં. વ. ૮૫), રે. ઠે.૬૦૨, મેનકા નાલંડા. કો. ઓ. સોસાયટી, ૧૪૨-૧૪૩ જય પ્રકાશ રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૩. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૯-૯-૨૬ને દિવસે સાંજે ૩.૪૫ એ માલકમ બાગની અગિયારીમાં કરવામાં આવશેજી.

કેટાયુન દારબશા મીરઝા તે મરહુમો ધનમાય દારબશા દોસાભાઇના દીકરી. તે કેરસીના બહેન. તે મહીયરના ફૂઇ. તે પરીનાઝના ફૂઇ સાસુ. તે મરહુમ એમીના નણંદ. તે ખુશરવ ને અરનાઝના મોટા ફૂઇ. (ઉં. વ. ૮૬) રે. ઠે. બી-૨૦૩, બીજે માળે, આનંદ સોસાયટી, જે. પી. રોડ, પ્રથારે પ્રભા હોલ આગળ, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૯-૯-૨૬ના દિને બપોરે ૩.૪૦ વાગે બેનેટ નં.૫માં, ડુંગરવાડી.

# દુર્ભાગ્યવશ લોકો હજુ પણ પુત્રને જ પ્રાધાન્ય આપે છે: હાઈ કોર્ટ

મુંબઈ: બોમ્બે હાઈ કોર્ટે પરિવાર બીજી દીકરી ઇચ્છતો ન હોવાથી પોતાની એક મહિનાની પૌત્રીની હત્યા કરવા બદલ ધરપકડ કરાયેલ એક વ્યક્તિને જામીન આપવાનો ઇનકાર કર્યો છે. હાઈ કોર્ટની નાગપુર બેન્ચના ન્યાયાધીશ એમ. એમ. નેરલિકરે ૯ સપ્ટેમ્બરે પસાર કરેલા એક આદેશમાં આરોપી ગોપીનાથ જાનકુ પ્રધાનની જામીન અરજી ફગાવી દીધી હતી. પૂર્વ મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લાની પોલીસે ૨૦૨૩માં પ્રધાન વિરુદ્ધ હત્યા અને પુરાવાનો નાશ કરવાના આરોપસર કેસ નોંધ્યો હતો. તેમના પર આરોપ હતો કે તેમણે તેમની એક મહિનાની પૌત્રીને ટબમાં ડુબાડીને મારી નાખી હતી. તે વ્યક્તિએ પોતાની જામીન અરજીમાં નિર્દોષ હોવાનો દાવો કર્યો અને ધ્યાન દોર્યું કે મૃત બાળકની માતા, જે આ કેસમાં આરોપી પણ છે, તેને અગાઉ જામીન મળી ચૂક્યા છે. ન્યાયમૂર્તિ નેરલિકરની બેન્ચે તેના આદેશમાં નોંધ્યું હતું કે, "તે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે કે આઝાદીના ૮૦ વર્ષ પછી પણ આપણા દેશમાં લોકો હજુ પણ પુત્રને જ પ્રાધાન્ય આપે છે." શંકા જતાં એક સ્થાનિક રહેવાસીએ પોલીસને આ ઘટનાની જાણ કરી હતી, જેના પગલે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ, બાળકના મૃતદેહને જમીનમાંથી બહાર કાઢવામાં આવ્યો અને પોસ્ટમોર્ટમ તપાસમાં મૃત્યુનું કારણ ડૂબવાને લીધે શ્વાસ રૂંધાયો હોવાનું જણાયું હતું. પ્રધાનની જામીન અરજી ફગાવી દેતાં અદાલતે નોંધ્યું હતું કે આરોપીનું વર્તન અને ગુનો આચરવાની પદ્ધતિથી તેને કોઈ પણ પ્રકારની રાહત આપી શકાય નહીં. પીટીઆઈ

# મધ્ય રેલવે દ્વારા ૨૨ સપ્ટેમ્બરથી પુણે અને બીડ વચ્ચે દૈનિક ટ્રેન સેવા

બીડ: સેન્ટ્રલ રેલવેએ શુક્રવારે જણાવ્યું હતું કે મધ્ય મહારાષ્ટ્રમાં બહુપ્રતિક્ષિત પુણે અને બીડને જોડતી દૈનિક ટ્રેન સેવા ૨૨ સપ્ટેમ્બરથી શરૂ થશે. આ ટ્રેન નવા વિકસાવવામાં આવેલા અહમદનગર-બીડ રૂટ પરથી પસાર થશે. સત્તાવાર નિવેદન અનુસાર, પુણે-બીડ-પુણે ડેઈલી એક્સપ્રેસ ૩૨૬ કિલોમીટરનું અંતર ૭ કલાક અને ૧૫ મિનિટમાં કાપશે. ટ્રેન નંબર ૧૧૪૩૩ પુણેથી રાત્રે ૧૦:૪૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૬:૦૦ વાગ્યે બીડ પહોંચશે. પરત મુસાફરીમાં, ટ્રેન નંબર ૧૧૪૩૪ બીડથી ૨૩ સપ્ટેમ્બરથી રાત્રે ૯:૩૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૫:૨૦ વાગ્યે પુણે પહોંચશે. આ ટ્રેનનું બુકિંગ ૨૦ સપ્ટેમ્બરથી શરૂ થશે. આ ટ્રેન ૧૫ આધુનિક 'લિંકે હોફમેન બુશ' (એલએચબી) કોચ સાથે દોડશે, જેમાં એક એસી ૨-ટાયર, બે એસી ૩-ટાયર, ૬ સ્લીપર ક્લાસ, ૪ અનરિઝર્વ્ડ જનરલ સેકન્ડ ક્લાસ, ૧ જનરેટર કાર અને ૧ લગેજ-કમ-ગાર્ડ વાનનો સમાવેશ થશે. તે ઉરુલી, દાઉન્ડ ચોર્ડ લાઇન, શ્રીગોંડા રોડ, અહિલ્યાનગર, નારાયણડોહો, ન્યુ અષ્ટી અને અમલનેર ભંડ્યાચે ખાતે થોભશે. એક અખબારી યાદી મુજબ નવી સેવાને કારણે, સેન્ટ્રલ રેલવેએ ત્રણ ટ્રેનોના ઉપડવાના સમયમાં ફેરફાર કર્યો છે.

---

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

■ સ્પોર્ટ્સમૅન

અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# એશિયા કપના ચૅમ્પિયન્સ... હવે એશિયન ગૅમ્સમાં પરચો બતાવો

## પુરુષ-મહિલા બંને વર્ગમાં ભારત એશિયા કપ વિજેતા છે. હવે જાપાનમાં શરૂ થઈ રહેલા એશિયાડમાં પણ ચૅમ્પિયનપદ હાંસલ કરવાનો સમય આવી ગયો છે


શ્રેયસની કેપ્ટન્સીમાં તાજેતરમાં જ ભારતીયો અફઘાનિસ્તાન સામે ૩-૦થી સિરીઝ જીત્યા હતા.


ભારતની મહિલા ટી-૨૦ ટીમે શુક્રવારે સવારે જાપાનને આઠ વિકેટે હરાવ્યું હતું.

ભારતની ડોમેસ્ટિક ક્રિકેટના બેટિંગ-લેજન્ડ અને ભારતની મહિલા ક્રિકેટ ટીમના હેડ-કોચ અમોલ મુઝુમદારે તાજેતરમાં બહુ સરસ નિવેદન આપ્યું હતું. ભારતીય મહિલા ટીમે દુબઈમાં એશિયા કપ ટી-૨૦ ટૂર્નામેન્ટ જીતી લીધા બાદ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના ચીફ તથા એશિયન ક્રિકેટ કાઉન્સિલના ચેરમેન મોહસિન નકવીના હાથે ટ્રોફી સ્વીકારવાની મનાઈ કરી અને છેવટે ભારતીય ટીમ સુધી ટ્રોફી ન પહોંચી શકી એને પગલે અમોલે પત્રકારોને કહ્યું હતું કે ‘બીસીસીઆઈએ (નકવીના હાથે ટ્રોફી ન સ્વીકારવાનો) જે અભિગમ અપનાવ્યો એ અમને શિરોમાન્ય છે. અમે માત્ર એટલું જ જાણીએ છીએ કે અમારા માટે આ ટૂર્નામેન્ટ (એશિયા કપ) હવે પૂરી થઈ ગઈ છે અને અમે ચેમ્પિયન બની ગયા છીએ. અમારા માટે એ પૂરતું છે. અમારા માટે આ ટૂર્નામેન્ટનો સત્તાવાર રીતે અંત આવી ગયો છે અને હવે અમારું લક્ષ્ય એશિયન ગેમ્સની ટ્રોફી જીતવાનું છે.’

પુરુષ અને મહિલા, બંને વર્ગની એશિયન ગેમ્સ ટી-૨૦માં ભારત ડિફેન્ડિંગ ચેમ્પિયન છે. ભારતની મેન્સ ટીમે ૨૦૨૫માં સૂર્યકુમાર યાદવની કેપ્ટન્સીમાં એશિયા કપ ટૂર્નામેન્ટ જીતી લીધી હતી અને મહિલા ટીમે તાજેતરમાં જ હરમનપ્રીત કૌરના સુકાનમાં વિજેતાપદ મેળવ્યું. ભારતે એશિયન ક્રિકેટ કાઉન્સિલના ચેરમેન મોહસિન નકવીને અવગણ્યો એટલે ભારતને આ બંને એશિયા કપ ટ્રોફી નથી મળી શકી.

હવે બંને ચેમ્પિયન ભારતીય ટીમે એશિયન ગેમ્સમાં પણ પરચો બતાવી દેવાનો છે. એશિયન ગેમ્સ રમતોત્સવ ઓલિમ્પિક્સના છત્ર હેઠળ આવતો હોવાથી અને યજમાન તરીકે જાપાન હોવાથી ભારતની બંને ક્રિકેટ ટીમ જો ચેમ્પિયન બનશે તો તેમને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવશે.

આ પહેલાં, ૨૦૨૨માં ચીનના હાંગઝોઉમાં યોજાયેલી એશિયન ગેમ્સમાં ભારતીય મહિલાઓએ હરમનપ્રીતની કેપ્ટન્સીમાં જ ફાઈનલમાં શ્રીલંકાને ૧૯ રનથી હરાવીને ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. એ ટૂર્નામેન્ટમાં ભારત અને શ્રીલંકા પહેલા તથા બીજા નંબર પર રહ્યા હતા જ્યારે ત્રીજા સ્થાન માટેની મેચમાં બાંગ્લાદેશે પાકિસ્તાનને હરાવી દીધું હતું.

અગાઉ ૨૦૧૦ અને ૨૦૧૪ની એશિયન ગેમ્સ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં પાકિસ્તાન ચેમ્પિયન બન્યું હતું. જોકે ભારતે ત્યારે આંતરરાષ્ટ્રીય ક્રિકેટનું શેડ્યૂલ ખૂબ જ વ્યસ્ત હોવાને કારણે એ બન્ને ટૂર્નામેન્ટમાં ભાગ નહોતો લીધો.

આ વર્ષના જુલાઈ મહિનામાં ભારતની મહિલા ટીમ ટી-૨૦ વર્લ્ડ કપમાંથી વહેલી બહાર થઈ ગઈ હતી. જોકે એશિયા કપમાં ભારત સૌથી શક્તિશાળી ટીમ છે એટલે એશિયન ગેમ્સનું ટાઈટલ પણ જીતવા માટે હોટ ફેવરિટ છે.

એશિયા કપની ફાઈનલમાં ભારતે શ્રીલંકાને હરાવીને ચેમ્પિયનપદ મેળવી લીધું હતું. એ પહેલાં, એ જ ટૂર્નામેન્ટમાં પાકિસ્તાનની ટીમને ખૂબ ખરાબ રીતે હરાવી હતી. આ બે પરિણામને ધ્યાનમાં લેતાં તેમ જ અન્ય ટીમોની સ્થિતિ જોતાં ભારતની મહિલા ટીમ ગોલ્ડ મેડલ જીતવા માટે સૌથી વધુ દાવેદાર છે. શુક્રવારે ભારતની મહિલા ટીમ જાપાનને હરાવીને સેમિ ફાઇનલમાં પહોંચી ગઈ હતી જેમાં રવિવારે ભારતનો મુકાબલો બાંગ્લાદેશ સામે થશે.

ભારતની મહિલાઓએ તાજેતરના એશિયા કપની ફાઈનલમાં શ્રીલંકાને ૭૨ રનથી હરાવી દીધું હતું, પરંતુ એશિયન ગેમ્સમાં એકમાત્ર શ્રીલંકાની ટીમ એવી છે જે ભારતને સૌથી વધુ પડકાર આપી શકે છે. ૨૦૨૪ના એશિયા કપની ફાઇનલમાં શ્રીલંકાએ જ ભારતને હરાવીને ટ્રોફી જીતી લીધી હતી. જોકે ત્યાર બાદ શ્રીલંકાની ટીમ ભારતને ટી-૨૦ના સાત મુકાબલામાં ક્યારેય નથી હરાવી શકતી.

જેમિમા રોડ્રિગ્સ ઈજાને કારણે એશિયન ગેમ્સમાં નથી રમી રહી. જોકે તેને બાદ કરતા હરમનપ્રીત કૌર, સ્મૃતિ મંધાના, શેફાલી વર્મા, દીપ્તિ શર્મા, ક્રાંતિ ગૌડ, નંદની શર્મા, રિચા ઘોષ સહિતની તમામ મુખ્ય ખેલાડીઓ ભારતીય ટીમમાં સામેલ છે.

પુરુષોની ટી-૨૦માં શ્રેયસ ઐયરની કેપ્ટન્સીમાં ભારતીય ટીમની પહેલી મેચ ૨૮મી સપ્ટેમ્બરે રમાશે. જોકે એ પહેલાં ભારતીય ક્રિકેટરો રવિવારે જાપાન પહોંચી ગયા બાદ મંગળવારે (૨૨મી સપ્ટેમ્બરે) યજમાન જાપાનની ટીમ સામે ઐતિહાસિક ટી-૨૦ મુકાબલામાં ઝુકાવશે. મેન્સ ક્રિકેટમાં જાપાનની એ પહેલી જ આંતરરાષ્ટ્રીય મેચ હશે.

૨૮મી સપ્ટેમ્બરે ભારતની મેચ સીધી ક્વોર્ટર ફાઈનલમાં ગ્રૂપ-એની રનર-અપ ટીમ સામે રમાશે. ૨૦૨૫માં ભારતે સૂર્યકુમાર યાદવના સુકાનમાં એશિયા કપ જીતી લીધો હતો. જોકે સૂર્યકુમારને ત્યાર પછી ભારતીય ટી-૨૦ ટીમની બહાર કરી દેવામાં આવતાં હવે શ્રેયસ ઐયરની કેપ્ટન્સીમાં ભારતીય ટીમ ટી-૨૦ ટૂર્નામેન્ટો રમી રહી છે.

એશિયન ગેમ્સ માટેની બંને ભારતીય ટીમ

**પુરુષોની ટીમઃ** શ્રેયસ ઐયર (કેપ્ટન), તિલક વર્મા (વાઈસ કેપ્ટન), સંજુ સેમસન (વિકેટકીપર), ઈશાન કિશન (વિકેટકીપર), વૈભવ સૂર્યવંશી, અભિષેક શર્મા, શિવમ દુબે, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, જસપ્રીત બુમરાહ, અર્શદીપ સિંહ, રવિ બિશ્નોઈ, વિપ્રજ નિગમ અને યશ ઠાકુર.

**મહિલાઓની ટીમઃ** હરમનપ્રીત કૌર (કેપ્ટન), સ્મૃતિ મંધાના (વાઇસ કેપ્ટન), શેફાલી વર્મા, રિચા ઘોષ (વિકેટકીપર), ભારતી ફુલમાલી, જી. કમલિની, શ્રેયંકા પાટીલ, દિપ્તિ શર્મા, ક્રાંતિ ગૌડ, અરૂંધતી રેડ્ડી, રેણુકા સિંહ ઠાકુર, નંદની શર્મા, શ્રી ચરની અને રાધા યાદવ. ■

### ભારતીય ઍથ્લીટો પાસે શું અપેક્ષા રાખી શકાશે?

આ પહેલાં ૨૦૨૨માં ચીનના હાંગઝોઉમાં યોજાયેલી એશિયન ગેમ્સમાં ભારત ૧૦૭ મેડલ જીત્યું હતું. આ રમતોત્સવમાં ભારતનો અત્યાર સુધીનો એ સર્વશ્રેષ્ઠ પર્ફોર્મન્સ છે. આ વખતે ભારતના કુલ ૫૦૦થી વધુ ઍથ્લીટ અને ખેલાડી એશિયન ગેમ્સમાં ભાગ લઈ રહ્યા છે. એ જોતાં, ગયા વખત કરતાં વધુ ચંદ્રકો આવવાની અપેક્ષા રાખી શકાય. ભારતીયો આશરે ૩૬ પ્રકારની રમતની હરીફાઈઓમાં ભાગ લેશે.

ક્રિકેટમાં ભારતને બંને ગોલ્ડ મેડલ મળવાની પાક્કી સંભાવના છે. પગની ઘૂંટીની ઈજાને કારણે ભાલાફેંકનો ચેમ્પિયન નીરજ ચોપડા એશિયન ગેમ્સમાં ભાગ નથી લેવાનો એમ છતાં ભારતને ઘણા ઍથ્લીટો અને ખેલાડીઓ પાસે મેડલની આશા છે. નિશાનબાજીમાં મનુ ભાકર ભારતને ઓછામાં ઓછા બે ચંદ્રક અપાવી શકે. ગઈ ઑલિમ્પિક્સમાં તે શૂટિંગના બે બ્રોન્ઝ મેડલ જીતી હતી. બેડમિન્ટનમાં પી. વી. સિંધુ તથા લક્ષ્ય સેન તેમ જ સાત્વિકસાંઇરાજ અને ચિરાગ શેટ્ટીની જોડી પાસે ઘણી અપેક્ષા છે.

મહિલાઓની વેઇટલિફ્ટિંગમાં મીરાંબાઈ ચાનુ તથા પુરુષોની ૫૭ કિલો ફ્રીસ્ટાઈલ કુસ્તીમાં અમન સહેરાવત પર ભારતનો સૌથી વધુ મદાર છે. આ ઉપરાંત બીજા ઘણા આશાસ્પદ ઍથ્લીટો ભારતને ચંદ્રકોની સેન્ચુરી સુધી પહોંચાડી શકે.


---

■ અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# હોફસ્ટેટેનમાં સ્વિસ ગાય વચ્ચે હાઇકની મજા...





આખો દિવસ સ્વિસ આલ્પ્સમાં ગાયોના ગળે બાંધેલી ઘંટડીઓ સાંભળવામાં ગજબની શાંતિ મળતી હતી. જોકે એ શાંતિ માટે સ્વિત્ઝરલેન્ડ જવું જરાય ફરજિયાત નથી. કોઈ પણ દેશમાં સારા વેધરમાં લીલોતરી વચ્ચે કે જંગલમાં કુદરતની વચ્ચે શાંત મગજ અને કોઈ હડબડી વિનાના પ્લાન સાથે એટલી જ મજા કરી શકાય, પછી તે યુરોપનું, ભારતનું કે ઉત્તર કે સાઉથ અમેરિકાનું ગામડું હોય કે ન્યૂ ઝિલેન્ડનાં ખેતરો.

કોઈ કારણસર વેધર આજકાલ ખાસ ભરોસાપાત્ર રહ્યું નથી પણ છતાંય જ્યારે જિંદગી મોકો આપતી કે રજાઓ લેવાનો મેળ પડી જતો, ત્યારે એવી કોઈ જગ્યા તો મળી જ જતી હતી. ગયા વર્ષની દિવાળી પર અમે ચારેય અમદાવાદથી આબુ કે મુંબઈથી માથેરાન નીકળ્યાં હોઈએ એવી રીતે સ્વિસ આલ્પ્સમાં પહોંચી ગયાં હતાં. એ પણ વેધર સારું નથી એ માહિતી સાથે. જ્યારે રજા હોય અને પ્લાન હોય ત્યારે જ વેધર ખરાબ હોય તે પણ ક્યારેક મર્ફીનાં લો જેવું બની જતું હોય તેવું લાગે. ત્યારે જર્મન કહેવત ખાસ યાદ આવે, વરસાદ કે સ્નોમાં બહાર નીકળતાં અચકાવું નહીં, આપણે કંઈ ખાંડનાં નથી બનેલાં.

લાસ્ટ મિનિટ હોવા છતાં બ્રિએન્ઝમાં એક મજાનો હોલિડે એપાર્ટમેન્ટ મળી ગયો હતો. બરાબર પહાડો વચ્ચે ઢોળાવો પર વસેલા ગામડામાં બે-ત્રણ દિવસ બીજે ક્યાંય જઈ ન શકાય તો પણ બસ ગાયો, ઘેટાં અને ખેતરોની કેડીઓ અને પહાડી ટ્રેક વચ્ચે ફર્યા કરીશું એમ વિચારીને અમે ત્યાં પહોંચી જ ગયેલાં. અમારો એપાર્ટમેન્ટ બ્રિએન્ઝ પાસેના તેનાથી પણ વધુ નાનકડા ગામ હોફસ્ટેટેનમાં હતો.

હોફસ્ટેટેનમાં ગણીને દસ-પંદર ઘરો હતાં અને દરેકની બહાર મોટાં ખેતરો. અમે લુસર્નથી સીધાં ત્યાં પહોંચેલાં. હજી સનસેટ થયો ન હતો. રસ્તામાં ક્યાંય રોકાવાને બદલે અમે ત્યાં જ એક્સ્પ્લોર કરવા માટે સજ્જ હતાં. અહીં જર્મની કરતાં વધુ ઠંડી હતી. સામાન એપાર્ટમેન્ટમાં મૂકી અમે વધુ એક જેકેટ ચડાવીને ચાલવા બહાર નીકળી પડ્યાં.

બ્રિએન્ઝ અને હોફસ્ટેટેન પણ ખ્યાતનામ ઇન્ટરલાકેનની મ્યુનિસિપાલટીમાં હતું અને બર્નની કેન્ટોનનો ભાગ હતું. આ રિજનની મજા એ હતી કે દરેક ખૂણો યશ ચોપડાની ફિલ્મોનો ભાગ હોય તેવું લાગતું હતું. ગયા વર્ષે વધુપડતા વરસાદમાં બધું જ ગ્રીન હતું. આ વર્ષના ઉનાળા પછી તો ત્યાં છેલ્લા ઘણા મહિનાઓથી ‘ફાયર બેન’ હતું. એટલે કેમ્પિંગ પર નીકળેલાં લોકોએ કે પછી જંગલ સાથે જોડાયેલાં ગાર્ડનોમાં લોકોને ગ્રિલ માટે પણ આગ લગાડવાની મનાઈ હતી. આ રિજનમાં જંગલમાં નાના વિસ્તારોમાં એમ જ આગ લાગી જતી હતી. ગામમાં એક લટાર સાથે જ સ્પષ્ટ થઈ ગયું હતું કે અહીં મોટાં ભાગનાં ઘરો હોલિડે એપાર્ટમેન્ટમાં ફેરવાઈ ચૂક્યાં હતાં. સ્થાનિક છાપાંએ એ પણ દેખાડી દીધું કે અહીં લોકોને સેકન્ડ હોમ કે હોલિડે હોમ બનાવવા માટે સ્વિસ સરકાર તરફથી ખાસ સપોર્ટ પણ મળતો હતો.

હાલમાં દુનિયામાં જે ઊથલપાથલ ચાલી રહી છે તેની યુરોપ પર પણ ઘણી અસર પડી છે. તેમાંની સૌથી મોટી ઇફેક્ટ એ છે કે જર્મનીનાં મૂળ જર્મન નાગરિકોની સ્વિસ સિટીઝનશિપ માટે એપ્લાય કરવાની સંખ્યા વધી ગઈ છે.

જર્મન અને સ્વિસ લાઇફમાં તો ખાસ ફરક નથી પણ ટેક્સ અને પોલિટિક્સમાં ફરક જરૂર છે. ગામ ભલે સાંજે ખેતર તરફથી પાછી લાઈનમાં જઈ રહેલી ગાયોની ઘંટડીઓથી રણકતું હોય, છેલ્લાં બે-ત્રણ વર્ષથી દુનિયામાં જે ચાલી રહ્યું છે તે વિષયો સાવ મગજમાં અને વાતોમાં આવ્યા વિના તો રહે જ નહીં. જોકે થોડી જ વારમાં વાતાવરણ વધુ પડતું મજેદાર અને હિપનોટિક બની ગયું હતું. એપાર્ટમેન્ટ પરથી અમે લોકલ હાઇક્સના મેપ જોઈ લીધા હતા. થોડા ઢોળાવો સાથે અમે એક મજાના વ્યૂ સુધી પહોંચી ગયેલાં.

બીજા દિવસે અમારે ઝેરમાટ જઈને મેટરહોર્ન જોવાનો પ્રયત્ન કરવાનો હતો. તે પછીના દિવસે ઇન્ટરલાકેનના યશ ચોપડા સ્ટેચ્યૂ જવાનું હતું. આ પ્લાન વચ્ચે હોફસ્ટેટેનની સૌથી મહત્ત્વની ત્રણ હાઇકમાંની એક તો અમારે તે સાંજે જ પૂરી કરવી પડે તેવું હતું. અમે ૪૫ મિનિટની સૌથી નાની સર્કિટ લીધી. તેમાંય ધીમે ધીમે ગપ્પાં મારવા સાથે ફોટા પાડવામાં તે ૪૫ મિનિટની હાઇક જોતજોતામાં દોઢ કલાકની બની ગઈ હતી. આ હાઇક પર આઇસ્ટેલેનબાખના રસ્તે હોર્સ ફાર્મ વચ્ચેથી પસાર થયાં. જરા ઊંચાઈથી લેક બ્રિએન્ઝની ઝલક પણ દેખાઈ ગઈ. રસ્તામાં પાછાં આવતાં આલફ્રેડોનાં પિત્ઝેરિયાથી જમવાનું સાથે લઈને આવ્યાં. બધી તરફ સ્વિસ વાઇબમાં બીજા દિવસે સવારે બેસતા વર્ષના ફોન કોલ્સ પણ ત્યાં ઠંડીમાં બાલ્કનીમાંથી કરવાના થયા. હજી ઝેરમાટ તરફ જવાની વાર હતી. એટલે પહેલાં તો અમે સવારે ફરી અલગ દિશામાં એક લટાર મારી. સવારમાં કોઈ ગાર્ડનના ચિકન કૂપમાં એક લેડી એગ્સ લેવા ઘૂસેલી, બહાર ટમેટા ઊગેલાં, બીજી તરફ એક મોટા ખેતરમાં ગાયો હતી. ગાયોની નજીક ગયાં ત્યાં એ પણ ફેન્સની નજીક આવીને જાણે અમારી સાથે વાતો કરવા માગતી હોય એમ અવાજો કરવા લાગી. તેમના ગળામાં બાંધેલી ઘંટડીઓ તો રણકતી જ હતી.

તળેટીમાં આ રિજનની ગાયોની હિસ્ટ્રી અને લોકલ પ્રોડક્ટની વાત કરતું ટ્રાઉફર મ્યુઝિયમ અમને તેમના વિષે વધુ સમજ આપી ગયું. ત્યાં જ જાણવા મળ્યું કે સ્વિત્ઝરલેન્ડમાં ૧૨ માણસ દીઠ એક ગાય છે. એટલે જોવા જાઓ તો આખા ટચૂકડા દેશમાં સાતેક લાખ જેટલી ગાયો છે. એટલે સ્વાભાવિક છે ગ્રામ્ય વિસ્તારમાં જ્યાં જુઓ ત્યાં ગાયોનાં ઝુંડ દેખાયા કરે છે. અને મોટાભાગની ગાયોને પરિવારના સભ્ય જેવી ટ્રીટમેન્ટ મળે છે, તેને મજાનું નામ પણ આપવામાં આવે છે. હજી ગાયોના પ્રકારો અને તેમના ઇતિહાસ વિષે વધુ માહિતી મેળવવા માટે અમારે ત્યાં પાછું જવું પડે તેમ હતું. સ્વિત્ઝરલેન્ડની ગાયોના પ્રેમમાં ન પડવાનું અશક્ય છે. ■

## ઓર એ મોસમ હસીં

દેવલ શાસ્ત્રી
feedback@
bombaysamachar.com

# અટેન્શન ઈકોનોમી: હવે દુનિયાને તમે નહીં, તમારું ધ્યાન જોઈએ છે



એક સમયે બજારમાં માણસ વસ્તુ ખરીદવા જતો હતો. બજારમાં ગયા પછી એની પાસે ચોઈસ મળતી. એ બીજી વસ્તુઓ પણ ખરીદીને આવતો. મોલ સહિત મોટા સ્ટોરમાં કસ્ટમરની સાયકોલોજી અને તેની ખરીદીના સમયની ગણતરીઓનો અભ્યાસ કરીને વસ્તુઓ ગોઠવવામાં આવતી. આજે વસ્તુ જ માણસ સુધી આવે છે. તમે મોબાઇલ ખોલો અને તરત કોઈ વીડિયો, સમાચાર, જાહેરાત કે નોટિફિકેશન તમારી સામે આવી જાય. તમે કશું શોધવા ગયા ન હો, છતાં તમને શોધી લે છે.

એક વીડિયો જુઓ, પછી બીજો. એક સમાચાર વાંચો, પછી બીજો. પાંચ મિનિટ માટે ફોન હાથમાં લીધો હોય અને અડધો કલાક ક્યાં પસાર થઇ જાય એની ખબર ન પડે. અહીંથી આજના સમયની એક રસપ્રદ વાત સમજાય છે કે દુનિયામાં માહિતીની અછત નથી, માણસના ધ્યાનની અછત છે.

સવારે આંખ ખોલીએ ત્યાં સુધીમાં મોબાઇલમાં કેટલાય સંદેશા આવી ચૂક્યા હોય છે. વોટ્સએપ, ઇન્સ્ટાગ્રામ, યુટ્યૂબ, સમાચાર, ઈ-મેલ પાસે આપણને કહેવા માટે કંઈક છે. દિવસના કલાકો તો ચોવીસ જ છે, પરંતુ આપણું ધ્યાન માગનારાઓની સંખ્યા હજારો-લાખોમાં પહોંચી ગઈ છે.

આ આખી વ્યવસ્થાને 'એટેંશન ઈકોનોમી' કહેવામાં આવે છે અર્થાત્ ધ્યાનનું અર્થતંત્ર. સરળ ભાષામાં કહીએ તો, જે કંપની તમને લાંબો સમય સ્ક્રીન પર રોકી શકે છે એની પાસે જાહેરાત બતાવવાની અને આવક કમાવાની સંભાવના વધુ છે. ઘણી ડિજિટલ કંપનીઓ માટે કેટલા લોકો વિઝિટ કરે છો એ મહત્ત્વનું નથી; તમે કેટલો સમય તેમની સાથે રહો છો એ મહત્ત્વનું છે. તમે પાંચ મિનિટ એપમાં રહો કે પચાસ મિનિટ, એ વચ્ચેનો તફાવત કંપની માટે વ્યવસાયિક મૂલ્ય ધરાવે છે.

મોબાઇલની ઘણી સુવિધાઓ એવી છે કે જેમાં અટકવાનો કોઈ ચાન્સ જ નથી. પહેલાં અખબારનું પાનું પૂરું થાય એટલે તમે પાનું ફેરવતા. પુસ્તકનો અધ્યાય પૂરો થાય એટલે થોડું થોભતા. ટીવી પર કાર્યક્રમ પૂરો થાય એટલે આગળ શું જોવું એ નક્કી કરવું પડતું. હવે સોશ્યલ મીડિયામાં સ્ક્રોલનો અંત જ નથી. એનો અર્થ એવો નથી કે સોશ્યલ મીડિયા ખરાબ છે. એણે દુનિયાને ઘણી રીતે સરળ બનાવી દીધી છે.

પહેલાં આપણે માહિતી શોધતા હતા; હવે માહિતી આપણને શોધે છે. પહેલાં તમે નક્કી કરતા કે શું વાંચવું. હવે અલ્ગોરિધમ તમારા અગાઉના વર્તન પરથી અનુમાન કરે છે કે તમને આગળ શું ગમશે.

આજના સમયમાં સૌથી મોંઘી વસ્તુ પૈસા નથી. એકાગ્રતા છે. એક કલાક સુધી કોઈ પુસ્તક વાંચી શકવું. કોઈ માણસ સાથે ફોન બાજુએ મૂકીને વાત કરી શકવી. આખું ગીત વચ્ચે બીજું કશું જોયા વગર સાંભળી શકવું. બારીની બહાર વરસાદ પડતો હોય ત્યારે પાંચ મિનિટ સુધી માત્ર વરસાદ જોવો. આ બધું બહુ સામાન્ય લાગે છે, પણ સતત ધ્યાન ખેંચતી દુનિયામાં સામાન્ય રહેવું પણ ધીમે ધીમે મુશ્કેલ બનતું જાય છે. હવે દુનિયાએ સમય સાથે એક બીજી વસ્તુની પણ કિંમત જાણી લીધી છે, તમારું ધ્યાન.

ઈકોનોમીનું નવું જ ભવિષ્ય આવી રહ્યું છે. બિઝનેસ માણસને માત્ર ગ્રાહક તરીકે નહીં, પણ લાગણીઓ ધરાવતા ગ્રાહક તરીકે વધુ નજીકથી ઓળખવા લાગશે. ભવિષ્યનો વ્યવસાય કદાચ જરૂરિયાત કરતાં લાગણીની ક્ષણને ઓળખવાનો વ્યવસાય હશે.

બિઝનેસની સફળતા એ નહીં રહે કે તેણે આપણને કંઈક વેચ્યું; સફળતા એ હશે કે તેને આપણી જરૂરિયાત ઊભી થાય એ પહેલાં તેની ક્ષણ ઓળખી લીધી. કદાચ ત્યારે ગ્રાહક બજારમાં વસ્તુ લેવા નહીં જાય- બજાર જ તેની લાગણી સુધી પહોંચી જશે. સૌથી ડરામણી વાત એ નહીં હોય કે બજાર આપણને શું વેચશે -ડરામણી વાત એ હશે કે એક દિવસ આપણને પોતાની જ લાગણી બજારે આપણા પહેલાં ઓળખી લીધી હશે. ■

**ધ એન્ડ**

બીજાનાં વાદળોમાં મેઘધનુષ બનો.
(માયા એન્જલો)

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@
bombaysamachar.com

# સ્થાપત્ય ને રંગ





સામાન્ય રીતે સ્થાપત્યમાં આકાર, પ્રમાણમાપ, ગોઠવણ, ઉપયોગિતા મુજબનું સ્થાન નિર્ધારણ, જગ્યાઓનું પરસ્પરનું સંકલન, પ્રકાશ-છાયા, સ્થાનિક પરિસ્થિતિ પ્રત્યેનો પ્રતિભાવ તેમ જ પ્રવર્તમાન પ્રવાહનું પ્રાધાન્ય વર્તાતું હોય છે. કાર્યક્ષમતા માટે જરૂરી આ બાબતોની સરખામણીમાં સ્થાપત્યમાં રંગ અને બરછટતાનો પ્રભાવ ઓછો ગણાય, છતાં પણ જ્યારે દૃશ્ય અનુભૂતિ અને ભાવનાત્મક જોડાણની વાત થાય ત્યારે તેની ભૂમિકાને નજરઅંદાજ ન કરી શકાય. રંગ દીવાલો, છત કે મકાનના અન્ય અંગોને વ્યૂહાત્મક રીતે સુશોભિત કરવા ઉપરાંત માનવીય ભાવનાઓ, તેનાંથી નિર્ધારિત થતાં ચોક્કસ પ્રકારનાં પ્રતિભાવ તથા એક પ્રકારની જીવંતતા સ્થાપિત કરવાનું માધ્યમ બની રહે. આ રંગ મકાનને વિશેષ પ્રકારની ઓળખ આપી શકે. રંગ એટલે એવી દશ્યાત્મક શક્તિ કે જે સ્થાન, પ્રકાશ, બરછટતા, આકાર અને પ્રમાણમાપ લક્ષી માનસિક અનુભૂતિને પ્રભાવિત કરે. સ્થાપત્યમાં રંગ સજાવટ માત્ર નથી પરંતુ અસરકારક રીતે ભાવાત્મક જોડાણ સાધતું માધ્યમ છે.

રંગ દ્વારા સ્થાપત્યમાં જે તે સ્થાનના માપની અનુભૂતિ બદલાઈ શકે; હળવા રંગોના ઉપયોગથી સ્થાન વધુ વિસ્તૃત જણાય જ્યારે ગાઢ રંગો દ્વારા સીમિતતા વધુ દૃઢ જણાય. રંગની અનુભૂતિ માટે પ્રકાશ આવશ્યક છે, જે રંગ થકી પરાવર્તિત થતાં, પ્રકાશની ગુણવત્તા તથા માત્રાને પણ અસર કરે. તેજસ્વી રંગ પ્રકાશને વધુ પરાવર્તિત કરે જ્યારે ગાઢ રંગ તેને શોષી લે. આની અસર જે તે સ્થાનના તાપમાનની અનુભૂતિ પર પણ પડે. રંગ થકી સ્થાપત્યને સાંસ્કૃતિક, પરંપરાગત, શૈલીગત, પ્રતીકાત્મક તેમ જ ભાવનાત્મક ઓળખ આપી શકાય. સ્થાપત્ય રચનામાં રહેલી નાની મોટી માળખાકીય કે બાંધકામ આધારિત ત્રુટીઓ છુપાવવા માટે પણ રંગનો ઉપયોગ થતો હોય છે. રંગના ઉપયોગથી જે તે સ્થાનેથી ધ્યાન દૂર કરી અન્ય સ્થાને નિર્દેશિત કરી શકાય.

સર્વેક્ષણ મુજબ એમ ધ્યાનમાં આવ્યું છે કે વાદળી રંગ શાંતિ અને સ્થિરતા માટે, લીલો સંતુલન અને કુદરતી પરિસ્થિતિ માટે, લાલ ઉત્સાહ અને ચેતવણી માટે, કેસરી ઊર્જા અને સાત્ત્વિકતા માટે, પીળો આનંદ અને સક્રિયતા માટે, સફેદ શુદ્ધતા અને પવિત્રતા માટે તથા કાળો ગંભીરતા અને ગૂઢતા માટે ઉપયોગી રહે. આ થઈ સ્થાપત્યમાં રંગની માનસિક ભૂમિકા. કાર્યાત્મકતાની દૃષ્ટિએ, રંગ થકી, આવનજાવનનો માર્ગ નિર્ધારિત કરી માર્ગદર્શન આપી શકાય, વિભાગીકરણ માટે સ્પષ્ટતા લાવી શકાય, જરૂરી સંકેતો સરળતાથી દશ્યમાન કરી શકાય, ઉપયોગિતા માટે જરૂરી માહોલ ઊભો કરી શકાય તેમ જ એક પ્રકારની



પ્રારંભિક સંલગ્નતા સ્થાપી શકાય. રંગ થકી સુંદરતા તો વધી જ શકે; સૌંદર્યની દૃષ્ટિએ રંગ થકી રસ જાગ્રત કરી શકાય, લય ઊભો કરી શકાય, દૃષ્ટિને આકર્ષિત કરી શકાય, ચોક્કસ પ્રકારનો સંદર્ભ ઊભો કરી શકાય, સંતુલન કે વિસંગતતા સ્થાપી શકાય, સ્વીકૃતિની માત્રા વધારી શકાય અને આકર્ષક સુંદરતામાં વધારો તો થઈ શકે.

સ્થાપત્યમાં રંગ શાંતિ આપી શકે અને ઘોંઘાટ પણ ઊભો કરી શકે, પરિસ્થિતિ સાથે સંલગ્ન હોઈ શકે અને વિરોધાભાસી પણ હોઈ શકે, શાંત હોઈ શકે અને આક્રમક પણ હોઈ શકે, વ્યવહારું હોઈ શકે અને પ્રતીકાત્મક પણ હોઈ શકે, સાત્ત્વિકતાને મદદરૂપ થઈ શકે અને મલીનતા પણ વધારી શકે, માનસિક આરામ આપી શકે અને મનને થકવી પણ શકે, ઉત્સાહ ભરી શકે અને અનુત્સાહિત પણ કરી શકે, ગૂંચવાડો ઊભો કરી શકે અને સ્પષ્ટતા પણ કરી શકે, ગરમીની અનુભૂતિ વધારી શકે અને ઘટાડી પણ શકે - સ્થાપત્ય માટે રંગ એ એક સપાટી માત્ર નથી, તે તો મનોવિજ્ઞાનનો પ્રસાર છે. માનસિક જરૂરિયાત અનુસાર, જુદાં જુદાં પ્રકારનાં મકાન માટે જુદાં જુદાં રંગ વધુ ઇચ્છનીય ગણાય છે. ધાર્મિક સ્થાપત્યમાં પવિત્રતા અને આધ્યાત્મિકતાના પ્રતીક સમાન કેસરી, સોનેરી કે સફેદ રંગનો ઉપયોગ વધુ જોવાં મળે છે. જ્યાં શાંતિ અને સ્વચ્છતાની અનુભૂતિ જરૂરી હોય છે તે હોસ્પિટલમાં સફેદ અને હળવા વાદળી રંગની પસંદગી કરાતી હોય છે. એકાગ્રતા અને વિચારશીલતા માટે શૈક્ષણિક સ્થાપત્યમાં પીળો, નારંગી, સફેદ કે વાદળી રંગ વધુ ઉપયોગમાં લેવાતાં હોય છે. ગંભીરતા અને વિશ્વસનીયતા વ્યક્ત કરવા વ્યવસાયિક મકાનોમાં રાખોડી, ભૂરો તથા સફેદની પસંદગી કરાતી હોય છે. આંતરિક શાંતિ માટે યોગ અને ધ્યાન માટેનાં મકાનોમાં સફેદ, હળવો વાદળી તેમ જ ધરતીના રંગોનો ઉપયોગ થતો રહ્યો છે. આ તો એક સામાન્ય પ્રવાહની વાત થઈ. સાંપ્રત સમયમાં તો દરેક પ્રકારના મકાનમાં દરેક રંગના પ્રયોગ જોવા મળે છે; જે સ્વીકાર્ય પણ છે.

મકાન માટે રંગની પસંદગી વખતે સ્થાનિક આબોહવા, કુદરતી પ્રકાશની દિશા અને માત્રા, મકાનની ઉપયોગિતા, મકાનનો ઉપયોગ કરનાર વ્યક્તિ કે વ્યક્તિ સમૂહની ઉંમર અને માનસિકતા, પરંપરા અને સંસ્કૃતિ માટેનો લગાવ, રખરખાવની વ્યવસ્થા, બાંધકામની અન્ય સામગ્રી સાથેની સુસંગતતા, વ્યક્તિગત પસંદગી તેમ જ જે તે માત્રામાં અલગ દેખાવવાની ખેવના જેવી બાબતો મહત્ત્વની ભૂમિકા ભજવે.

સ્થાપત્યમાં રંગ ઉપયોગિતા માટે ઓછું અને ભાવાત્મક અનુભૂતિ માટે વધુ જરૂરી છે. રંગ ગમે તે હોય, ઉપયોગિતામાં વધારે ફેર નથી પડતો, પરંતુ રંગ બદલાતાં ભાવનાત્મક જોડાણનો પ્રકાર બદલાઈ શકે. માનવી આમ પણ ભાવનાત્મક પ્રાણી હોવાથી રંગ સાથેનો તેનો લગાવ સ્વાભાવિક છે. રંગની સૂક્ષ્મ અસરની, તે જાણતા-અજાણતામાં નોંધ લઈ શકે છે. રંગ થતી તે એક પ્રકારની જીવંતતા અને અર્થપૂર્ણતા અનુભવતો હોય છે. આ રંગની જ્યારે પસંદગી કરવાની હોય ત્યારે વિશેષ પ્રકારની સંવેદનશીલતા, સર્જનાત્મકતા અને વિચારશીલતાની આવશ્યકતા રહે. મજાની વાત એ છે કે મકાનને રંગ કરવામાં ન આવે તો પણ તેનો રંગ હોય છે, જે બાંધકામની સામગ્રી થકી નિર્ધારિત થાય - સૃષ્ટિમાં એવી એક પણ રચના નથી જેને રંગ ન હોય. ■

## કરિયર

કિર્તીશિખર
pratiksha.thanki@
bombaysamachar.com

# AI તમારી નોકરી નહીં છીનવે, પરંતુ બદલાવશે...



ક્યારેક ટાઈપરાઈટરે ક્લાર્કની ગતિ બદલાવી, પરંતુ પછી કોમ્પ્યુટર આવ્યું તો ટાઈપરાઈટર કાળબાહ્ય થઈ ગયું. ટાઈપરાઈટર ગમે એટલું સારું હતું પરંતુ તેનું કોમ્પ્યુટરને લીધે અસ્તિત્વ ખતમ થઈ ગયું. હવે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આ કામ જૂની ટેક્નિક સાથે કરી રહ્યું છે. અને હવે મશીનોને બદલી નાખશે. કોમ્પ્યુટરે જે રીતે આખી દુનિયાની કામકાજની રીત બદલાવી નાખી એ જ રીતે એઆઈ બધા મશીનોને બદલી નાખશે. આજે નોકરી માટે ઈચ્છુક યુવાનોના મનમાં એવો ડર પેસી ગયો છે કે શું એઆઈ બધાની નોકરી છીનવી લેશે. એઆઈ યુવાનોની નોકરી તો નહીં છીનવે પરંતુ યુવાનોએ તેની પાસેથી કામ લેતા શીખવું પડશે. જોબ માર્કેટના એક્સપર્ટનું કહેવું છે કે એઆઈ ભલે તમારી નોકરી નહીં છીનવે પરંતુ જો તમે એઆઈની મદદથી કામકાજને નવું સ્વરૂપ ન આપ્યું તો તમારી નોકરી જરૂર જતી રહેશે. એઆઈના યુગમાં જૂની રીતે કામકાજ નહીં થાય. પછી આ ભલે બે વર્ષ કે પાંચ વર્ષ પછી થાય. હવે દરેક કામ એઆઈની મદદથી જ થશે.

જે કામમાં કલાકો લાગતા હતા એ કામ એઆઈના સહયોગથી થોડી મિનિટોમાં થઈ જાય છે. રિપોર્ટનો પહેલાં મુસદ્દો બનાવવો હોય કે ડેટાનું વિશ્લેષણ કરવાનું હોય કે પ્રેઝન્ટેશનની રૂપરેખા તૈયાર કરવાની હોય કે કોડિંગની શરૂઆત કરવાની હોય કે ગ્રાહકોના સવાલોનો જવાબ દેવાનો હોય આ બધા રૂટિન કામ ઓટોમેટિક થઈ જશે. જો પારંપરિક કર્મચારી એઆઈની મદદ લેવાનો ઈનકાર કરશે તો તેને નોકરી છોડવી પડશે. જ્યારે અખબારોએ કોમ્પ્યુટર અપનાવ્યું ત્યારે અનેક પત્રકારોને નોકરી છોડવી પડી હતી જે કોમ્પ્યુટરમાં કામ કરવા તૈયાર નહોતા. સંદેશો સાફ છે ભવિષ્યમાં માનવી વિરુદ્ધ એઆઈ નહીં રહે પરંતુ માનવી અને એઆઈનો સુમેળ થશે. આથી સાચી કરિયર ચેલેન્જ એ નથી કે એઆઈથી કેમ બચવું પરંતુ એઆઈ સાઓથે કેટલા બહેતર કે કમ્ફોર્ટેબલ થાઓ છો. એઆઈ કોઈની નોકરી એક ઝટકે ખતમ કરતું નથી. તે તેના કામના અમુક ભાગને ઓટોમેટિક કરી નાખે છે અને પછી ક્રમશઃ એ કામ જ ઓટોમેટિક થઈ જાય છે. દાખલા તરીકે જુનિયર કન્ટેન્ટ રાઈટર પહેલાં સંશોધન કરતો હતો અને પછી હેડલાઈન કરે. આઈડિયા ડેવલપ કરતો હતો ત્યાર બાદ એડિટિંગનો નંબર આવતો હતો જે બધા કામ પોતે કરતો. હવે એઆઈ પ્રારંભિક રિસર્ચ, રૂપરેખા અને અનેક ડ્રાફ્ટનો વિકલ્પ પલકારામાં તૈયાર કરી નાખે છે, પરંતુ સ્ટોરીનો એન્ગલ કેવો હોવો જોઈએ તથા સ્ટોરીમાં સામેલ તથ્યોની ચકાસણી કેવી રીતે કરવી, કન્ટેન્ટની ભાષા દર્શકોને અનુરૂપ કઈ રીતે બને અને અંતિમ એડિટોરિયલ જજમેન્ટ કોણ આપશે. આ કામ માનવી કરે છે અને કરતો રહેશે. જો કે, પ્રાથમિક દરજ્જાનું કામ એઆઈ ઝડપથી કરી લેશે. આજે પણ કોઈ લેખક એઆઈની ઉપેક્ષા કરી શકતો નથી. તેને રાઈટિંગ બેકગ્રાઉન્ડ, તથ્યો એ મૂળભૂત આઈડિયા માટે એઆઈ સાથે તડજોડ કરવું પડે છે. હા, પોતાના લખાણને કઈ દિશા આપવી કઈ રણનીતિ રાખવી આ બધું લેખકનું કામ છે. ભારતનો સવાલ છે ત્યાં સુધી મોટા ભાગના લોકો એમ વિચારે છે કે એઆઈ નાના કામોમાં કાર્યરત નહીં હોય. આ ખોટી ગેરસમજ છે. ઝાડુપોતા અને વાસણ ધોવામાં એઆઈ કામમાં આવી રહ્યું છે તો ભવિષ્યમાં કોઈ કામ એવુ નહીં હોય જે એઆઈ ન કરી શકે. ભારતીય કંપનીઓ એઆઈ, રોબોટિક્સ અને ઓટોમેટિક સિસ્ટમમાં ઝડપથી રોકાણ કરી રહ્યા છે. માર્કેટના જાણકારોનું માનવું છે કે હવે કોર્પોરેટ સેક્ટરમાં ૩૦ ટકા કર્મચારીઓ સ્કિલ આધારિત રાખવા માગે છે જેની પાસે ચમકતી ડિગ્રી ન હોય તો પણ તેમનું કામ સારું હોય. આનો અર્થ સાફ છે કે ડિગ્રીની સાથે હવે યુવાનો ડેમોન્સ્ટ્રેબલ સ્કિલ પર પણ ધ્યાન આપે છે જેથી દેખાવ, કામની કુશળતા અને ગતિ વધે. આવનારા દિવસોમાં કંપનીઓ એ નહીં જોઈ કે તેણે એઆઈની કઈ ડિગ્રી લીધી છે, પરંતુ એ જોશે કે તમે એઆઈની મદદથી કઈ વાસ્તવિક સમસ્યાનો બહેતર નિવેડો લાવી શકો છો.

હવે એ સ્પષ્ટ થઈ ગયું હશે કે એઆઈમાં દક્ષતા મેળવ્યા વિના રોજગાર સુરક્ષિત નહીં રહે. એઆઈ બધી નોકરીને રિપ્લેસ ન કરે. પરંતુ એઆઈની સાથે રહેનારા લોકોની ડિમાન્ડ હશે. આથી આપણે બધાએ એઆઈમાં કુશળતા મેળવવી પડશે. અમુક ક્ષેત્રો અને અમુક કાર્યક્ષેત્રોમાં એનું દબાણ ઘણું હશે. દાખલા તરીકે ડેટા એન્ટ્રિ, બેસિક એડમિનિસ્ટ્રેટિવ પ્રોસેસિંગ, કસ્ટમર સપોર્ટ અથવા અમુક રીપિટેટિવ કન્ટેન્ટ વગેરેમાં એઆઈનું દબાણ હશે. કેશિયર અને એડમિનિસ્ટ્રેટિવ આસિસ્ટન્ટની ભૂમિકા ઝડપથી ખતમ થઈ જશે. જનરેટિવ એઆઈના પ્રભાવથી ગ્રાફિક ડિઝાઈનર્સની ભૂમિકા પર સતત દબાણ આવશે.મધ્યમ અને પાયાની ડિઝાઈન તો એઆઈ તૈયાર કરી નાખશે. આથી તમારે આમાં વજૂદ રાખવું હોય તો એઆઈમાં કુશળ થવું પડશે. જાણકારો કહે છે કે આગામી દિવસોમાં મોટા ભાગના કામ મશીન કરી નાખશે. જોકે એઆઈ ઈકોસિસ્ટમ નવા રોજગાર ઊભા કરશે. આગામી વર્ષોમાં એઆઈ અને મશીન લર્નિંગ સ્પેશ્યાલિસ્ટ, બિગ ડેટા સ્પેશ્યાલિસ્ટ, એઆઈ પ્રોજેક્ટ મેનેજર, એઆઈ ટ્રેનર ડેટા એનાલિસ્ટ, સાઈબર સિક્યોરિટી પ્રોફેશનલ અને એઆઈ ગવર્નેસ જેવા નિષ્ણાતો મહત્ત્વની હાજરી અને સમ્માન બચાવી શકશે, જ્યારે તેઓ એઆઈમાં ઊંચી કુશળતા મેળવી લે.

એઆઈની સાથે ટેક્નિક એક્સપર્ટ ઉપરાંત એવા પ્રોફેશનલ જોઈએ જે એઆઈના ડોમેનને લાગુ કરી શકે. એટલે કે એઆઈ વત્તા લો વત્તા હેલ્થ કેર, એઆઈ વત્તા જર્નાલિઝમ વત્તા ફાયનાન્સ અને એઆઈ વત્તા એજ્યુકેશન જેવી કોમ્બિનેશન બનશે. એક્સપર્ટ કહે છે કે માનવ કુશળતાની કિંમત ઘટશે. આથી એક્સપર્ટનું કહેવું છે કે એઆઈ શીખો નહીં તો કરિયર ખતમ થઈ જશે. ■

સર્વશ્રેષ્ઠ સર્વોત્તમ સર્વોપરી
૨૦૫ વર્ષથી સતત પ્રગટ થતું માતૃભાષાનું મશાલચી
મુંબઈ સમાચાર
દર સપ્તાહે પીરસે છે રંજક વાંચનનો રસથાળ
વાંચો અને વંચાવો
સોમવાર ધર્મ તેજ આધ્યાત્મિક ચેતનાની જ્યોત
મંગળવાર તરોતાજા મનોમંથન સ્વસ્થતાના ઉપાયોનું
બુધવાર ઈન્ટરવલ થોડું પ્રાસંગિક, થોડો કટાક્ષ
ગુરુવાર પુરુષ લાડકી સંવેદના-સમસ્યા નર-નારીની
શુક્રવાર મેટિની મનોરંજન, મનોરંજન અને માત્ર મનોરંજન
શનિવાર વીકએન્ડ વાત સ્થાપત્ય, રમત-ગમત અને મુસાફરીની
રવિવાર ઉત્સવ અફલાતૂન લેખકો, અફલાતૂન પૂર્તિ

## એક નજર ઈધર ભી

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

# નેધરલેન્ડ્સના બાંધકામમાં ઈંટની બોલબાલા

## બ્રિક્સના વ્યાપક ઉપયોગને લીધે 'પત્થર કા જવાબ ઈંટ સે' કહેવત બનાવવી પડે

'રેનેસાં' (Renaissance)... ફ્રેન્ચ ભાષાના આ શબ્દનો અર્થ પુનર્જન્મ - પુનર્જાગૃતિ અથવા નવજાગૃતિ થાય છે. પુનર્જાગૃતિના આંદોલનને મધ્ય યુગનો અંત લાવનાર અને અર્વાચીન યુગની ઉષા પ્રગટાવનાર આંદોલન પણ કહેવાય છે. ઈટલીમાં શરૂ થયેલું આ આંદોલન પછી યુરોપના અન્ય દેશોમાં પણ ફેલાયું. 'ડચ સુવર્ણયુગ' તરીકે ઓળખાયેલી ૧૬મી અને ૧૭મી સદી દરમિયાન ઐતિહાસિક ડચ નવજાગૃતિ (Dutch Renaissance) સમયકાળમાં નેધરલેન્ડ્સમાં સ્થાપત્યકળાનો ખૂબ વિકાસ થયો. ગયા સપ્તાહમાં આપણે ડચ સ્થાપત્યની કેટલીક લાક્ષણિકતા માણી હતી. આજે એ મોજનું વિસ્તરણ કરીએ.


નેધરલેન્ડ્સના મુકામ દરમિયાન હરવા ફરવા માટે સમયની અને પૈસાની થોડી છૂટ હોવાથી શક્ય એટલી વિવિધ અને રસપ્રદ જગ્યાઓ જોવાનો અને એને મનભર માણવાનો મક્કમ નિર્ધાર હતો. મુંબઈથી અમારું પ્લેન એમસ્ટડેમ એરપોર્ટ પર ઉતર્યા બાદ ઈમિગ્રેશનની વિધિ પતાવી ત્યારે કાઉન્ટર પરના યંગ એન્ડ સ્માર્ટ ઓફિસરે નેધરલેન્ડ્સ પધારવાનું પ્રયોજન પૂછ્યું અને જવાબમાં જ્યારે 'આ દેશ જોવો અને માણવો છે' એમ કહ્યું ત્યારે સ્મિત સાથે પાસપોર્ટ થપ્પો મારતી વખતે એણે અમને કહ્યું કે Roeien met de riemen die je hebt. ડચ ભાષામાં બોલાયેલું આ વાક્ય મારા માટે કાળો અક્ષર ભેંસ બરાબર જેવું હતું. મારો ચહેરો વાંચી તરત એ વાક્ય ઈંગ્લિશમાં જણાવ્યું કે Literally it means Rowing with the oars you have got (જે મળ્યા એનાથી નાવડીને હલેસા મારવા એ શબ્દાર્થ છે) which means Making the best of what you have (ભાવાર્થ પરિસ્થિતિનો મહત્તમ લાભ લેવો). Enjoy your stay to maximum.૮૫ દિવસના મુકામની તક ફરી મળે ન મળે એટલે Make the best out of it -પરિસ્થિતિનો મહત્તમ લાભ લેવા અમે મક્કમ હતા.

### દ નિવે કેર્ક (De Nieuwe Kerk - The New Church)

એમસ્ટડેમના વિન્સેન્ટ વેન ગોફ મ્યુઝિયમમાં બપોરના એક વાગ્યાનું બુકિંગ હતું. જોકે, ટહેલવા અમે સવારે સાડા દસે એમસ્ટડેમ સેન્ટ્રલ સ્ટેશન પહોંચી ગયા હતા. એક સુવેનિયર શોપમાં જાણવા મળ્યું કે ચાલીને દસેક મિનિટના અંતરે જ એક ઐતિહાસિક ચર્ચ છે. ચર્ચની મુલાકાતનું આકર્ષણ રહ્યું છે, ધાર્મિક કારણોસર નહીં, પણ કલાત્મક દ્રષ્ટિએ. સદીઓ જૂની આ ભવ્ય ઇમારતો માત્ર ધાર્મિક સ્થળો નથી, પરંતુ જે તે સમયના સમાજની પ્રગતિ, કળા અને વિજ્ઞાનને પણ દર્શાવે છે. એની અભિરુચિ હોવાથી ખ્યાતિ પ્રાપ્ત ચર્ચ જોવાની ઈચ્છા જરૂર થાય. ડચ ઈમિગ્રેશન ઓફિસરને યાદ કરી ઉપલબ્ધ સમયનો મહત્તમ લાભ લેવાના આશય સાથે 'અગિયાર નંબરની બસ' (મુંબઈના લોકો ચાલીને જવા માટે આ પ્રયોગ વાપરવા માટે જાણીતા છે)માં પહોંચી ગયા દ નિવે કેર્ક. એમસ્ટડેમમાં ડેમ સ્ક્વેર પર રોયલ પેલેસની બરાબર બાજુમાં આવેલું ૧૫મી સદીનું આ ઐતિહાસિક ચર્ચ છે. હોલેન્ડના શાહી પરિવારોના રાજ્યાભિષેક અને લગ્ન સમારોહ માટે જાણીતું છે. એક સક્રિય ચર્ચ હોવા ઉપરાંત મહત્વપૂર્ણ સાંસ્કૃતિક કેન્દ્રની પણ નામના ધરાવે છે. મોટા પાયે પ્રદર્શનો અને ઓર્ગન મ્યુઝિક કોન્સર્ટ યોજાય છે. અહીંના ઓર્ગન પણ વૈવિધ્યપૂર્ણ છે. કિશોરાવસ્થામાં તો ઓર્ગન એટલે આર. ડી. બર્મન વગાડવામાં ચેમ્પિયન (હૈ અપના દિલ તો આવારા યાદ કરો) હતા એ માઉથ ઓર્ગનની જ જાણ હતી. સમજણ વિસ્તરતી ગઈ, પણ ચર્ચના ઓર્ગન જોઈને વિસ્મય અને હેરત થયા. ચર્ચનું ગોથિક આર્કિટેક્ચર સુધ્ધાં મનભાવન હતું. ચર્ચની મુલાકાતનો વિશેષ આનંદ એટલા માટે થયો કે આજની તારીખમાં આ ચર્ચનું ધાર્મિક મહત્ત્વ ઓછું છે. અહીં પ્રદર્શનો યોજાય છે અને એ સાંસ્કૃતિક સ્થળ તરીકે કાર્ય કરે છે.



દ નિવે કેર્ક ચર્ચનું ધાર્મિક કરતાં સાંસ્કૃતિક મહત્ત્વ વધુ છે




ચર્ચમાં ઐતિહાસિક ઓર્ગન જોવા મળ્યા



નેધરલેન્ડ્સના બાંધકામમાં ઈંટનો વ્યાપક ઉપયોગ છે

### ઈંટની બોલબાલા

ડચ સ્થાપત્યકલામાં ઈંટનું ખૂબ મહત્ત્વ છે. સદીઓ જૂની પરંપરાઓ અને આધુનિક પ્રયોગોનો સમન્વય જોવા મળે છે. હિન્દીમાં બહુ જાણીતી કહેવત છે 'ઈંટ કા જવાબ પત્થર સે દેના'. જોકે, નેધરલેન્ડ્સમાં 'પત્થર કા જવાબ ઈંટ સે' કહેવત બનાવવી પડે એવું છે. નેધરલેન્ડ્સ મોટે ભાગે નીચાણવાળાં મેદાનો અને નદીઓના ડેલ્ટા પ્રદેશમાં છે. અહીં કુદરતી પથ્થરોની ખાણો નહોતી. પથ્થરથી મકાન બનાવવા અન્ય દેશોમાંથી મોંઘા ભાવે પથ્થરો આયાત કરવા પડતા હતા. પથ્થરની અછત હોવાથી નદીઓની માટીમાંથી ઇંટો બનાવવાની કળા વિકસી. આજની તારીખમાં ડચ સ્થાપત્યમાં ૯૦%થી વધુ પ્રોજેક્ટ્સમાં ઇંટનો ઉપયોગ થાય છે. અહીં લાલ ઈંટનો વ્યાપક ઉપયોગ થાય છે. ડચ લોકોએ ખાસ પ્રકારની નાની પીળી ઈંટ પણ વિકસાવી હતી. ૧૭મી સદીથી પીળી ઈંટની નિકાસ શરૂ થઈ હતી જે એકવીસમી સદીમાં પણ જારી છે. નેધરલેન્ડ્સમાં માટી ભરપૂર માત્રામાં ઉપલબ્ધ છે. અહીંની નદીઓના કિનારે અને પટમાં ઉત્તમ ગુણવત્તાવાળી અને ઈંટ બનાવવા યોગ્ય ચીકણી માટી વિપુલ જથ્થામાં સરળતાથી મળી રહેતી હતી. શરૂઆતમાં ડચ લોકો લાકડાના ઘર બનાવતા હતા. પરંતુ જંગલો ઓછાં થવાથી લાકડાની તંગી ઊભી થતા લાકડાના મજબૂત વિકલ્પ તરીકે તેમણે માટીને ભઠ્ઠીમાં શેકીને ઈંટો બનાવવાની શરૂઆત કરી. મધ્યકાલીન શહેરોમાં મોટાભાગના ઘર લાકડાના અને એકમેકની અત્યંત નિકટ હોવાથી અવારનવાર ભયાનક આગ લાગતી હતી. આગથી બચવા ૧૫મી સદીની આસપાસ સ્થાનિક વહીવટીતંત્રે ઘરના બહારના ભાગ માટે અગ્નિરોધક ઈંટનો ઉપયોગ ફરજિયાત રાખવાનો કાયદો બનાવ્યો. નદીની માટીમાંથી બનાવેલી ઈંટો ખૂબ જ મજબૂત અને લાંબા સમય સુધી ટકે એવી સાબિત થઈ. ભૌગોલિક મર્યાદાઓને કારણે ડચ લોકોએ આફતને અવસરમાં ફેરવી ઈંટના સ્થાપત્યમાં મહારત મેળવી.

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# ગણપતિ બાપા મોરિયા... કોણે લાડુ ચોરિયા?




નાનો હતો ત્યારે પહેલીવાર 'સ્થાપન' શબ્દ સાંભળ્યો હતો. શબ્દ તરીકે બહુ જ ગમ્યો હતો. પછી એનો અર્થ બહુ જ મોટા થઈને ખબર પડી અને એ ખબર પણ એવી રીતે પડી કે એક દિવસ અચાનક જ હું વિચારે ચડ્યો અને ભક્તિ ભાવમાં લીન બનીને બોલવા લાગ્યો કે 'વાહ કેવું મોટું માથું, કેવી મોટી ફાંદ, કેવું મોટું નાક!' આગળ બોલું એ પહેલાં જ છૂટા વેલણનો ઘા આવ્યો અને તરત જ બોલ્યા કે ખબરદાર જો હવે એક શબ્દ પણ મારા પપ્પા વિસે બોલ્યા છો તો

ત્યારે મને ખબર પડી કે મારા ઘરમાં જે સ્થાપન થયું છે એ સસરા રોકાણનું છે. અડધો દિવસ સમજાવવામાં ગયો કે હું ગણપતિ બાપ્પાની વાત કરતો હતો, તારા બાપાની નહીં.

મેં મારો ભક્તિભાવ પ્રગટ કરતાં કહ્યું કે 'આ વખતે આપણે પણ ત્રણ દિવસ માટે ગણપતિ તેડાવવા છે' એટલે તરત સણસણતો જવાબ આવ્યો :

'કેમ મારા બાપા આવે ત્યારે પહેલા દિવસથી જ શરૂ થઈ જાવ છો કે ક્યારે જવાના છો? અને ગણપતિ બાપાને ત્રણ દિવસ તેડાવવા છે?'

મેં બહુ વિરોધ ન કર્યો પણ મનમાં બોલ્યો કે 'ગણપતિને ૧૦ લાડુ ધરીએ તો ૧૦માંથી ૧૦ પાછા આવે, પણ તારા પપ્પા 'નથી ભાવતા, નથી ભાવતા' કરીને દશેદશ કોઈને કીધા વગર, ખબર પડ્યા વગર ઓહિયા કરી જાય છે ને ત્રણ દિવસ સ્થાપન કરીએ તો જવાની ગૅરન્ટી તો હોય, આ તો એકાદ બે દિવસ રોકાવું છે કહીને જે દિવસે પૂછીએ એ દિવસે કહે કે 'બસ એકાદ-બે દિવસ'. છેલ્લે તો એક મહિને ગયા હતા'. મારા આ મનમાં બોલતી વખતની શાંતિ પણ એમનાથી સહન ન થઈ એટલે બોલ્યાં:

'અહિંયા મન લાગે છે ત્યારે રોકાય છે બાકી મારી બેનના ઘેર એક દિવસ પણ નથી રોકાતા હો.'

મને સાચે જ પહેલીવાર મને મારા સાઢુની ઇર્ષા આવી કે હું એમના જેવો કેમ નથી, સાલુ સારું થવું પણ સજા અપાવે છે. જે હોય તે, પણ જો સાસુ કે સસરામાંથી કોણ રોકાય એમ પૂછો તો મારી ચૉઇસ સસરાની હોય, પણ ચાદર ખેંચો એટલે ઓશિકું ભેગું જ આવે. ઘેર રોજ ઝઘડા કરતા હોય, પણ બે-ચાર દિવસ થાય એટલે સાસુજી પધારી જાય અને કહે કે

'તમારા વગર ઘર સૂનું લાગે છે, જરા પણ નથી ગમતું' (ઝઘડવું કોની સાથે?)

અમને વસમું લાગે એનો વિચાર પણ ન કરે! જ્યારે જ્યારે આવ્યા છે ત્યારે વિસર્જન કરવા માટે મેં જે જે ખેલ કર્યા છે એના પર તો એક એક લેખ લખી શકાય.

ખેર, ગમે તેમ કરીને મેં ગણપતિ બેસાડવા ઘરવાળીને રાજી તો કરી, પણ પછીની હાલત ખૂબ ખરાબ થઈ. મેં માટીની મૂર્તિનો આગ્રહ રાખ્યો અને એમણે પ્લાસ્ટર ઑફ પૅરિસનો આગ્રહ રાખ્યો. મેં સમજાવ્યું કે માટીની મૂર્તિ લઈએ તો ઉત્થાપન પણ ન કરવું પડે. મૂર્તિને પાણીના ટબમાં મૂકી દઈએ એટલે ઓગળી જાય અને એ માટીનો ઉપયોગ તુલસી વાવવા કે ફૂલછોડના ક્યારામાં નાખી શકાય અને તેનું પવિત્ર પાણી ઘરમાં છાંટીને આખું વર્ષ રિદ્ધિ-સિદ્ધિનો વાસ કરાવી શકાય, પણ અમારા 'એમને' કીટ્ટી પાર્ટીમાં શું કહેવું એની ચિંતામાં મારી સાથે સહમત થતાં એક અઠવાડિયું કાઢ્યું!

ઘણા લોકો હોંશે હોંશે ઘેર ગણપતિની સ્થાપના તો કરે, પણ પોતાની વ્યસ્ત જિંદગી માંથી ગણપતિ પૂજા માટે અડધો કલાક પણ કાઢી ન શકતા હોય ત્યારે આપણને ખબર પડે કે બાજુવાળાએ ૩ દિવસનું સ્થાપન કર્યું છે તો આપણે પાંચ દિવસનું કરીએ. આ દેખાદેખીમાં સ્થપાયેલા ગણપતિ પણ ઉતાવળમાં હોય એવું તેમની મૂર્તિ પર જ દેખાય આવતું હોય! હમણાં એક ગણપતિ ઉત્સવના કાર્યક્રમમાં હું જતો હતો તો ઉતાવળે રલવે સ્ટેશન તરફ જતા ગણપતિને જોયા. મેં ગાડી ઊભી રાખી પગે લાગીને પૂછ્યું કે 'આ બિઝી સિઝનમાં તમે એકલા કેમ? ક્યાંથી આવ્યા અને ક્યાં જવાના?'

ગણપતિ બાપાએ જવાબ આપ્યો કે જે પહેલી ટ્રેન મળે તેમાં ચડી જવું છે, પણ અહિયા નથી રહેવું. મારા બેટા વાજતે ગાજતે લઈ આવ્યા. ભભકો કરીને મારું સ્થાપન પણ કર્યું, પણ પછી ગયા એ ગયા. બે ટાઇમની આરતી પણ નોકર કરતા. હું તો એમને પાંચ દિવસનું ફળ આપીને નીકળી ગયો છું. ક્યાંક શાંતિથી કોઈક ભજેને એવા ઘેર જઈને બેસવું છે

ગણપતિ ઉત્સવ ભલે મહારાષ્ટ્રથી શરૂ થયો હોય, પણ સૌરાષ્ટ્ર અને ગુજરાતે બહુ જ સહજ રીતે સ્વીકારી લીધો છે. આમ પણ ગુજરાતીઓ માટે કોઈ પણ તહેવાર જેટલો મહત્ત્વનો હોય છે એટલો કોઈ પણ માટે નથી હોતો. ગણપતિમાં અહિયા પણ રોજ રાત્રે કાર્યક્રમ હોય. સામાન્ય રીતે ડાયરામાં શરૂઆત જ ગણપતિ સ્તુતિથી થાય, જેને ગણપતિ બેસાડ્યા કહેવાય જે ફરજિયાત હોય છે. મારી આ મોટી ફાંદ ક્યારેય ઘટાડવાનો વિચાર હું એટલે જ નથી કરતો કેમ કે હાસ્યના પ્રોગ્રામમાં સૌ પહેલાં મને જ બેસાડે છે, જે ગણપતિ સ્થાપન બરાબર જ ગણાય. મુંબઈમાં તો ઑડિયન્સ તરફથી પ્રોગ્રામ શરૂ થતાં પહેલાં મને લાડવા ધરવાના અનેક દાખલા છે.

આર્ટિસ્ટ્સ માટે ગણપતિ એટલા બધા ફેવરિટ છે કે ગમે તે વસ્તુ આપો તેમાંથી સૌથી સરળ રીતે જો કંઈ બને તો ગણપતિ. સૌથી વધારે જો કોઈ ભગવાનની મૂર્તિનો ધંધો થતો હોય તો એ ગણપતિનો. આ એક દેવ છે જે કેટલા બધાનાં પેટ ભરે છે. કારીગરોથી માંડીને કલાકારો સુધી ૧૦ દિવસ સુધી વ્યસ્ત રહીને કમાણી કરે છે. એવા કેટલા બધા કલાકારો છે જે આખું વર્ષ મૂર્તિ બનાવે છે અને છેલ્લા મહિનામાં વેચે છે. મંડપ સર્વિસ, લાઇટ ડેકોરેટર્સ, મ્યુઝિક બેન્ડ્સ, સાઉન્ડ સર્વિસ, ગાયકો, હાસ્ય કલાકારો જેવા અનેક લોકો માટે સાચે જ રિદ્ધિ- સિદ્ધિ સ્વરૂપે આ ગણેશોત્સવ આવે છે. અરે, ત્યાં સુધી કે સફેદ ઉંદરો પાળીને રાખવાવાળા લોકો પણ ઉંદર ભાડે આપીને કમાણી કરી લે છે. ગણપતિ બાપા જાણે ડાન્સના પ્રણેતા હોય એમ વિસર્જન વખતે એટલા લોકોને નાચતા કરી દે છે કે વાત ન પૂછો. આ બેફામ નાચતા લોકોનો કૉન્ફિડન્સ વધી જાય તો ઘરના પ્રસંગોમાં ઉદાહરણ આપીને કહે કે 'વિસર્જનમાં હું કેટલો નાચ્યો હતો? બધા મારી સામે જ જોતા હતા' પણ એમને કોણ સમજાવે કે લોકો શું કામ જોતા હતા. આ નચૈયાઓને એ પણ ખબર નથી કે ગણપતિનું વિસર્જન એ દુઃખની વાત છે, પણ નાચવામાં એટલે આવે છે કે આવતા વર્ષે આ ભાવ જોઈને ગણપતિ બાપા ફરી વહેલા પધારશે.

**વિચારવાયુ:** *ગણપતિબાપા સર્વત્ર પૂજ્ય છે અને લોકપ્રિય પણ એટલા જ છે, કારણ કે એમના મોટા કાન દરેક વાતો સાંભળીને વિશાળ પેટમાં સંઘરી રાખે છે. એ ક્યારેય ખટપટમાં નથી પડતા!*

## સિક્કાની ત્રીજી બાજુ

જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# નામ મેં ક્યા રખા હૈ ભલે કહેવાય, પણ અમેરિકી 'સરનેમ' મેં બહોત કુછ રખા હૈ!

## અમેરિકામાં ડ્રંકર્ડ, જોન્સન, મેક્ડોનાલ્ડ, સ્મિથ, જેવી સંખ્યાબંધ અટક જોવા મળે છે તેની પાછળનો ઇતિહાસ શું કહે છે?


આપણે ત્યાં ભારતમાં અટકો વિશે પૂછવું એટલે સીધો કુળ, ધર્મ કે વંશનો ઇતિહાસ બહાર આવી જાય. કોઈ 'પટેલ' હોય તો ખેતી સાથે નાતો હોય, કોઈ 'શાહ' હોય તો વણિક કે વેપારી હોય અને 'જોષી' હોય તો જ્યોતિષ સાથે સંબંધ નીકળે, પણ પશ્ચિમના દેશોમાં, ખાસ કરીને અમેરિકામાં અટકોનો ઇતિહાસ જોઈએ તો માથું ખંજવાળતાં વાળ ખરવા લાગે કે હસી હસીને લોટપોટ થઈ જવાય!

અમેરિકાની અટકો મૂળ તો યુરોપથી આવેલા લોકો સાથે ત્યાં આવી, પણ ત્યાંના વડવાઓએ જે અટકો અપનાવી કે પાડી એ જોઈને થાય કે ભલા માણસો, નામ રાખવા માટે કોઈ બીજું ધારા-ધોરણ નહોતું?! ખેર, ચાલો, આજે આ અટકોના રમૂજી પ્રવાસની થોડી મજા લઈએ.

જૂના જમાનામાં યુરોપમાં સરકારી બાબુઓ કે વહીવટી કર્તાઓ પાસે કોઈ આધુનિક સૉફ્ટવેર કે આધાર કાર્ડ તો હતા નહીં. ગામમાં પાંચ 'જોન' કે પાંચ 'ડેવિડ' ભેગા થાય એટલે અલગ તારવવા મુશ્કેલ બની જાય એટલે તેમણે ભારતીયોની જેમ (એમણે ઘણું બધું ભારતીયોનું કૉપી કર્યું છે) ધંધા-રોજગાર પ્રમાણે અટક પાડવાનું શરૂ કર્યું, જેમકે

જે લુહારનું કામ કરે એનું નામ 'સ્મિથ'. જાણે આપણી 'સુથાર' કે 'લુહાર'. પણ હદ તો ત્યારે થઈ જ્યારે કોઈનું કામ તીર બનાવવાનું હોય તો અટક પડી 'ફ્લેચર' (Fletcher) અને જો કોઈ ધોબી હોય તો અટક પડી 'વૉશર' અથવા 'લવેન્ડર'. જરા વિચારો, કોઈનું નામ મિસ્ટર 'બેકર' (રોટલી બનાવનાર) હોય અને એ વજનમાં પોતે જ રંધાઈ ગયેલા જેવો પાતળો હોય તો. એમ તો ટેનિસ સ્ટાર બોરિસ પણ બેકર જ અટક ધરાવે છે. આપણે જેમ ઘણા લોકોએ અટક જેના પરથી આવી છે તે પરંપરાગત વ્યવસાયો છોડી બોરિસ ટેનિસના રમવાના ધંધામાં લાગી ગયો.

અમેરિકન અટકોના ઇતિહાસમાં સૌથી વધુ મજા તો ત્યારે આવે છે જ્યારે લોકોના શારીરિક દેખાવ કે લક્ષણો પરથી અટકો સ્થાયી થઈ ગઈ હોય, જેમકે...




કોઈ થોડો લાંબો હોય તો અટક પડી 'લોંગ' અને સાવ ઠિંગણો હોય તો 'શૉર્ટ'. કોઈના વાળ કે ચહેરો લાલ હોય તો રેડ કે કોપરફિલ્ડ...

હવે જરા કલ્પના કરો કે જે બિચારાના વડવાઓ બહુ ઝઘડાખોર કે વાંકી નજરવાળા હશે તો તેમની અટક સમય સાથે બદલાઈને કેવી ફની બની ગઈ હશે! આજે પણ અમેરિકામાં 'ડ્રંકર્ડ' (અર્થાત્ શરાબી) અથવા 'ગ્રમ્પી' (Grumpy અર્થાત્ ચીડચિડિયા) જેવી અટક ધરાવતા લોકો હસતા-રમતા જોવા મળે છે. પોતાના જ પૂર્વજની કુંડળી આખી દુનિયા સામે અટક તરીકે લઈને ફરવું એને જ કહેવાય અસલી સિલસિલો!

આપણે ત્યાં શહેર પરથી અટકો પડી છે, ઉદાહરણ તરીકે પાલનપુરી, જયપુરી, લખનવી, શિહોરા, બાંટવા, મંગેશકર, અગરકર, બલસારા તેમ અમેરિકામાં પણ લોકો પોતાના ઘર કે આસપાસની ભૌગોલિક સ્થિતિ પરથી અટક રાખી લેતા.

કોઈ ઝાડની આસપાસ રહેતું હોય તો એની અટક બુશ (Bush) બની ગઈ. કોઈ પર્વતની નીચે રહેતું હોય તો 'અંડરવુડ' કે 'હલ' (Hill) અટક પડી, પણ પેલા બિચારા લોકોનું શું, જેઓ કોઈ કાદવ-કિચડવાળી જગ્યાએ કે ખાડા ટેકરામાં રહેતા હોય? તેમની અટક અંગ્રેજીમાં 'બોટમ' (Bottom) કે 'ડિચ' (Ditch) જેવી પડી ગઈ! હવે વિચારો કોઈ ગંભીર મીટિંગમાં બૉસ બોલાવે:

'મિસ્ટર બૉટમ, પ્લીઝ કમ ઇન' ત્યારે રૂમમાં બેઠેલા લોકોએ હસવું રોકવા માટે કેટલી કસરત કરવી પડતી હશે! કેટલીક અટક તો એવી છે જે અહીં લખીએ તો આજના સંદર્ભમાં દ્વિઅર્થી થઈ જાય.

અમેરિકન અટકોની આ મસ્તી મજાક અહીં જ પૂરી નથી થતી. પશ્ચિમની દુનિયામાં નામકરણની એક બીજી અજબ પ્રથા પણ ભારે રસપ્રદ રહી છે જેને 'પેટ્રોનિમિક્સ' કહેવાય છે.

આ પ્રથા મુજબ પિતાના નામ પરથી સંતાનની અટક નક્કી થતી જેમ કે જો કોઈના પિતાનું નામ જોન હોય તો દીકરો જોનસન એટલે કે જોનનો દીકરો કહેવાયો.

મેકડોનાલ્ડ એટલે શું ખબર છે? ડોનાલ્ડનો દીકરો. ગાએલિક એટલે કે સ્કોટિશ, આયરિશ ભાષામાં મેક એટલે 'નો દીકરો'. મેકડોનાલ્ડ એટલે ડોનાલ્ડનો દીકરો. આપણે ત્યાં જેમ રામાયણમાં શ્રીકૃષ્ણને નંદલાલ કહે છે તેવું થયું.

હવે કલ્પના કરો કે કોઈના પદ કે વંશ પરથી અટક પડી હોય જેમ કે 'કિંગ' (King-રાજા). આ અટક ધરાવનાર વ્યક્તિ કદાચ સામાન્ય કૅફેમાં પાર્ટ-ટાઇમ જૉબ કરતો હોય.

આનાથી ઊલટું, કોઈની અટક 'ફૂલ' (Fool) કે 'ડોર્ક' હોય અને એ ભાઈ બુદ્ધિશાળી વૈજ્ઞાનિક હોઈ શકે!

બીજું કે અમેરિકામાં જ્યારે ઇમિગ્રન્ટ્સ (વિદેશી સ્થળાંતરિતો) લાખોની સંખ્યામાં ઊતર્યા ત્યારે ઇમિગ્રેશન ઑફિસરોની ઉતાવળના લીધે પણ નામોનું અજબ અર્થઘટન થઈ ગયું. કોઈ જર્મન કે ઇટાલિયન નાગરિક લાંબી અટક લઈને સ્ટેશન પર ઊતરે અને પેલા થાકેલા અંગ્રેજ અધિકારીને સ્પેલિંગ ન સમજાય તો એણે પોતાના હિસાબે ટૂંકી કે રમૂજી અટક ચોંટાડી દીધી!

અમેરિકન અટકોનો આ રમૂજી ઇતિહાસ સાબિત કરે છે કે અટક ભલે ગમે તેટલી અટપટી કે ફની હોય, સમય જતાં એ ઓળખ બની જાય છે. પેલા જૂના લુહારના વ્યવસાયવાળા સ્મિથે કદાચ સપનામાંય નહીં વિચાર્યું હોય કે એની પેઢીઓ સ્માર્ટફોન વાપરતી થઈ જશે અને અટક આજે પણ એ જ લુહારના વ્યવસાયવાળી જ રહેશે, સિવાય કે તે બદલી નાખે!

# આજથી એશિયન ગેમ્સનો આરંભ

**હૉકી-ક્રિકેટમાંથી મૅડલની ભારતને આશાઃ ગયા વખતના ૧૦૭ ચંદ્રક કરતા વધુ મૅડલ જીતવાની ભારતની આકાંક્ષા**

**૪૫** કુલ આટલા દેશે ભાગ લીધો છે

**૧૧,૦૦૦** કુલ આટલા ઍથ્લીટ મેદાનમાં

**૫૦૧** ભારતે આટલા ઍથ્લીટ મોકલ્યા છે

નાગોયા (જાપાન) : રમતગમતમાં સતત સારું પ્રદર્શન કરનાર ભારતને શનિવારથી અહીં શરૂ થઈ રહેલી ૨૦ એશિયન ગેમ્સમાં નવી સફળતા મેળવવા માટે પડકારનો સામનો કરવો પડશે. આગામી દાયકામાં ટોચના ૧૦ દેશોમાં સ્થાન મેળવવાની ભારતની મહત્ત્વાકાંક્ષાનો પાયો નાખવાની જવાબદારી ખેલાડીઓ પર રહેશે. એશિયન ગેમ્સમાં ૪૩ રમતોમાં લગભગ ૧૧,૦૦૦ ખેલાડીઓ ભાગ લેશે અને ૪૫ દેશો હોવા છતાં સ્પર્ધા ઓલિમ્પિક કરતા વધારે હોવાની અપેક્ષા છે.

ભારતે ૫૦૧ ખેલાડીઓની ટીમ મોકલી છે. ભારતીય ખેલાડીઓને રહેવા માટે રૂમની અને પરિવહન વ્યવસ્થા કરવા માટે સંઘર્ષ કરવો પડ્યો હતો. ઘણાને રૂમ માટે કલાકો સુધી રાહ જોવી પડી હતી. નાગોયા જાપાનનું ઉત્પાદન માટેનું ઔદ્યોગિક કેન્દ્ર છે. અહીંની શેરીઓ અને આસપાસના વિસ્તારો ખૂબ જ સ્વચ્છ અને સારી રીતે જાળવવામાં આવ્યા છે. અહીંનું વાતાવરણ એ અંધાધૂંધીથી ઘણું અલગ છે

જાપાનને આશા છે કે શનિવારના ઉદ્ઘાટન સમારોહ પછી પરિસ્થિતિમાં સુધારો આવશે. ભારતીય ટીમ ૨૦૨૨માં હાંગઝોઉમાં યોજાયેલા એશિયન ગેમ્સમાં તેના રેકોર્ડ પ્રદર્શન (૧૦૭ મેડલ) ને વધુ સુધારવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. ભારતના છેલ્લા શ્રેષ્ઠ પ્રદર્શને દર્શાવ્યું હતું કે તે ફક્ત પરંપરાગત મેડલ વિજેતા રમતો પર આધારિત નથી, પરંતુ તેમાં નોંધપાત્ર ઊંડાણ છે.

**૨૦૨૨માં કયા-કેટલા મેડલ?**

૨૮- ગોલ્ડ

૩૮- સિલ્વર

૪૧- બ્રોન્ઝ

૧૦૭ - કુલ

ભારત ૨૦૩૬ સુધીમાં ટોચના દસ રમતગમત દેશોમાં અને ૨૦૪૭ સુધીમાં ટોચના પાંચમાં સ્થાન મેળવવાની ઇચ્છા રાખે છે. આ બધા લાંબા ગાળાના લક્ષ્યો છે, પરંતુ દેશ તે આકાંક્ષાઓને સાકાર કરવા તરફ કઈ ગતિએ આગળ વધી રહ્યો છે તેની ઝલક આપે છે. તેથી આ રમતો ફક્ત મેડલ જીતવા વિશે નથી. તે ભારતીય રમતોની તાકાતનું પરીક્ષણ કરશે.

ભારતના અભિયાનનું નેતૃત્વ ટ્રેક અને ફિલ્ડ એથ્લીટ્સ અને શૂટર્સ કરશે. શૂટિંગમાં યુવાનો અને અનુભવનું સારું મિશ્રણ છે, જેનું નેતૃત્વ બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા પિસ્તોલ શૂટર મનુ ભાકર કરી રહી છે. ભારતીય ટીમમાં રાઇફલ, પિસ્તોલ અને શોટગન નિષ્ણાતો સહિત ૩૦ શૂટર્સનો સમાવેશ થાય છે. બે વખતના એશિયન ગેમ્સ ચેમ્પિયન અને ભારતના સૌથી મોટા એથ્લેટિક્સ સ્ટાર નીરજ ચોપરા ઈજાને કારણે ગેમ્સમાંથી બહાર થઈ ગયો છે પરંતુ ભારતની ૭૪ સભ્યોની ટુકડીમાં ઘણા મેડલ દાવેદારો છે.

શોટ પુટર તેજિંદર પાલ સિંહ તૂર, મનુ ભાકર સાથે ઉદ્ઘાટન સમારોહમાં ભારતનો ધ્વજવાહક હશે, જેની નજર સતત ત્રીજા ગોલ્ડ મેડલ પર રહેશે. લાંબી કૂદમાં મુરલી શ્રીશંકર, લાંબા અંતરની દોડમાં ગુલવીર સિંહ, ભાલા ફેંકમાં રોહિત યાદવ, ડેકાથલોનમાં તેજસ્વિન શંકર અને મહિલા લાંબી કૂદમાં એન્સી સોજન પર નજર રહેશે.

ઈજામાંથી પાછા ફરતા સર્વેશ કુશારે, વિઘ્ન દોડમાં જ્યોતિ યારાજી અને ટ્રિપલ જમ્પમાં પ્રવીણ ચિત્રાવલે માટે પણ અપેક્ષાઓ છે. ભારતે હાંગઝોઉમાં એથ્લેટિક્સમાં ૨૯ મેડલ જીત્યા, જેમાં છ ગોલ્ડ, ૧૪ સિલ્વર અને નવ બ્રોન્ઝનો સમાવેશ થાય છે.

ક્રિકેટમાં હરમનપ્રીત કૌરની કેપ્ટનશિપ હેઠળની ભારતીય ટીમ પોતાનું ટાઇટલ જાળવી રાખવાનો લક્ષ્ય રાખશે. ૨૦૨૮ લોસ એન્જલસ ઓલિમ્પિકમાં ક્રિકેટની શરૂઆતને કારણે એશિયન ગેમ્સમાં ગોલ્ડ જીતવો મહત્ત્વપૂર્ણ રહેશે. પુરુષોની ટીમે હાંગઝોઉમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો, પરંતુ અફઘાનિસ્તાન સામેની ફાઇનલ વરસાદને કારણે ધોવાઈ ગઈ હતી, જેના કારણે તેમના ઉચ્ચ રેન્કિંગને કારણે ટાઇટલ જીત્યું હતું. હવે ભારતીય ટીમ મેદાન પર સતત બીજી વખત ટાઇટલ જીતવા માટે પ્રયત્ન કરશે.

બેડમિન્ટનમાં સાત્વિકસાંઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડીએ છેલ્લી વખત ગોલ્ડ મેડલ જીત્યો હતો, તે સૌથી મજબૂત દાવેદાર છે. પી.વી. સિંધુ પાસે અનુભવ છે, જ્યારે ઉન્નતિ હુડા અને આયુષ શેટ્ટી પણ પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે પ્રયત્ન કરશે.

હોકીમાં હરમનપ્રીત સિંહની કેપ્ટનશિપ હેઠળની પુરુષ ટીમ, વર્લ્ડ કપ અને પ્રો લીગની નિરાશાઓને ભૂલીને એશિયન ગેમ્સમાં સતત બીજી વખત ગોલ્ડ મેડલ જીતવાનો પ્રયાસ કરશે. ગયા વખતે જાપાન સામે હારી ગયેલી મહિલા ટીમ કાંસ્ય ચંદ્રક સાથે પરત ફરી હતી. જોકે, વર્લ્ડ કપમાં પાંચમા સ્થાને રહ્યા બાદ ટીમ આત્મવિશ્વાસથી ભરેલી છે અને તેના મેડલની સંખ્યામાં સુધારો કરવાનો પ્રયાસ કરશે. તીરંદાજી, બોક્સિંગ અને કબડ્ડીમાં પણ મેડલની મજબૂત સંભાવનાઓ છે. મહિલા બોક્સરોએ ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં શાનદાર પ્રદર્શન કર્યું. ભારતે હંમેશાં એશિયામાં કબડ્ડી પર પ્રભુત્વ મેળવ્યું છે. ■

**એશિયન ગેમ્સ મહિલા ટી-૨૦ ટૂર્નામેન્ટ**

## ભારત ફક્ત પાંચ ઓવરમાં જીતીને સેમિ ફાઇનલમાંઃ શ્રી ચરની અને શેફાલીના સ્ટાર પર્ફોર્મન્સ



નાગોયાઃ એશિયા કપ વિજેતા ભારતની મહિલા ક્રિકેટ ટીમે અહીં યજમાન જાપાનને એશિયન ગેમ્સની ટી-૨૦ ટૂર્નામેન્ટની ક્વોર્ટર ફાઈનલમાં ૧૫ ઓવર બાકી રાખીને આઠ વિકેટના માર્જિનથી હરાવીને સેમિ ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો હતો.

ભારત-પાકિસ્તાન ફાઈનલમાં સામસામે આવશે?

હવે રવિવારે પ્રથમ સેમિ ફાઈનલમાં પાકિસ્તાનનો મુકાબલો શ્રીલંકા સામે અને ભારતનો મુકાબલો બાંગ્લાદેશ સામે થશે. ભારત અને પાકિસ્તાન ગોલ્ડ મેડલ માટેની ફાઇનલમાં સામસામે આવી શકે. મેન્સ ક્રિકેટમાં ભારતની પહેલી મેચ ૨૮મી સપ્ટેમ્બરે રમાશે. શ્રેયસ ઐયર ભારતનો કેપ્ટન છે.

ક્વોર્ટર ફાઈનલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતે જાપાનને ફક્ત ૫૭ રનમાં ઑલઆઉટ કર્યું ત્યાર બાદ ૨૪ રનમાં ગુમાવેલી બે વિકેટના ભોગે ફક્ત પાંચ ઓવરમાં ૫૯ રન બનાવીને વિજય મેળવી લીધો હતો. શેફાલી વર્મા (૪૦ અણનમ, ૧૫ બોલ, બે છગ્ગા, છ ચોગ્ગા) ભારતની ઈનિંગ્સની સ્ટાર-બેટર હતી. સ્મૃતિ મંધાના ઓપનિંગમાં નહોતી રમી. શેફાલી સાથે ઓપનિંગમાં રમનાર જી. કમલિની નામની બીજી ઓપનર શૂન્યમાં અને ભારતી ફૂલમાલી ફક્ત ૬ રન બનાવીને આઉટ થઈ ગઈ હતી.

જોકે શેફાલી વર્માએ એક છેડો સાચવી રાખ્યો હતો અને વિકેટકીપર રિચા ઘોષ (૧૨ અણનમ) સાથે મળીને ભારતને આસાન વિજય અપાવી દીધો હતો. ભારતીય ટીમે ૫૯ રન ફક્ત પાંચ ઓવરમાં (૩૦ બોલમાં) બનાવી લીધા હતા. જાપાનની મહિલા ટીમ ટૂર્નામેન્ટની બહાર થઈ ગઈ છે. જાપાનમાં એશિયન ગેમ્સ ટૂર્નામેન્ટ સત્તાવાર રીતે શનિવાર, ૧૯ સપ્ટેમ્બરે શરૂ થઈ રહી છે, પરંતુ શેડ્યૂલ અનુસાર મહિલાઓની ટી-૨૦ ક્રિકેટ ટૂર્નામેન્ટનો થોડા દિવસ પહેલા જ આરંભ થઈ ગયો અને ભારતે જાપાન સામેની ક્વોર્ટર ફાઇનલ જીતી પણ લીધી. અન્ય ત્રણ ક્વોર્ટર ફાઈનલમાં પાકિસ્તાન, શ્રીલંકા અને બાંગ્લાદેશે વિજય મેળવ્યો હતો. ■

## અફરાતફરી વચ્ચે ભારત સહિતના છ દેશોનો ધ્વજવંદન સમારોહ




નાગોયા (જાપાન): એશિયન ગેમ્સમાં ભારત સહિત છ દેશોનો ધ્વજવંદન સમારોહ શુક્રવારે એક કલાકથી વધુ સમય બાદ શરૂ થયો હતો. રિપોર્ટ અનુસાર, સમારોહમાં વિલંબ પાછળ એવું કહેવામાં આવ્યું કે ઓલિમ્પિક કાઉન્સિલ ઓફ એશિયા અને સ્થાનિક આયોજન સમિતિ વચ્ચે ગેરસમજ આ વિલંબનું કારણ હતી. જાપાની સમય મુજબ બપોરે ૧:૩૦ વાગ્યે શરૂ થવાનો કાર્યક્રમ ૨૦ મિનિટ મોડો શરૂ થયો હતો.

ભારતના અભિયાન વડા સહદેવ યાદવ અને ચાર ઉપપ્રમુખ અચંતા શરથ કમલ, લિઝો ડેવિડ ટી, અલકનંદા અશોક અને અંજલી ભાગવત સમારોહમાં હાજર હતાં. યમન, ઉત્તર કોરિયા, પેલેસ્ટાઇન, ભારત, ચીની તાઈપેઈ અને તિમોર લેસ્ટે સમારોહમાં ભાગ લેવાના હતા પરંતુ તેમને રાહ જોવાનું કહેવામાં આવ્યું હતું. પંદર મિનિટ રાહ જોયા પછી તેમને તેમના સંબંધિત રૂમમાં મોકલવામાં આવ્યા હતા.

સ્થાનિક આયોજકોએ મીડિયાને જણાવ્યું હતું કે, ''અમે વિલંબ માટે માફી માગીએ છીએ. એક ટીમ સાથે થોડી સમસ્યા હતી. અમે ૧૫ મિનિટ પછી કાર્યક્રમ ફરી શરૂ કરવાનો પ્રયાસ કરીશું.'' બાદમાં એક કલાકથી વધુ સમય પસાર થયો પરંતુ વિલંબ પાછળનું કારણ કહેવામાં આવ્યું નહીં.

સમારંભ પછીના એક નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે, ઓલિમ્પિક કાઉન્સિલ ઓફ એશિયાના એક્ઝિક્યુટિવ બોર્ડ અને આયોજન સમિતિ વચ્ચે વાતચીતનો અભાવ હતો, જેના કારણે આ ઘટના બની હતી. અધિકારીએ કહ્યું કે વિલંબ પાછળ તાઇવાન (ચીની તાઇપેઈ) સાથે કોઈ સંબંધ નથી. એવું નથી કે કોઈ (ટીમ) વિલંબનું કારણ બન્યું. ■

## ૩૫ ભારતીય ઍથ્લીટ્સને ન મળ્યો રૂમ, અલગથી બુક કરવી પડી હોટલ

નાગોયા (જાપાન) : ભારતના એશિયન ગેમ્સના અભિયાનના વડા સહદેવ યાદવે શુક્રવારે જણાવ્યું હતું કે તેમને જાપાન આવતા જ જાણ થઈ કે આયોજકોએ ૩૦ થી ૩૫ ભારતીય ખેલાડીઓના નામ યાદીમાંથી કાઢી નાખ્યા હતા જેના કારણે ભારતને તેમના માટે રૂમની વ્યવસ્થા કરવાની ફરજ પડી છે. ઘણા ભારતીય ખેલાડીઓને રહેવાની સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો અને રૂમ માટે કલાકો સુધી રાહ જોવી પડી હતી.

યાદવે ધ્વજવંદન સમારોહ બાદ કહ્યું હતું કે આયોજન સમિતિએ અમને કહ્યું હતું કે ભારતમાંથી અપેક્ષા કરતાં વધુ ખેલાડીઓ આવ્યા છે, પરંતુ એવું નથી. અમે અમારા આયોજન મુજબના ખેલાડીઓ મોકલ્યા હતા. પરંતુ તેમણે કેટલાક નામો હટાવ્યા જેના કારણે અમારે હોટલ બુક કરવી પડી હતી. ૩૦-૩૫ ખેલાડીઓ રહેવા માટે રૂમ મળ્યો નહોતો.

તેમણે કહ્યું હતું કે, ''અમારી ટીમે ઝડપથી કાર્યવાહી કરી અને રૂમ બુક કરાવ્યા હતા.'' યાદવે કહ્યું કે ટીમો એશિયન ગેમ્સ માટે પહોંચતા અવ્યવસ્થા જોવા મળી હતી. જોકે આવી ઈવેન્ટમાં આવી સમસ્યાઓ ઊભી થાય છે. આપણે આનાથી આગળ વધવું પડશે. આપણે આપણા ખેલાડીઓની સમસ્યાઓનું નિરાકરણ લાવવાની અને તેમને સારી રહેવાની વ્યવસ્થા પૂરી પાડવાની જરૂર છે જેથી તેઓ માનસિક અને શારીરિક રીતે સારી સ્થિતિમાં રહી શકે અને મેડલ જીતી શકે. બધા ભારતીય ખેલાડીઓને હવે રૂમ મળી ગયા છે અને કોઈ સમસ્યા નથી. ■

## ભારતના ધ્વજવાહક હશે મનુ ભાકર, તેજિન્દર તૂર

નાગોયા (જાપાન) : ભારતની સ્ટાર શૂટર મનુ ભાકર અને ડિફેન્ડિંગ શોટ પુટમાં ચેમ્પિયન તેજિન્દર પાલ સિંહ તૂર ૨૦૨૬ એશિયન ગેમ્સના ઉદ્ઘાટન સમારોહમાં ભારતના ધ્વજવાહક હશે. એશિયન ગેમ્સની ઓપનિંગ સેરેમની પછી મેડલ ઇવેન્ટ્સ યોજાશે. ૨૦મી એશિયન ગેમ્સ જાપાનના આઈચી અને નાગોયામાં યોજાઈ રહી છે.

ભારતના અભિયાન વડા સહદેવ યાદવે જણાવ્યું હતું કે મનુ ભાકર એક ધ્વજવાહક હશે. એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાએ પુષ્ટી કરી હતી કે તૂર બીજો ધ્વજવાહક હશે. ૨૪ વર્ષીય મનુ ભાકરે ૨૦૨૪ પેરિસ ઓલિમ્પિકમાં ભારત માટે બે મેડલ જીત્યા હતા. તેણીએ ૧૦-મીટર એર પિસ્તોલમાં વ્યક્તિગત અને મિશ્ર ટીમ બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. ૩૧ વર્ષીય તૂર એશિયન ગેમ્સમાં શોટ પુટમાં બે વખત ડિફેન્ડિંગ ગોલ્ડ મેડલિસ્ટ છે. ■

## સોફ્ટ ટેનિસમાં ભારતની સફર ક્વાર્ટર ફાઈનલમાં સમાપ્ત

નાગોયા (જાપાન) : ભારતીય ટીમ એશિયન ગેમ્સની સોફ્ટ ટેનિસ ઇવેન્ટમાં પુરુષોની ટીમ ક્વાર્ટર ફાઇનલમાં ઇન્ડોનેશિયા સામે ૦-૨થી હારી ગઈ હતી. ભારતે ગ્રૂપ-સીમાં મંગોલિયા અને લાઓને હરાવ્યા હતા જ્યારે ચીની તાઈપેઈ સામે હારનો સામનો કરવો પડ્યો હતો.

ભારતીય ટીમમાં જય મીણા, આર્યન ઠાકુર, યોગેશ ચૌધરી, અનિકેત પાટિલ અને ઓમ યાદવનો સમાવેશ થાય છે. બીજી ક્વાર્ટર ફાઈનલમાં તે ઇન્ડોનેશિયા સામે હારી ગયા, જેમાં ફર્નાન્ડો સેંગર, ટિયો હુતારુક, મોહમ્મદ ફલેવી, રિઝકી લાલુયાન અને બાગુસ પ્રાડેવા હતા.

જય મીણા અને યોગેશ ચૌધરીને પુરુષોની ડબલ્સ મેચમાં ટિયો અને ફર્નાન્ડોને હરાવ્યા હતા. આર્યન ઠાકુરને પુરુષોની સિંગલ્સમાં બાગુસે હરાવ્યો હતો. ત્રીજી મેચ રદ કરવામાં આવી હતી. સોફ્ટ ટેનિસ એક એવી રમત છે જેની શરૂઆત જાપાનમાં થઈ હતી. ■

## આગરકરના ભાવિ મામલે સસ્પેન્સ

**૧૫ દિવસ ચીફ સિલેક્ટરના કાર્યકાળમાં બાકી છે અને ક્રિકેટ વિશ્વમાં આ સમય બહુ લાંબો ગણાય, એમ બીસીસીઆઇના સેક્રેટરીએ કહ્યુંઃ એશિયા કપની ટ્રૉફીઓ ભારત ચોક્કસ લવાશે એમ પણ કહ્યું, પરંતુ ક્યારે એ વિશે મૌન**

મુંબઈઃ ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) મુખ્ય પસંદગીકાર અજિત આગરકરના ભવિષ્ય અંગે મોટો નિર્ણય લેશે. બીસીસીઆઈની શુક્રવારે વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) માં સભ્ય એકમોએ પસંદગી સમિતિના અધ્યક્ષ અજિત આગરકરનો કાર્યકાળ લંબાવવો કે નવા અધ્યક્ષની નિમણૂક કરવી તે નિર્ણય બોર્ડ અધિકારીઓ પર છોડી દીધો છે. આગરકરનો કાર્યકાળ આવતા મહિનાની શરૂઆતમાં સમાપ્ત થવાનો છે, અને તેમના ભવિષ્ય અંગે અટકળો ચાલી રહી છે. સૂત્રોના મતે આગરકરને બીસીસીઆઈ હટાવી શકે છે અને નવા સિલેક્ટર્સની પસંદગી કરી શકે છે. જોકે આ મામલે બીસીસીઆઇના સેક્રેટરી દેવજિત સાઇકિયાએ કહ્યું હતું કે, આગરકરના કાર્યકાળને પુરો થવાને હજી ૧૫ દિવસનો સમય બાકી છે અને ક્રિકેટ વિશ્વમાં ૧૫ દિવસનો સમય બહુ લાંબો કહેવાય તેથી અત્યારે કશુંય કહેવું વહેલું ગણાશે.

તેમણે વધુમાં એમ પણ કહ્યું હતું કે, ભારતની પુરુષો અને મહિલાઓને ટીમે એશિયા કપ જીત્યો છે પણ તેને જે ટ્રૉફી મળી નથી એ ભારત ચોક્કસ લાવવામાં આવશે પણ ક્યારે એ વિશે કંઇ કહી ન શકાય.

બેઠક પછી બીસીસીઆઈના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, ''અધિકારીઓને પસંદગી સમિતિઓ સંબંધિત બાબતો પર નિર્ણય લેવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે.'' જોકે, તેમણે આગરકરના કાર્યકાળ અંગે સ્પષ્ટ નિવેદન આપ્યું ન હતું. બોર્ડ સાથે જોડાયેલા રાજ્ય ક્રિકેટ સંગઠનોના પ્રતિનિધિઓએ ૯૫મી બીસીસીઆઈની એજીએમમાં હાજરી આપી હતી. ક્રિકેટ એસોસિએશન ઓફ બંગાળના પ્રતિનિધિ અને ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન સૌરવ ગાંગુલી અને કર્ણાટક રાજ્ય ક્રિકેટ એસોસિએશનના પ્રતિનિધિ અને ભૂતપૂર્વ ઝડપી બોલર વેંકટેશ પ્રસાદ પણ હાજર રહ્યા હતા. સિનિયર પસંદગી સમિતિના અધ્યક્ષના ભવિષ્ય અંગે નિર્ણય લેવા ઉપરાંત બીસીસીઆઈ જૂનિયર પસંદગી સમિતિમાં પાંચેય પદો ભરવા માટેની પ્રક્રિયા પર પણ વિચાર કરી રહ્યું છે. દરમિયાન મુંબઈ ક્રિકેટ એસોસિએશને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડને વિનંતી કરી છે કે તેઓ મેચોની ફાળવણી દરમિયાન તેને કેટલીક વધુ મહત્ત્વપૂર્ણ મેચો આપવા પર વિચાર કરે. ■



## ઇંગ્લૅન્ડમાં સૅમસનની બાકાતી મારી કારકિર્દીનો સૌથી મુશ્કેલ નિર્ણયઃ ગંભીર

નવી દિલ્હીઃ ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે કહ્યું છે કે તાજેતરના ઇંગ્લેન્ડ પ્રવાસ પર સંજૂ સૅમસનને ટીમમાંથી બહાર રાખવાનો નિર્ણય તેમના કોચિંગ કરિયરનો ''કદાચ સૌથી મુશ્કેલ નિર્ણય'' હતો. સૅમસને ભારતમાં યોજાયેલા ટી-૨૦ વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું, જેના કારણે પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટનો એવૉર્ડ મેળવ્યો હતો. સતત ખરાબ ઈનિંગ્સ બાદ સૅમસનને ઇંગ્લેન્ડ સામેની ટી-૨૦ શ્રેણીમાંથી બહાર કરવામાં આવ્યો હતો અને તેની ગેરહાજરીમાં યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીને આંતરરાષ્ટ્રીય સ્તરે ડેબ્યૂ કરવાની તક આપવામાં આવી હતી.

ત્યારબાદ ભારતીય ટીમે તેની જૂની ઓપનિંગ જોડી અભિષેક શર્મા અને સંજૂ સૅમસન પર વિશ્વાસ મૂક્યો હતો. અફઘાનિસ્તાન સામેની ત્રણ મેચની ટી-૨૦ સિરીઝમાં બંનેએ બે-બે અડધી સદી ફટકારી હતી, ૩-૦થી સિરીઝ જીત્યા બાદ મીડિયા સાથે વાત કરતા ગંભીરે સૅમસનની પ્રશંસા કરતા કહ્યું કે ડ્રેસિંગ રૂમમાં તેની સતત હાજરીનો શ્રેય લેવાની જરૂર નથી. તેમણે કહ્યું કે સેમસનની પ્રતિભા જ તેમને ટીમમાં સ્થાન અપાવવા માટે પૂરતી હતી. ગંભીરે કહ્યું હતું કે, ''કોઈ પણ ખેલાડી આ રીતે વર્લ્ડ કપમાં પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ નથી બનતો. તેમની પાસે ચોક્કસપણે પ્રતિભા છે. તેણે ઘણું બધું પ્રાપ્ત કર્યું છે.'' ■

### 'હાર્દિક હજી ૧૦ ઓવર નથી નાખી શકતો'

નવી દિલ્હીઃ માર્ચ ૨૦૨૬ બાદ હાર્દિક પંડ્યાએ એક પણ ઈન્ટરનેશનલ મેચ રમી નથી. હાલમાં પણ તે ફિટ છે કે નહીં તેને લઈને ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે મહત્ત્વની સ્પષ્ટતા કરી દીધી છે. દિલ્હીમાં ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે રમાયેલી મેચની ટૂર્નામેન્ટ ટીર૨૦ સિરીઝ બાદ હાર્દિક પંડ્યાને લઈ વાત કહી છે. કોચે જણાવ્યું હતું કે હાર્દિક અત્યાર સુધી શા માટે ટીમની બહાર હતો એમ પણ કહ્યું તેમ જ આગામી વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને ખેલાડીને કોઈ ઉતાવળથી ટીમમાં લાવવા માગતા નથી એવી પણ ચોખવટ કરી.ટૂર્નામેન્ટમાં તે જોવા મળી શકે છે.

હાર્દિક હાલમાં દસ ઓવર પણ ફેંકી શકતો નથી. આ માટે જ તેને અમે કોઈ ઈન્ટરનેશનલ મેચમાં મોકલવા માગતા નથી. કારણ કે ઈન્ટરનેશનલ ક્રિકેટ શરીર માટે મુશ્કેલી ઊભી કરી શકે છે. હવે જો તે ઈન્ડિયાની એ ટીમમાંથી રમે છે, એમ ગંભીરે જણાવ્યું હતું. ■

## અન્ડર-૧૯માં ભારતે ઓસ્ટ્રેલિયાને હરાવ્યું, દ્રવિડ અને સહેવાગ જુનિયર રહ્યા જીતના હીરો

રાજકોટ : ભારતે ઓસ્ટ્રેલિયા સામેની અંડર-૧૯ અનઓફિશિયલ વન-ડે સીરિઝમાં જીત સાથે શરૂઆત કરી હતી. નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે વરસાદથી પ્રભાવિત પ્રથમ મેચમાં ભારતે પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો અને ઓસ્ટ્રેલિયાને ૧૮૩ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. અંતિમ ઓવર સુધી ચાલેલી રોમાંચક મેચમાં ભારતે ૭ રનથી મેચ જીતી લીધી હતી. મેચનો હીરો આર્યવીર સેહવાગ રહ્યો હતો જેણે અંડર-૧૯ ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું. આર્યવીરે ૨૬ બોલમાં ૨૮ રન કર્યા હતા. કેપ્ટન લક્ષ્ય સાથે ૪૫ રનની ઓપનિંગ ભાગીદારી કરી હતી. ભારત તરફથી યશવર્ધન ચૌહાણે સૌથી વધુ ૫૪ રન ફટકાર્યા હતા. અંતમાં દ્રવિડના પુત્ર અન્વય દ્રવિડે એક નોંધપાત્ર ઇનિંગ રમી હતી. વિકેટકીપર-બેટ્સમેન દ્રવિડે ૧૮ બોલમાં ૩૮ રનની આક્રમક ઈનિંગ રમી હતી. પ્રથમ બેટિંગ કરતા ભારતે ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૧૮૨ રન કર્યા હતા.

ઓસ્ટ્રેલિયા સામે ૧૮૩ રનનો લક્ષ્યાંક હતો, પરંતુ છેલ્લી ઓવરમાં ભારતે ૭ રનથી જીત મેળવી હતી. ■

## ડેવિસ કપમાં સારી શરૂઆત છતાં ભારતનો ધબડકો, દક્ષિણ કોરિયા સામે ૨-૦થી પાછળ

સિઓલ : ડેવિસ કપમાં અંતિમ-૮માં પહોંચવાની ભારતની આશાઓ પર પાણી ફરી વળ્યું હતું. દક્ષિણેશ્વર સુરેશ અને સુમિત નાગલ શુક્રવારે અહીં સારી શરૂઆતનો લાભ ઉઠાવવામાં નિષ્ફળ રહ્યા અને તેમની સિંગલ્સ મેચ હારી ગયા હતા જેના કારણે ભારતીય ટીમ પ્રથમ દિવસ પછી દક્ષિણ કોરિયાથી ૦-૨થી પાછળ રહી હતી.

દક્ષિણેશ્વરે સારી શરૂઆત કરી હતી પરંતુ તે લય જાળવી શક્યો નહીં અને તેને દક્ષિણ કોરિયાના સૂન વૂ ક્વોન સામે ૩-૬, ૬-૩, ૬-૪થી હારનો સામનો કરવો પડ્યો. ભારતની વાપસીની જવાબદારી ભારતના નંબર વન ખેલાડી નાગલ પર હતી, પરંતુ તે સારી શરૂઆત બાદ પણ ત્રણ કલાકથી વધુ ચાલેલી મેચમાં અનુભવી હ્યોન ચુંગ સામે ૬-૨, ૪-૬, ૫-૭થી હારી ગયો હતો. હવે નોકઆઉટ સ્ટેજમાં પહોંચવા માટે ભારતે અંતિમ દિવસે ત્રણેય મેચ જીતવી પડશે, જે ભારતીય ઇતિહાસમાં ફક્ત બે વાર બન્યું છે. ભારતે ૨૦૧૦માં બ્રાઝિલ સામે ઘરઆંગણે અને ૨૦૧૮માં ચીન સામે ઘરઆંગણે જીત મેળવી હતી. ■

## 'વિમલ'ની જાહેરાત મુદ્દે મુંઢેએ કહ્યું

# કાયદો તોડનાર મારા માટે સેલિબ્રિટીઝ નથી

મુંબઈ: મહારાષ્ટ્ર એફડીએ (ફૂડ એન્ડ ડ્રગ એડ્મિનિસ્ટ્રેશન) કમિશનર તુકારામ મુંઢે વિમલ ઈલાયચીની જાહેરાતને લઈને અભિનેતા શાહરુખ ખાન, અજય દેવગણ અને ટાઇગર શ્રોફ પર કાર્યવાહીના મામલામાં એક મહત્ત્વનું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે આ અભિનેતાઓને શો-કોઝ નોટિસ (કારણ બતાવો નોટિસ) જારી કરી હતી. એક અભિનેતાએ નોટિસનો જવાબ નથી આપ્યો, તેથી તેની વિરુદ્ધ એફડીએ દ્વારા કાયદેસર કાર્યવાહી અને ટ્રાયલ ચલાવવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. મુંઢેએ કહ્યું કે આ મામલામાં અભિનેતાઓ તેમના માટે સેલિબ્રિટીઝ નથી, પરંતુ જાહેરાત કરનારા છે અને કાયદાના ઉલ્લંઘન કરવાના આરોપમાં કાર્યવાહી કાયદા અનુસાર આગળ વધશે. મળતી માહિતી અનુસાર એફડીએના ગ્રેટર મુંબઈ ડિવિઝન દ્વારા ૧૧ ઓગસ્ટ ત્રણેય અભિનેતાને નોટિસ મોકલવામાં આવી હતી. આરોપ હતો કે વિમલ ઈલાયચીની જાહેરાત પ્રતિબંધિત 'વિમલ પાન મસાલા'ના પ્રમોશન તરીકે કરવામાં આવી રહ્યો છે. રાજ્યમાં પાન મસાલા પ્રતિબંધિત ઉત્પાદનોની શ્રેણીમાં આવે છે. ■

### કોલાબાની ઓલિમ્પિયા કોફી હાઉસનું લાઈસન્સ સસ્પેન્ડ

મુંબઈ: આઈએએસ તુકારામ મુંઢેના નેતૃત્વ હેઠળ એફડીએ દ્વારા દક્ષિણ મુંબઈમાં મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતાના નિયમોના ઉલ્લંઘન બદલ મુંબઈના કોલાબા વિસ્તારમાં આવેલા પ્રસિદ્ધ ઓલિમ્પિયા કોફી હાઉસનું ફૂડ લાઇસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર એક ગ્રાહકની ફરિયાદ બાદ એફડીએની ટીમે પ્રતિષ્ઠાનનું નિરીક્ષણ કર્યું હતું. તપાસ દરમિયાન ફૂડ સ્ટોરેજ એરિયા અને કિચનમાં અનેક ખામીઓ જોવા મળી હતી. એફડીએ દ્વારા રાજ્યભરમાં ખાદ્ય પ્રતિષ્ઠાનો સામે ચલાવવામાં આવી રહેલા તપાસ અભિયાન દરમિયાન મોટી કાર્યવાહી કરવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, રાજ્યભરમાં તપાસ કરવામાં આવેલા ૨૭ ફૂડ એસ્ટાબ્લિશ-મેન્ટ્સમાંથી ૧૪ના લાઇસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ■

### ધ ન્યૂ પૂના ક્લબનું લાઈસન્સ રદ

પુણે: પુણેના કેમ્પ વિસ્તારમાં આવેલા જાણીતા 'ધ ન્યૂ પૂના ક્લબ'ના રસોડામાં ભારે અસ્વચ્છતા અને ખાદ્ય સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન થતું હોવાનું સામે આવતાં એફડીએએ ક્લબ સામે કડક કાર્યવાહી કરી છે. દરરોજ સેંકડો લોકો જ્યાં જમે છે ત્યાં આરોગ્ય સાથે રમત થતી હોવાનું ખુલતા, એફડીએએ કડક કાર્યવાહી કરી ક્લબનું ફૂડ લાયસન્સ તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કર્યું હતું. ■

### અન્ય પ્રતિષ્ઠાનો સામે કાર્યવાહી

એફડીએની કાર્યવાહી માત્ર ઓલિમ્પિયા કોફી હાઉસ અને સરકારી હૉસ્પિટલની કેન્ટીન સુધી મર્યાદિત રહી નથી. ચેમ્બુર, ઘાટકોપર અને વરલી ખાતે આવેલા અનેક પ્રતિષ્ઠાનોના લાઇસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, મલાડ ઈસ્ટ, ખારઘર, રાયગઢ ખાતેના પ્રતિષ્ઠાનો સામે પણ કાર્યવાહી કરવામાં આવી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ યાદીમાં પુણે જિલ્લાના ચાર અને નાગપુરની બે રેસ્ટોરાનો પણ સમાવેશ થાય છે. ■

# શરદ પવારનો દેવેન્દ્ર ફડણવીસને પત્રઃ ખેડૂતોને આર્થિક સહાય અને લોન માફી આપવા જણાવ્યું

મુંબઈ: મરાઠા અનામત મુદ્દે સરકારને હજુ માંડ રાહત મળી છે ત્યારે હવે ખેડૂતોના પ્રશ્ન મુદ્દે એનસીપી (એસપી)એ મુખ્ય પ્રધાનને પત્ર લખીને તેમની સમસ્યાનો ઉકેલવાની માગણી કરી છે. મહારાષ્ટ્રમાં વરસાદની લાંબી ખેંચ અને અછતના કારણે ખેડૂતો સામે ઊભી થયેલી ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને NCP-SPના પ્રમુખ શરદ પવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને એક પત્ર લખ્યો છે.

રાજ્યના અનેક જિલ્લાઓમાં પાક સુકાઈ રહ્યો છે અને ખેતી સાથે પશુધન પણ સંકટમાં છે. આ ગંભીર સ્થિતિમાંથી ખેડૂતોને બહાર લાવવા માટે પવારે દુષ્કાળ જાહેર કરવા, પ્રતિ હેક્ટર આર્થિક સહાય, કૃષિ લોન માફી અને પશુઓ માટે ઘાસચારાની વ્યવસ્થા સહિતના ૯ મહત્ત્વના મુદ્દાઓ પર તાત્કાલિક પગલાં ભરવાની માગ કરી છે. શરદ પવારે પોતાના સોશ્યલ મીડિયા હેન્ડલ એક્સ પર આ અંગે માહિતી આપી છે અને પત્રની તસવીર પણ શેર કરી છે. પત્રમાં તેમણે મહારાષ્ટ્રના ખેડૂતોની સમસ્યાઓને ધ્યાનમાં લઈને તાત્કાલિક સુધારાત્મક પગલાં લાગુ કરવાની માગ કરી છે. જોકે, આ મામલે હજુ સુધી દેવેન્દ્ર ફડણવીસ તરફથી કોઈ પ્રતિક્રિયા સામે આવી નથી. નોંધનીય છે કે પવારની આ પોસ્ટ રાજ્ય કેબિનેટની મંગળવારે મળેલી બેઠક બાદ આવી છે. આ બેઠકમાં રાજ્યમાં ચોમાસાની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન મહેસૂલ અને કૃષિ વિભાગે માહિતી આપી હતી કે રાજ્યના ૧૯ જિલ્લાઓના ૮૩ તાલુકાઓમાં ૨૦ દિવસથી વધુ સમયથી વરસાદ થયો નથી. ■

### દુષ્કાળગ્રસ્ત તાલુકા જાહેર કરવાની માગ

પૂર્વ કેન્દ્રીય પ્રધાન શરદ પવારે પ્રથમ માગ કરી છે કે ઔપચારિક પ્રક્રિયામાં વિલંબ કર્યા વિના સૌથી વધુ અસરગ્રસ્ત તાલુકાઓની ઓળખ કરીને તેમને તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે. બીજા મુદ્દે તેમણે અસરગ્રસ્ત ખેડૂતોને પ્રતિ હેક્ટર ઓછામાં ઓછા ૫૦,૦૦૦ રૂપિયાની આર્થિક સહાય આપવાની માગ કરી છે. સાથે જ ભૂમિહીન ખેતમજૂર પરિવારોને ૨૫,૦૦૦ રૂપિયાની મદદ આપવાની પણ માગ કરવામાં આવી છે.

ત્રીજા મુદ્દે પવારે સંકટમાં ફસાયેલા ખેડૂતો માટે તાત્કાલિક કૃષિ લોન માફીની યોજના લાગુ કરવાની માગ કરી છે. નિયમિત રીતે લોનની ચુકવણી કરતા ખેડૂતો માટે આપવામાં આવતી પ્રોત્સાહક સબસિડી ૫૦,૦૦૦ રૂપિયાથી વધારીને ૧ લાખ રૂપિયા કરવાની પણ માગ કરવામાં આવી છે. ■

### મહારાષ્ટ્ર સરકાર ખેડૂતોની સાથે મક્કમતાથી ઊભી છેઃ શિંદે

સતારા : મહારાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં દુષ્કાળ જેવી સ્થિતિ અને અપૂરતા વરસાદને કારણે ઊભા પાક પર જોખમ તોળાઈ રહ્યું છે, તેવામાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ શુક્રવારે જણાવ્યું હતું કે સરકાર ખેડૂતોની પડખે મક્કમતાથી ઊભી છે અને તેમને મુશ્કેલીના સમયમાં એકલા છોડશે નહીં.

ગણેશોત્સવ માટે પોતાના વતન 'દારે' ગામ આવેલા શિંદેએ પત્રકારો સાથે વાત કરતા કહ્યું કે પાકને નુકસાન થયું છે એ હકીકત છે. તેમણે ઉમેર્યું કે વિદર્ભ અને ખાસ કરીને મરાઠવાડામાં અપૂરતો વરસાદ નોંધાયો છે.શિંદેએ જણાવ્યું હતું કે તેમણે આ મુદ્દે ધારાશિવના પાલક પ્રધાન પ્રતાપ સરનાઈક અને સાંસદ ઓમ રાજે નિંબાલકર સાથે વાતચીત કરી છે. નાયબ મુખ્યપ્રધાને એમ પણ કહ્યું હતું કે પાકના નુકસાનની નોંધ લેવા માટે પંચનામાની પ્રક્રિયા ૫ ઓક્ટોબરથી શરૂ થશે. શિંદેએ ઉમેર્યું કે ભૂતકાળમાં સરકારે કોઈપણ ખચકાટ વિના ખેડૂતોને મદદ કરી છે, તેમણે ચિંતા કરવાની કોઈ જરૂર નથી. ગુરુવારે, શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ દુષ્કાળ સંબંધિત મુદ્દાઓના સંચાલન બાબતે મહાયુતિ સરકારની ટીકા કરી હતી. સામે પ્રહાર કરતા શિંદેએ ઠાકરેનું નામ લીધા વિના કહ્યું કે, કેટલાક લોકોએ લોન માફીનું વચન આપ્યું હતું, પરંતુ તેમની સરકારે ખેડૂતોને નાણાં આપવાનું કામ કર્યું છે. (પીટીઆઈ)■

# એરપોર્ટ પર ૧.૩૮ કરોડ રૂપિયાની ગોલ્ડ ડસ્ટ જપ્તઃ મલાડના રહેવાસીની ધરપકડ

મુંબઈ: કસ્ટમ્સના એર ઇન્ટેલિજન્સ યુનિટે (એઆઇયુ) વિદેશથી લવાયેલી ૧.૩૮ કરોડ રૂપિયાની ગોલ્ડ ડસ્ટ મુંબઈના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પકડી પાડી હતી અને સોનાની દાણચોરી બદલ મલાડના રહેવાસીની ધરપકડ કરવામાં આવી હતી.

એઆઇયુના અધિકારીઓએ ધરપકડ કરેલા પ્રવાસીની ઓળખ પ્રશાંત વિજય શર્મા તરીકે થઇ હતી, જે મલાડ પશ્ચિમમાં કોલેજની નજીક રહે છે. પ્રશાંતને શુક્રવારે કોર્ટમાં હાજર કરાયો ત્યારે તેના વકીલ અરુણ ગુપ્તા અને આશિષ સિંહ હાજર રહ્યા હતા અને તેમણે દલીલ કરી હતી. કોર્ટે બાદમાં તેને અદાલતી કસ્ટડી ફટકારી હતી.

પ્રશાંત શર્મા ગુરુવારે રાતે વિયેતનામ એરલાઇન્સની ફલાઇટમાં હૅનોઇથી મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવ્યો હતો. પ્રશાંત ગ્રીન ચેનલ ક્રોસ કરી રહ્યો હતો ત્યારે તેને એઆઇયુના અધિકારીઓએ શંકાને આધારે આંતર્યો હતો. તેને સીસીટીવી રૂમમાં લઇ જવાયા બાદ તેની બેગની તલાશી લેવાઇ હતી, પણ કશું મળી આવ્યું નહોતું. ■

# શોષણકારી રાજકારણને લીધે મમતાએ ચિહ્ન ગુમાવ્યુંઃ બાવનકુળે

નાગપુરઃ મહારાષ્ટ્રના પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ શુક્રવારે તૃણમૂલ કૉંગ્રેસની ટીકા કરી દાવો કર્યો હતો કે પશ્ચિમ બંગાળમાં વર્ષોથી શોષણકારી રાજકારણ બદલ મતદારોએ તેમને જાકારો આપતા મમતા બેનરજી દ્વારા સ્થાપિત પક્ષે તેનું નામ અને ચૂંટણી ચિહ્ન ગુમાવ્યા છે.

નાગપુરમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં ભાજપના વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન મમતા બેનરજી હવે તેમના પક્ષને ઉગારી નહીં શકે કારણ કે તેમના મતદારોએ પીઠ ફેરવી દેતા વિપક્ષના દેકારાને ફગાવી ભારત બ્લોકને ડૂબતું જહાજ ગણાવી બાવનકુળેએ દાવો કર્યો હતો કે 'લોકસભા ચૂંટણી દરમિયાન સાથે મળીને પ્રતિજ્ઞા કર્યા પછી વિપક્ષી ગઠબંધનના ઘટક પક્ષો અલગ થઈ ગયા છે અને બધા ખતમ થઈ ગયા છે. મમતા તેમના પક્ષને નથી બચાવી શક્યા એમ જ ભવિષ્યમાં શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરે અને ભારત જોડાણમાં સામેલ તમામ પક્ષો સાથે પણ આવું જ થશે. ૨૦૨૯ સુધીમાં કૉંગ્રેસ પણ પોતાને નહીં બચાવી શકે.' (પીટીઆઈ)■

### સરકાર બનતું બધું કરી રહી છે, રાહુલ અરાજકતા ફેલાવે છેઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે જણાવ્યું હતું કે તેમની સરકાર રાજ્યમાં દુષ્કાળ જેવી પરિસ્થિતિને ગંભીરતાથી લઈ રહી છે અને તેનો સામનો કરવા અને ખેડૂતોને રાહત આપવા માટે પગલાં લઈ રહી છે. પૂરતા વરસાદના અભાવે પ્રવર્તમાન પરિસ્થિતિ અંગે એનસીપી-એસપી સુપ્રીમો શરદ પવારના પત્ર અંગે સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં ફડણવીસે કહ્યું કે તેમની સરકાર ભૂતપૂર્વ કેન્દ્રીય કૃષિ પ્રધાને આપેલા સૂચનો પર વિચાર કરશે. ફડણવીસે જણાવ્યું કે 'પવાર સાહેબએ પત્ર મોકલ્યો એ આનંદની વાત છે. હું તેને કોઈ રાજકીય રંગ આપવા માગતો નથી. રાજ્ય સરકાર બનતું બધું જ કરી રહી છે. તેમના સૂચનો પર ચોક્કસ વિચાર કરવામાં આવશે.' પવારે મહારાષ્ટ્રના અનેક ભાગોમાં વરસાદની અછત અને પાકના નુકસાનને ધ્યાનમાં રાખીને તાત્કાલિક પગલાં લેવા ફડણવીસને વિનંતી કરી ગંભીર રીતે પ્રભાવિત વિસ્તારોમાં દુષ્કાળની જાહેરાત અને ખેડૂતોને પ્રતિ હેક્ટર ૫૦ હજાર રૂપિયાની નાણાકીય સહાયની માગ કરી છે.

મુખ્ય પ્રધાને સ્પષ્ટ કર્યું કે રાજ્ય રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ ભંડોળ (એનડીઆરએફ) હેઠળ નાણાકીય મદદની રાહ જોયા વિના ખેડૂતોને સહાય પૂરી પાડશે. એનડીઆરએફ દરખાસ્ત (રાહત માટે) માટે જરૂરી પાકના નુકસાનનું મૂલ્યાંકન પાંચ ઓક્ટોબર પછી શરૂ કરવામાં આવશે. તૃણમૂલ કૉંગ્રેસના કેસમાં ભારતના ચૂંટણી પંચના નિર્ણયની કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ટીકા અંગે પૂછવામાં આવતા ફડણવીસે કહ્યું કે લોકસભામાં વિરોધ પક્ષના નેતાની માનસિકતા અરાજકતા ફેલાવવાની છે અને તેમનો ઉદ્દેશ્ય બંધારણીય સંસ્થાઓને નબળી પાડવાનો હતો. (પીટીઆઈ)■

### પાલઘર હૉસ્પિટલ હુમલો

# હાઇ કોર્ટે બેદરકાર પોલીસ પર શિક્ષાત્મક પગલાં અંગે સરકારનો જવાબ માગ્યો

'દહી હાંડી' ઉત્સવ દરમિયાન ઘાયલ થયેલા કેટલાક 'ગોવિંદા'ઓની સારવારને લઈને પાંચ સપ્ટેમ્બરના રોજ પાલઘર હૉસ્પિટલના કર્મચારી પર કથિત હુમલાની તપાસમાં સ્ટેશન ડાયરી સહિતના યોગ્ય રેકોર્ડની જાળવણી ન કરવા બદલ પાલઘરના એસપી દ્વારા એક એસઆઈને આપવામાં આવેલી 'શો-કોઝ નોટિસ' (કારણદર્શક નોટિસ) ને હાઈ કોર્ટે રદ કરી છે, પરંતુ, ૧૧ સપ્ટેમ્બરના રોજ, હાઈકોર્ટે 'બેદરકારીપૂર્વક' હાથ ધરવામાં આવેલી તપાસ અંગે નારાજગી વ્યક્ત કરી હતી. રાજ્યના સરકારી વકીલ શિશિર હિરાયે જણાવ્યું હતું કે સબ-ઇન્સ્પેક્ટર (એસઆઈ) ને કારણદર્શક નોટિસ આપવામાં આવી હતી. હાઈ કોર્ટે નોંધ્યું હતું કે ક્યા આધારે ત્રણ વર્ષની સજાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો રાજ્ય તે ચોક્કસ જોગવાઈ ટાંકી શક્યું નથી.

બોમ્બે હાઈ કોર્ટે ગુરુવારે રાજ્યના ડીજીપીને તપાસ દરમિયાન પ્રક્રિયાને લગતા નિયમો અને પરિપત્રોનું ઉલ્લંઘન કરનાર પોલીસ અધિકારીને ક્યા પ્રકારની સજા થઇ શકે છે, તે અંગેનો અહેવાલ રજૂ કરવા કહ્યું છે.

ન્યાયમૂર્તિ એ. એસ. ગડકરી અને કમલ ખાટાની ખંડપીઠે જણાવ્યું હતું કે, ડીજીપીએ ૯ ઓક્ટોબર સુધીમાં હાઈ કોર્ટને આ અંગે જાણ કરવાની રહેશે.

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન, તેના વરિષ્ઠ વકીલ એસ યુ કામદાર દ્વારા અગાઉ કહ્યું હતું કે ડોકટરો અને હૉસ્પિટલ સ્ટાફ પર તેમની ફરજો બજાવતા લોકો પર હુમલો કરવો એ ખૂબ જ સંવેદનશીલ મુદ્દો છે. ''હવે લોકોમાં કાયદો હાથમાં લેવાની વૃત્તિ બની ગઈ છે. સમાજના કેટલાક અનૈતિક તત્ત્વો આ પ્રથાનો ઉપયોગ લાચાર અને સંવેદનશીલ ડોકટરો અને હૉસ્પિટલ સ્ટાફ પર પોતાની પરાક્રમ દર્શાવવા માટે કરે છે,'' એમ તેણે જણાવ્યું હતું. ■

# ૧૫.૩૦ કરોડના ખર્ચે મુંબઈમાં બનશે ૧૫ અદ્યતન એસ્પિરેશનલ ટોઈલેટ

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાએ મુંબઈના પ્રવેશદ્વારો, મુખ્ય રાજમાર્ગો, દરિયાકિનારા અને ભીડભાડવાળાં સ્થળોએ નાગરિકોને ગુણવત્તાયુક્ત અને સ્વચ્છ સુવિધાઓ પૂરી પાડવા માટે પશ્ચિમ ઉપનગરોમાં 'પે એન્ડ યુઝ' ના ધોરણે ૧૫ અત્યાધુનિક જાહેર શૌચાલયો બનાવવા માટે ટેન્ડર બહાર પાડ્યા છે. આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ રૂ. ૧૫.૩૦ કરોડ છે અને ચોમાસા સહિત ૧૮ મહિનામાં આ કામ પૂર્ણ કરવાનો ટાર્ગેટ રાખ્યો હોવાની માહિતી સોલિડ વેસ્ટ વિભાગના ડેપ્યુટી કમિશનર કિરણ દિઘાવકરે આપી હતી. આ શૌચાલયો કેન્દ્ર સરકારના 'સ્વચ્છ ભારત અભિયાન-અર્બન ૨.૦' હેઠળ પ્રોત્સાહિત 'એસ્પિરેશનલ ટોયલેટ' વિભાવના પર આધારિત હશે. આ શૌચાલયો વિશેષ સુવિધાઓ સાથે તૈયાર કરવામાં આવશે. આ માટે ઇકો-ફ્રેન્ડલી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે, જેમાં પાણીની બચત કરતા સાધનો, સોલર પેનલ અને પાણીના સંગ્રહની ઉત્તમ વ્યવસ્થા હશે. શૌચાલયોમાં આરોગ્ય અને સુરક્ષા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત સેનિટરી નેપકિન વેન્ડિંગ મશીન, સીસીટીવી સર્વેલન્સ અને આકર્ષક ડિઝાઈન પણ જોવા મળશે.

વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર વાકોલા અને બોરીવલી ખાતેના નેશનલ પાર્ક ફ્લાયઓવર નીચે પ્રસ્તાવિત શૌચાલયોથી વાહનચાલકો અને મુસાફરોને મોટી સગવડ મળશે. આ ઉપરાંત જુહૂ, વર્સોવા અને અક્સા બીચ, અંધેરી રેલવે સ્ટેશન વિસ્તાર તથા ડી. એન. નગર મેટ્રો સ્ટેશન નજીક આ સુવિધા ઊભી કરવામાં આવશે. ■

# લાંબા વિરામ બાદ મરાઠવાડાના કેટલાક વિસ્તારોમાં વરસાદ

## વીજળી પડવાથી પાંચ લોકોનાં મોત

છત્રપતિ સંભાજીનગર : મહારાષ્ટ્રના મરાઠવાડામાં દુષ્કાળની પરિસ્થિતિ બાદ ઘણા ભાગોમાં વરસાદ થયો છે, જ્યારે છત્રપતિ સંભાજીનગર જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં વીજળી પડવાની બે અલગ-અલગ ઘટનાઓમાં એક દંપતી સહિત પાંચ લોકોનાં મોત થયાં છે.

આ વિસ્તારના બીડ, લાતુર, નાંદેડ, પરભણી અને હિંગોલી જિલ્લાઓના ૩૧ મહેસૂલી વિસ્તારોમાં એક જ દિવસમાં ૬૫ મિમીથી વધુ વરસાદ નોંધાયો હતો. અહીંના વિભાગીય કમિશનરની કચેરીના સત્તાવાર અહેવાલ મુજબ, સૌથી વધુ ૧૨૬ મિમી વરસાદ પરભણી જિલ્લાના ઝારી વિસ્તારમાં નોંધાયો હતો. ત્યારબાદ બીડ જિલ્લાના પરલી તાલુકાના સિરસાળા સર્કલમાં ૧૧૨.૫ મિમી અને પરભણીના પેડગાંવમાં ૧૧૧.૫ મિમી વરસાદ નોંધાયો હતો.

દરમિયાન, ગુરુવારે મધ્ય મહારાષ્ટ્રના મરાઠવાડાના તમામ આઠ જિલ્લાઓમાં ૫.૪ મિમીથી ૪૧.૮ મિમી સુધીનો સરેરાશ વરસાદ નોંધાયો હતો. અહેવાલ મુજબ, ચોમાસાની ઋતુ (જૂનથી સપ્ટેમ્બર) દરમિયાન મરાઠવાડામાં સરેરાશ ૬૭૯.૫ મિમી વરસાદ પડે છે. પરંતુ આ વર્ષે અત્યાર સુધીમાં માત્ર ૪૨૩.૩ મિમી વરસાદ નોંધાયો છે, જેના પરિણામે ૩૭.૩ ટકાની ઘટ જોવા મળી છે.

છત્રપતિ સંભાજીનગરના કન્નડ તાલુકાના વાહુલખેડા ગામમાં, વીજળી પડવાથી ત્રણ લોકોનાં મોત થયાં હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું. મૃતકોની ઓળખ હમીદા સૈયદ (૪૦), તસ્લીમ સૈયદ (૩૯) અને અલ્મિરા સૈયદ (૧૭) તરીકે થઈ હતી. અન્ય ત્રણ વ્યક્તિઓ હાફિઝ સૈયદ (૨૫), અનિસા સૈયદ (૩૮) અને ફરઝાના સૈયદ (૨૫) ઘાયલ થયા હતા તેઓ સારવાર હેઠળ છે.

સિલોડ તાલુકાના દહીગાંવમાં બનેલી અન્ય એક ઘટનામાં, વીજળી પડવાથી એક દંપતીનું મૃત્યુ થયું હતું. મૃતકોમાં ખેડૂત મનોહર દુધે (૬૦) અને તેમના પત્ની પાર્વતાબાઈનો સમાવેશ થાય છે. આ દંપતીનો પુત્ર, પાંઢરીનાથ દુધે, આ ઘટનામાં ઘાયલ થયો હતો અને સારવાર લઈ રહ્યો છે,અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)■

### પુણેનો વેપારી ફસાયોઃ

# સ્ત્રીમિત્ર સાથે વિદેશયાત્રા છતી થવાના ડરથી ઉપજાવી કાઢી વાર્તા

મુંબઈ: મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પહોંચ્યા બાદ સંપર્કમાંથી બહાર થઇ ગયેલા પુણેના વેપારીની પત્ની દ્વારા અપહરણની ફરિયાદ નોંધાવાઇ હતી, જેને પગલે કરાયેલી તપાસમાં એવું જાણવા મળ્યું હતું કે વેપારીએ પોતાની સ્ત્રીમિત્ર સાથે વિદેશની ટ્રિપને 'વ્યાવસાયિક' દેખાડવાના ચક્કરમાં આખી વાર્તા ઘડી કાઢી હતી. પુણેમાં લોન્ડ્રીનો વ્યવસાય ધરાવનારો વેપારી ૧૪ સપ્ટેમ્બરે તેની સ્ત્રીમિત્ર સાથે મલયેશિયાની રાજધાની કુઆલાલમ્પુર જવા નીકળ્યા હતા, પરંતુ તેમની આ ટ્રિપ નિષ્ફળ ગઇ હતી, કારણ કે વેપારી સાથે આવેલી મહિલા તેનો ગુમ જાહેર કરવામાં આવેલો પાસપોર્ટ ઉપયોગમાં લઇ રહી હોવાનું ઇમિગ્રેશનમાં ધ્યાનમાં આવ્યું હતું.

આ કાનૂની પાસાંઓને ધ્યાનમાં રાખી વેપારીને લાગ્યું હતું કે તેની પત્નીને વ્યાવસાયિક હેતુ માટેની આ ટ્રિપમાં તેની સાથે બીજી મહિલા હોવાની જાણ થઇ જશે. આથી મહિલાને એરપોર્ટ પર રોકવામાં આવ્યા બાદ વેપારીએ પોતાની યાત્રા રદ કરી હતી અને પોતાનો મોબાઇલ સ્વીચઓફ્ફ કરી નાખ્યો હતો. વેપારી બાદમાં ત્યાંથી તે સીએસએમટી ગયો હતો, એમ સહાર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું. જોકે એ અગાઉ વેપારીએ એરપોર્ટના લેન્ડલાઇન નંબર પરથી પોતાની પત્ની કૉલ કરીને એવી માહિતી આપી હતી કે ઇમિગ્રેશનની સમસ્યાને કારણે તેણે પોતાનો મોબાઇલ સરન્ડર કરવો પડ્યો છે. (પીટીઆઇ)■

# પોલીસ ટીમને ધમકી આપવાનો આરોપઃ બિઝનેસમૅન નિર્દોષ જાહેર

થાણે: ૨૦૧૭માં વાહન ટોઇંગની કાર્યવાહી દરમિયાન પોલીસ ટીમને ધમકી આપવાના આરોપનો સામનો કરી રહેલા બિઝનેસમૅન અને ભાજપની નગરસેવિકાના પતિને કોર્ટે નિર્દોષ જાહેર કર્યો હતો. કોર્ટે સાક્ષીદારોની જુબાનીમાં વિસંગતિઓ હોવાનું નોંધ્યું હતું. એડિશનલ સેશન્સ જજ એસ.એસ. રેન્ગેએ ગુરુવારે શેરબહાદુર સુરેશ સિંહને ભારતીય દંડસંહિતા હેઠળ ગુનાહિત ધાકધમકી અને પબ્લિક સર્વન્ટને ફરજ બજાવતા અટકાવવાના આરોપમાંથી મુક્ત કર્યો હતો. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ આ ઘટના બની હતી, જ્યારે ગેરકાયદે પાર્કિંગની ફરિયાદ મળ્યાબાદ પોલીસ ટીમ ખાનગી ટોઇંગ ક્રેન સાથે થાણેના નલપાડા વિસ્તારમાં પહોંચી હતી.

તપાસકર્તા પક્ષે આક્ષેપ કર્યો હતો કે શેરબહાદુર સિંહે પોલીસ ટીમને રોકી હતી અને અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો હતો. તેણે અધિકારીઓને ધમકી આપી હતી અને ક્રેનને આગ ચાંપી દીધી હતી. તેણે વાહનમાં હાજર પોલીસ કર્મચારીને બહાર ખેંચવાનો પ્રયાસ પણ કર્યો હતો.

# રાયગડમાં બે સગીર સહિત પાંચ જણે ૧૭ વર્ષની કિશોરી સાથે વારંવાર દુષ્કર્મ આચર્યું

મુંબઈ: રાયગડ જિલ્લામાં બે સગીર સહિત પાંચ જણે ૧૭ વર્ષની કિશોરી સાથે વારંવાર દુષ્કર્મ આચર્યું હતું, જેને કારણે તે ગર્ભવતી બની હતી.

પોલીસે ૨૧થી ૪૦ વર્ષની વયના ત્રણ આરોપીની ધરપકડ કરી હતી, જ્યારે ૧૭ વર્ષને બે સગીરની અટકાયત કરવામાં આવી હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર આરોપીઓ પીડિતાને ઓળખતા હતા અને તેમણે પીડિતા સાથે વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. આરોપીઓએ ઘટનાની જાણ કોઇને પણ કરે ગંભીર પરિણામો ભોગવવાની પીડિતાને ધમકી આપી હતી.

એપ્રિલથી જૂન દરમિયાન પીડિતાનું ઘર બાંધવામાં આવી રહ્યું હતું ત્યારે ૪૦ વર્ષનો આરોપી ત્યાં કડિયાકામ કરતો હતો અને તે પરિવારજનોની ગેરહાજરીમાં ઘરમાં ઘૂસ્યો હતો અને તેણે પીડિતા પર બળાત્કાર ગુજાર્યો હતો.

દરમિયાન પીડિતા ગર્ભવતી હોવાનું જાણવા મળ્યા બાદ આ ઘટના પ્રકાશમાં આવી હતી. પોલીસે પીડિતાનું નિવેદન નોંધ્યું હતું અને તેની ફરિયાદને આધારે ભારતીય ન્યાય સંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરીને ગુનામાં સામેલ ત્રણ આરોપીને ઝડપી પાડ્યા હતા, જ્યારે બે સગીરને તાબામાં લીધા હતા, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# જાલનામાં શૉપમાંથી ૬૫ લાખના મોબાઇલ ચોરાયા

જાલના: જાલના જિલ્લાના અંબડ સિટીમાં આવેલી શૉપમાંથી શુક્રવારે પહેલી સવારના ૬૫ લાખ રૂપિયાના મોબાઇલ ચોરાયા હતા. અંબડ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે શૉપનું શટર ગેસ કટરથી કાપવામાં આવ્યું હતું. ચારથી પાંચ આરોપી શૉપમાં ઘૂસ્યા હતા અને મોબાઇલ ચોર્યા હતા. શૉપનું અલાર્મ વાગતાં તેઓ એસયુવીમાં ફરાર થઇ ગયા હતા.

દરમિયાન બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તપાસ આદરી હતી. પોલીસ દુકાનના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

શૉપના માલિક અમિત જયસ્વાલે જણાવ્યું હતું કે ગયા મહિને પણ તેની દુકાનમાં ચોરીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ચોર શૉપનું શટર તોડી શક્યા નહોતા.

જયસ્વાલે કહ્યું હતું કે મારા મોબાઇલ પર ચોરીનો અલાર્મ મળ્યા બાદ હું તાત્કાલિ અહીં દોડી આવ્યો હતો. જોકે મને જોઇને ચોર એસયુવીમાં નાસી છૂટ્યા હતા. (પીટીઆઇ)■

# લાતુરમાં દુકાન આગમાં ખાખ, બધા હેમખેમ

લાતુર : લાતુરમાં શુક્રવારે રાતના દોઢ વાગ્યે લાગેલી આગમાં ત્રણ માળની ઇમારતના ભોંયતળિયા પર એક દુકાન બળીને ખાખ થઈ ગઈ હતી. જોકે ઈજા થઈ હોવાના કોઈ અહેવાલ નથી. 'દુકાનમાં મોટી માત્રામાં પ્લાસ્ટિક અને એન્જિનિયરિંગ સામગ્રીનો સંગ્રહ હોવાથી આગ ઝડપથી ફેલાઈ ગઈ. આગથી દુકાનની ઉપરના માળે આવેલી ક્રેડિટ સોસાયટીની ઓફિસને પણ નુકસાન થયું. રાત્રે ૨:૧૫ વાગ્યે આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો,' એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. આગમાં કોઈને ઈજા થઈ નથી. જોકે બળીને ખાખ થઈ ગયેલી દુકાનના માલિકે અસ્વસ્થતાની ફરિયાદ કર્યા બાદ તેમને તાત્કાલિક નજીકની હૉસ્પિટલમાં લઈ જવા પડ્યા હતા એમ અધિકારીએ જણાવ્યું હતું. આગના કારણની તપાસ ચાલી રહી છે. (પીટીઆઇ)■

# પાણીનો પંપ ચાલુ કરતી વખતે કરંટ લાગતાં ખેડૂતનું મૃત્યુ

બીડઃ બીડ જિલ્લાના વડવાની તહેસીલમાં પાણીનો પંપ ચાલુ કરતી વખતે વીજળીનો આંચકો લાગતાં ખેડૂતનું મૃત્યુ થયું હતું. જિલ્લાના ચિંચોટી ખાતે ગુરુવારે બપોરે આ ઘટના બની હતી, જેમાં મૃત્યુ પામેલા ખેડૂતની ઓળખ મોરેશ્વર અણ્ણાસાહેબ ગોડે (૨૭) તરીકે થઇ હતી. મોરેશ્વર ગુરુવારે બપોરે પાકને પાણી આપવા માટે પોતાના ખેતરમાં ગયો હતો. તે પાણીનો પંપ ચાલુ કરવા ગયો ત્યારે તેને વીજળીનો આંચકો લાગ્યો હતો. મોરેશ્વરને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને બાદમાં તેને બીડ જિલ્લાની હોસ્પિટલમાં ખસેડાયો હતો. (પીટીઆઇ)■

### સેન્સેક્સમાં ૨૦ પૉઈન્ટના ઘટાડા અને નિફ્ટીમાં ૭૬ પૉઈન્ટના સુધારા સાથે સામસામા રાહ

# ટાટા જૂથના અને આઈટી શૅરોમાં વેચવાલીનું દબાણ, વિદેશી ફંડોની રૂ. ૫૯૯.૫૪ કરોડની લેવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક બજારમાં ક્રૂડતેલના ભાવમાં ઘટાડાતરફી વલણ રહેતાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટનો આરંભ સુધારાના અન્ડરટોને થયો હતો, પરંતુ આઈટી ક્ષેત્રના શૅરો અને ટાટા જૂથના શૅરોમાં વેચવાલીનું ભારે દબાણ રહેતાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૧૯.૬૩ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૭૫.૮૦ પૉઈન્ટનો સુધારો આવતાં બન્ને બૅન્ચમાર્કમાં સામસામા રાહ જોવા મળ્યા હતા. વધુમાં આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૮,૪૬૧.૬૩ કરોડની ખરીદી સામે રૂ. ૩૭,૮૬૨.૦૯ કરોડની વેચવાલી રહેતાં રૂ. ૫૯૯.૫૪ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી. તેમ જ આજે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૭,૩૧૦.૦૪ કરોડની ખરીદી સામે રૂ. ૧૬,૨૯૦.૩૫ કરોડની વેચવાલી રહેતાં રૂ. ૧૦૧૯.૬૯ કરોડની ચોખ્ખી ખરીદી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૪,૩૧૪.૫૯ના બંધ સામે વધીને ૭૪,૫૭૫.૨૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ઉપરમાં ૭૪,૭૨૮.૪૪ અને નીચામાં ૭૪,૨૯૪.૯૬ની રેન્જમાં રહીને અંતે ગઈકાલના બંધ સામે ૧૯.૬૩ પૉઈન્ટ અથવા તો ૦.૦૩ ટકાના ઘટાડા સાથે ૭૪,૨૯૪.૯૬ની સપાટીએ બંધ રહ્યો હતો, જ્યારે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૩,૨૭૦.૬૦ના બંધ સામે ૨૩,૩૩૪.૭૦ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૨૩,૨૮૬.૬૦થી ૨૩,૩૮૯.૧૫ની રેન્જમાં રહીને અંતે ગઈકાલના બંધ સામે ૦.૩૩ ટકા અથવા તો ૭૫.૮૦ પૉઈન્ટ વધીને ૨૩,૩૪૬.૪૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

આજે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ઘટીને બેરલદીઠ ૧૦૩.૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી દેશના આયાત બિલ પર થોડી ઓછી માઠી અસર થવાની શક્યતા ઉપરાંત એશિયન બજારોના પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક બજારમાં મિશ્રથી સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાનું રિસર્ચ એનાલિસ્ટ કંપની એચએસટી વૅલ્થનાં સ્થાપક અને ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર હરિસેલ્વન રાધાકૃષ્નને જણાવ્યું હતું. જોકે, આજે આઈટી શૅરો અને ટાટા જૂથનાં શૅરોમાં નરમાઈ તેમ જ ઘણાં મોટા આઈપીઓ માટેની પ્રવાહિતાને ધ્યાનમાં લેતા વેચવાલીનું દબાણ રહેતાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

નોંધનીય બાબત એ છે કે નેશનલ સ્ટોક એક્સચેન્જના રૂ. ૨૨,૫૬૯ કરોડના મેગા ભરણાંમાં ક્વૉલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટરો અને બિન સંસ્થાકીય રોકાણકારોને પ્રબળ પ્રતિસાદ મળતા આજે બીજા દિવસે ભરણું છલકાઈ ગયું હોવાના અહેવાલ હતા.



ટાટા જૂથના ડિરેક્ટરોએ અધ્યક્ષ એન ચંદ્રશેખરનની એક્ઝિક્યુટીવ ચેરમેન તરીકે વધુ પાંચ વર્ષ માટે પુનઃ વરણી કરવાની તરફેણમાં મતદાન કર્યું, જેના પગલે ટાટા ટ્રસ્ટે આ ઠરાવને રદબાતલ જાહેર કરતાં સાયરસ મિસ્ત્રીને હટાવ્યા બાદ ટાટા સન્સ તેનાં અત્યાર સુધીનાં સૌથી ગંભીર બોર્ડરૂમ સંકટમાં મુકાઈ ગયું હોવાથી આજે ટાટા જૂથના શૅરોમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું જેમાં ટાટા કેમિકલ્સમાં સૌથી વધુ ૧૧.૭૧ ટકાનો કડાકો બોલાઈ ગયો હતો. આ સિવાય ટીસીએસમાં ૪.૩૩ ટકાનો, ટાટા સ્ટીલમાં ૧.૭૩ ટકાનો અને ટાઈટનમાં ૨.૧૧ ટકાનો ઘટાડો આવ્યો હતો.

વિશ્વ બજારમાં ભૂરાજકીય તણાવ યથાવત્ હોવા છતાં ક્રૂડતેલના ભાવમાં ઘટાડો, અમેરિકી બૉન્ડની યિલ્ડમાં પીછેહઠ અને વૈશ્વિક બજારના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. તેમ છતાં આજે નફારૂપી વેચવાલીનું દબાણ અને લાંબા સમયગાળા સુધી વ્યાજદર ઊંચી સપાટીએ રહેતાં માઠી અસરને ધ્યાનમાં લેતા વેચવાલીનું દબાણ રહેતાં એકંદરે સુધારો મર્યાદિત રહ્યો હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.નાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

દરમિયાન આજે બીએસઈ ખાતે કુલ ૪૫૪૮ શૅરોમાં કામકાજ થયા હતા, જેમાં ૨૬૩૦ શૅરના ભાવ વધીને, ૧૭૦૩ શૅરના ભાવ ઘટીને અને ૨૧૫ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૬૪ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૧૧૧ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા. આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૦ શૅરના ભાવ વધીને અને ૨૦ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. જેમાં મુખ્ય વધનાર શૅરોમાં એશિયન પેઈન્ટ્સમાં ૩.૭૨ ટકાનો, પાવરગ્રીડ કોર્પોરેશનમાં ૨.૪૭ ટકાનો, એચડીએફસી બૅન્કમાં ૨.૨૬ ટકાનો, ભારતી એરટેલમાં ૨.૧૧ ટકાનો, બજાજ ફાઈનાન્સમાં ૧.૦૮ ટકાનો અને ઈન્ડિગોમાં ૦.૯૩ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ૪.૩૩ ટકાનો ઘટાડો ટીસીએસમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ટાઈટનમાં ૨.૧૧ ટકાનો, એશિયન પેઈન્ટ્સમાં બે ટકાનો, મારુતિ સુઝુકીમાં ૧.૯૮ ટકાનો. ટેક મહિન્દ્રામાં ૧.૮૨ ટકાનો અને ટાટા સ્ટીલમાં ૧.૭૩ ટકાનો ઘટાડો આવ્યો હતો.

બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સમાં ૧.૪૪ ટકાનો, આઈટી ઈન્ડેક્સમાં ૧.૩૪ ટકાનો, કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૧.૨૭ ટકાનો અને એફએમસીજી ઈન્ડેક્સમાં ૦.૫૨ ટકાનો ઘટાડો આવ્યો હતો, જ્યારે સર્વિસીસ ઈન્ડ્ક્સમાં ૧.૭૩ ટકાનો, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ડેક્સમાં ૧.૭૦ટકાનો, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૧.૫૬ ટકાનો, હાઉસિંગ ફાઈનાન્સ ઈન્ડેક્સમાં ૧.૪૮ ટકાનો, પાવર ઈન્ડેક્સમાં ૧.૩૨ ટકાનો અને ઑઈલ ઍન્ડ ગૅસ ઈન્ડેક્સમાં ૦.૯૧ ટકાનો સુધારો આવ્યો હતો. આજે એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫, શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ અને હૉંગ કૉંગનો હૅંગસૅંગ નોંધપાત્ર સુધારા સાથે બંધ રહ્યો હતો. જોકે, યુરોપના બજારોમાં મધ્યસત્ર દરમિયાન નરમાઈનું વલણ રહ્યું હોવાના અહેવાલ હતા.

## ડૉલર સામે રૂપિયામાં આરંભિક સુધારો ધોવાઈને અંતે સાત પૈસાની નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે સુધારાતરફી વલણ રહ્યું હોવાના અને બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદાના ભાવમાં પીછેહઠ જોવા મળતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સત્રના આરંભમાં ૧૮ પૈસા જેટલો સુધારો જોવા મળ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી સત્ર દરમિયાન જોવા મળેલો સુધારો ધોવાઈ ગયો હતો અને અંતે સાત પૈસાના ઘટાડા સાથે ૯૫.૬ની સપાટીએ બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોના મતાનુસાર અમેરિકી ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં વધારો કરતાં અમેરિકી બૉન્ડની યિલ્ડમાં ઘટાડો થવાને કારણે પણ રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૮૯ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૫.૭૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૯૬ અને ઉપરમાં ૯૫.૭૧ સુધી મજબૂત થયા બાદ અંતે સાત પૈસા ઘટીને ૯૫.૯૦ના મથાળે બંધ રહ્યો હતો. એકંદરે આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારો અને ક્રૂડ તેલના ભાવમાં ઘટાડો આવ્યો હોવાથી ડૉલર સામે રૂપિયો સાંકડી વધઘટે અથડાઈ ગયો હતો. જોકે, સત્રના અંતે આરંભિક તબક્કે જોવા મળેલો સુધારો ધોવાઈ ગયો હોવાનું મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી દિવસોમાં ડૉલર સામે રૂપિયો ૯૫.૬૫થી ૯૬.૧૫ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા છે.

દરમિયાન વિશ્વ બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૨ ટકા વધીને ૧૦૦ની લગોલગ ૯૯.૯૭ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯૩ ટકા ઘટીને ૧૦૩.૮૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૧૯.૬૩ પૉઈન્ટનો ઘટાડો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૭૫.૮૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો. જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૨૦૮.૭૬ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

## વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સોનામાં ₹ ૧૮૭૮નો ચાંદીમાં ₹ ૭૨૬૬નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં આજે સતત ત્રીજા સત્રમાં ક્રૂડતેલના ભાવમાં પીછેહઠ જળવાઈ રહી હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે લંડન ખાતે પણ સતત બીજા સત્રમાં સોના અને ચાંદીના ભાવમાં સુધારો આગળ ધપ્યો હોવાથી સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૮૭૦થી ૧૮૭૮નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૭૨૬૬નો ચમકારો આવ્યો હતો. જોકે, ઊંચા મથાળેથી સાર્વત્રિક સ્તરે માગ મર્યાદિત રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૭૨૬૬ના ચમકારા સાથે રૂ. ૨,૩૬,૯૦૮ના મથાળે રહ્યા હતા. જોકે, જ્વેલરી ઉત્પાદકોની લેવાલી નિરસ રહી હતી. તે જ પ્રમાણે હાજરમાં સોનાના વેરારહિત ધોરણે ભાવમાં પણ સુધારાતરફી વલણ રહેતાં ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૮૭૦ વધીને રૂ. ૧,૫૩,૧૧૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૮૭૮ વધીને રૂ. ૧,૫૩,૭૨૭ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં ઊંચી સપાટીએથી રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯ ટકા વધીને ઔંસદીઠ ૪૩૭૮.૧૯ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ૦.૪ ટકા વધીને ૪૪૧૮.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૨.૭ ટકાના ઉછાળા સાથે ઔંસદીઠ ૬૬.૯૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. અમેરિકી ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં વધારો કરવાની સાથે તંગ નાણાનીતિના સંકેત આપ્યા હોવાથી અગાઉ સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હતા, પરંતુ તેની સામે મધ્ય એશિયામાં ભૂરાજકીય તણાવમાં વધારો થવા છતાં સઉદી અરેબિયાથી તેલનો પુરવઠો ખોરવાઈ જવાની ભીતિ હળવી થતાં ક્રૂડતેલના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાથી સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓમાં સુધારાને ટેકો મળી રહ્યો હોવાનું બાયબીટનાં વિશ્લેષક હૅન તૅને જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે ફુગાવામાં વધારો થવાના સંજોગોમાં રોકાણકારોની સોનામાં હેજરૂપી લેવાલી નીકળતી હોય છે, પરંતુ હાલના સંજોગોમાં જો ફુગાવો વધે તો કેન્દ્રવર્તી બૅન્કો વ્યાજદરમાં વધારો કરે તેમ હોવાથી સોનામાં રોકાણકારો નવી લેવાલીથી દૂર રહેતા હોવાનું તેમણે ઉમેર્યું હતું.

વધુમાં ગોલ્ડમેન સાશે એક નોટ્સમાં જણાવ્યું હતું કે ફેડરલ રિઝર્વની તંગ નાણાનીતિની પ્રાથમિક અસર હેઠળ સોનાના ભાવમાં વધારો મંદ પડી શકે છે. અગાઉ ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં વધારો કર્યા બાદ આજે બૅન્ક ઑફ જાપાને વ્યાજદર વધારીને ૩૧ વર્ષની ઊંચી સપાટીએ રાખવાની સાથે વધતા ફુગાવાને અંકુશમાં રાખવા માટે ભવિષ્યમાં વધુ વધારો કરવામાં આવે તેવી શક્યતા પણ વ્યક્ત કરી હતી.

મધ્ય પૂર્વના દેશોના ભૂરાજકીય તણાવની સોનાના ભાવ પર અસર પડી રહી છે અને જો પરિસ્થિતિ વણસે અને આગામી વર્ષે પણ ક્રૂડતેલના ભાવ ઊંચી સપાટીએ રહે તો કેન્દ્રવર્તી બૅન્કોને વ્યાજદરમાં વધારો કરવાની ફરજ પડશે અને સોનાના ભાવ દબાણ હેઠળ આવી શકે છે, એમ કેપિટલ ઈકોનોમિક્સના અર્થશાસ્ત્રી હમદ હુસેને જણાવ્યું હતું.

## ડૉલરની મજબૂતી સાથે વિશ્વ બજાર પાછળ ધાતુમાં આગેકૂચ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વે ગત ૧૫-૧૬ સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં વધારો કર્યા બાદ ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ જોવા મળી રહ્યું હોવાથી આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ધાતુઓમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ધાતુ બજારમાં માત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ત્રણથી રૂ. ૨૬ની આગેકૂચ જોવા મળી હતી. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની માગને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૬૩ વધીને રૂ. ૫૨૮૧, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૨૬ વધીને રૂ. ૧૪૭૬, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૩ વધીને રૂ. ૧૩૮૮, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ વધીને અનુક્રમે રૂ. ૧૩૭૮ અને રૂ. ૧૩૬૮, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને અનુક્રમે રૂ. ૧૨૮૫ અને રૂ. ૯૯૫, નિકલના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૧૬૦૩ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૪૪૪ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૩૫૯ના મથાળે રહ્યા હતા, જ્યારે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૯૫૦, રૂ. ૩૦૭ અને રૂ. ૨૦૨ના મથાળે ટકેલા રહ્યા હોવાનું બજારના સાધનોએ જણાવ્યું હતું.

## ખાંડમાં ₹ ૨૦થી ૩૪નો આગળ ધપતો ઘટાડો

### સરકારે બલ્ક વપરાશકારો માટે સ્ટોક મર્યાદા વધારી હોવાની ચર્ચા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ દેશની ખાંડ મિલો પર વેચવાલીના દબાણ હેઠળ ટેન્ડરોના ભાવમાં ઘટાડો જળવાઈ રહેતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ ભાવઘટાડો આગળ ધપ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૦થી ૩૪ અને મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૦નો ઘટાડો આવ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦થી ૫૦ ઘટી આવ્યા હતા.

આજે સરકારે બલ્ક વપરાશકારો માટેની સ્ટોક મર્યાદા જે અગાઉ ૧૫ દિવસની વપરાશી માગની હતી તે આગામી તહેવારોની મોસમને ધ્યાનમાં લેતા વધારીને ૩૦ દિવસની વપરાશી માગનો સ્ટોક રાખવાની જાહેરાત કરી હોવાની બજારમાં ચર્ચા હતી. જોકે, ૩૦ દિવસના સ્ટોક પૈકી બલ્ક વપરાશકારે ૧૫ દિવસનો સ્ટોક સ્થાનિકમાં ઉત્પાદિત થયેલ ખાંડનો અને ૧૫ દિવસનો સ્ટોક એડવાન્સ ઑથોરાઈઝેશન સ્કીમ અથવા તો ટીઆરક્યુ (ટેરિફ રેટ ક્વૉટા) હેઠળ આયાત થયેલી ખાંડનો સ્ટોક રાખવાનો રહેશે, એમ બજાર વર્તુળોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. જોકે, મથકો પરના નિરુત્સાહી અહેવાલે આજે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૪ અને ઉપલા મથાળેથી રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૪૫૪૨થી ૪૬૭૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૦ના ઘટાડા સાથે રૂ. ૪૬૫૦થી ૪૮૯૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ ભાવમાં નરમાઈનું વલણ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૫૦ અને ઉપલા મથાળેથી રૂ. ૩૦ના ઘટાડા સાથે રૂ. ૪૩૨૦થી ૪૩૭૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૦ અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૪૨૦થી ૪૫૨૦માં થયાના અહેવાલ હતા.



## મથકો પાછળ સિંગતેલમાં ₹ ૧૦ની પીછેહઠ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગુજરાતના મથકો પર આજે સિંગતેલમાં દેશાવરોની માગ મર્યાદિત રહેતાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૫૦નો અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ ૧૦ કિલોદીઠ સિંગતેલ અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૩૮ રિંગિટનો અને ગઈકાલે શિકાગો ખાતે સોયા તેલના વાયદામાં ૫૧ સેન્ટનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે નિરસ કામકાજ અને વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે આરબીડી પામોલિનના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય આયાતી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એવીઆઈના આરબીડી પામોલિનના રૂ. ૧૪૨૦, પતંજલિ ફૂડ્સના ઑક્ટોબર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૧૫, રિલાયન્સ રિટેલના નવેમ્બર અને ડિસેમ્બર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૦ અને સપ્ટેમ્બરથી નવેમ્બર ડિલિવરી શરતે સન રિફાઈન્ડના રૂ. ૧૭૨૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૩૫ અને ગોકુલ એગ્રોના સન રિફાઈન્ડના રૂ. ૧૭૦૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૮૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૭૦૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે ૩૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૬૫૦માં થયાના અહેવાલ હતા. વધુમાં આજે રાજકોટ મથકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૭૦૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૫૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦, સન રિફાઈન્ડના રૂ. ૧૭૩૦, સિંગતેલના રૂ. ૧૮૦૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૫૫ અને સરસવના રૂ. ૧૭૭૦ના મથાળે રહ્યા હતા.

# રાજકોટ મનપાને વ્યાજમાફી યોજના ફળી, દોઢ મહિનામાં ૩,૯૩૧ કરદાતાઓએ ₹ ૭.૨૨ કરોડનો વેરો ભર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ : રાજકોટ મહાનગરપાલિકા તંત્ર દ્વારા ઓગસ્ટ માસથી અમલમાં મૂકવામાં આવેલી મિલકતવેરા અને પાણીવેરાની રકમ પરની વ્યાજમાફી યોજનાને કરદાતાઓ તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે. મેયર ડો. નેહલ શુકલના માર્ગદર્શન હેઠળ મનપાની તિજોરી છલકાવવાના હેતુથી ઓગસ્ટ અને સપ્ટેમ્બર માસ માટે મિલકતવેરામાં રૂપિયા ૫૦૦૦ અને પાણીવેરામાં રૂપિયા ૫૦૦૦ મળીને કુલ રૂ. ૧૦,૦૦૦ સુધીની વ્યાજમાફી યોજના જાહેર કરવામાં આવી હતી. વેરા વિભાગના મેનેજર વત્સલ પટેલના જણાવ્યા પ્રમાણે છેલ્લા દોઢ મહિનામાં આ યોજના હેઠળ ૩,૯૩૧ કરદાતાઓએ કુલ રૂ. ૦૭,૨૨,૫૭,૮૨૫નો વેરો મનપાની તિજોરીમાં જમા કરાવ્યો છે. આ સામે તંત્ર દ્વારા કરદાતાઓને રૂપિયા ૯૯,૫૦,૮૧૯ની વ્યાજમાફી આપવામાં આવી હતી.

આ વ્યાજમાફી યોજનાની મોટી સફળતા એ પણ છે કે શહેરના તમામ ૧૮ વોર્ડમાં લાંબા સમયથી પાણી મેળવવા છતાં વેરો ન ભરતા ૬૯ અનલિંક્ડ વોટર કનેક્શન્સ લિંકઅપ થઈ ગયા હતા. રાજકોટ મહાનગરપાલિકાએ આ કનેક્શન્સ થકી બાકી નીકળતા પાણીવેરા પેટે રૂપિયા ૧૪,૩૨,૧૮૯ની આવક થઈ હતી. જેમાં રૂપિયા ૨,૨૨,૨૭૯ની વ્યાજમાફી આપવામાં આવી હતી. આ યોજનાથી એક તરફ કરદાતાઓને વ્યાજમાંથી મોટી રાહત મળી તો બીજી તરફ મનપાને કરોડો રૂપિયાની બાકી વસૂલાત થતાં તિજોરીને મોટો આર્થિક ટેકો મળ્યો છે.

અનલિંક વોટર કનેક્શનની વાત કરીએ તો વોર્ડ નંબર ૭માં સૌથી વધુ ૨૧ અનલિંક વોટર કનેક્શન લીંકઅપ કરવામાં આવ્યાં હતાં. જોકે વોર્ડ નં. ૧૫માં એક પણ વોટર કનેક્શન લીંકઅપ થયું નહતો. અન્ય વોર્ડની વાત કરીએ તો, વોર્ડ નંબર ૧માં ૫, વોર્ડ નંબર ૨માં ૩, વોર્ડ નંબર ૩માં ૪, વોર્ડ નંબર ૫માં ૪, વોર્ડ નંબર ૬માં ૧, વોર્ડ નંબર ૮માં ૧,વોર્ડ નંબર ૯માં ૨, વોર્ડ નંબર ૧૦માં ૩,વોર્ડ નંબર ૧૧માં ૧, વોર્ડ નંબર ૧૨માં ૨, વોર્ડ નંબર ૧૩માં ૧, વોર્ડ નંબર ૧૪માં ૧૦, વોર્ડ નંબર ૧૬માં ૨, વોર્ડ નંબર ૧૭માં ૬, અને વોર્ડ નંબર ૧૮માં ૩ અનલીંક વોટર કનેક્શન લીંકઅપ કરવામાં આવ્યાં હતાં. ■

# કચ્છના સરહદી દરિયાકાંઠે મરીન કમાન્ડોનું મેગા ચેકિંગ જખૌથી ભારતસોલ્ટ સુધી નોકાઓની સઘન તપાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ : દેશની પશ્ચિમ સરહદે આવેલા કચ્છના વ્યૂહાત્મક અને અતિસંવેદનશીલ દરિયાઈ વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થાને અભેદ્ય બનાવવાના ભાગરૂપે મરીન ટાસ્ક ફોર્સ દ્વારા વિશેષ કોમ્બિંગ અને ચેકિંગ ડ્રાઇવ હાથ ધરવામાં આવી છે. ૧૭ સપ્ટેમ્બરના રોજ સાંજના સુમારે મરીન કમાન્ડોની વિશેષ ટીમોએ જખૌ સેક્ટરમાં દરિયાઈ પટ્ટાને ધમરોળી બોટોનું આકસ્મિક નિરીક્ષણ કર્યું હતું. મરીન ટાસ્ક ફોર્સના મરીન કમાન્ડોને અલગ-અલગ જૂથોમાં વહેંચીને સ્પીડ બોટ મારફતે ખીદરત ટાપુથી માંડીને જખૌ બંદર અને ભારતસોલ્ટ સુધીના સમગ્ર દરિયાઈ સીમાડામાં સઘન પેટ્રોલિંગ હાથ ધરાયું હતું. આ દરમિયાન દરિયામાં અવરજવર કરતી અને લાંગરેલી સ્થાનિક ફિશિંગ બોટોના દસ્તાવેજો, ખલાસીઓના ઓળખકાર્ડ તેમજ બોટમાં રહેલી સામગ્રીની બારીકાઈથી તપાસ કરવામાં આવી હતી. અભિયાન દરમિયાન કમાન્ડો ટીમોએ દરિયામાં માછીમારી કરી રહેલા સ્થાનિક સાગરખેડૂઓ સાથે સીધો સંવાદ સાધ્યો હતો. દેશની દરિયાઈ સરહદોના પ્રથમ આંખ અને કાન સમાન માછીમારોને માર્ગદર્શન આપતાં જણાવાયું હતું કે, દરિયામાં કોઈ પણ બિનવારસી, શંકાસ્પદ કે અજાણી બોટ નજરે પડે અથવા કોઈ અજાણ્યા શખ્સોની શંકાસ્પદ હિલચાલ જણાય તો વિલંબ કર્યા વિના તાત્કાલિક સુરક્ષા એજન્સીઓ અને કોસ્ટલ પોલીસને જાણ કરવી. કચ્છનો દરિયાકાંઠો આંતરરાષ્ટ્રીય જળસીમાની તદ્દન નજીક હોવાથી રાષ્ટ્રવિરોધી તત્વો કે દાણચોરો દ્વારા કોઈપણ અનિચ્છનીય ઘૂસણખોરીના પ્રયાસોને નિષ્ફળ બનાવવા સમગ્ર ગુજરાત કાંઠે આ પ્રકારની સુરક્ષા સમીક્ષા ડ્રાઇવ તેજ કરવામાં આવી છે. પોલીસ તંત્રના જણાવ્યા અનુસાર, જખૌ સેક્ટરમાં થયેલી આ ત્વરિત કામગીરીથી કાંઠાળ ક્ષેત્રમાં ચાંપતી નજર અને સતર્કતા વધુ મજબૂત બની છે. ■

# ભાવનગરમાં સો.મીડિયા ઈન્ફ્લુએન્સર યુવતી પર હુમલો, ચાર યુવતીઓ સામે ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર : શહેરમાં સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર તરીકે કામ કરતી યુવતી પર ચાર યુવતીઓએ અદાવત રાખી તેના ઘર અને વાહન પર પથ્થરમારો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો બનાવ બહાર આવ્યો હતો. આ મામલે પીડિત યુવતીએ ઘોઘારોડ પોલીસ મથકમાં ચાર સામે ગુનો નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ભાવનગર શહેરના મહિલા કોલેજ રોડ પર આવેલ સિદ્દી ફ્લેટમાં રહેતા અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર તરીકે સક્રિય નજમાબાનું અલ્તાફભાઈ હબીબાણીએ ઘોઘારોડ પોલીસ સ્ટેશનમાં સલીના હબીબાણી, ફાતીમા ચૌહાણ, શાહુ પઠાણ અને રૂકસાર આરબ સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, નજમાબાનું સોશિયલ મીડિયા પર વીડિયો, કોમેડી બ્લોગ અને પેઈડ પ્રોમોશનનું કામ કરે છે, જેનાથી તેમને આવક થાય છે. આ બાબતની દાઝ રાખી આરોપી યુવતીઓ તેમની સાથે અવારનવાર માથાકૂટ કરતી હતી. દરમિયાન મોડી રાત્રે ચારેય યુવતીઓ નજમાબાનુંના ઘર નજીક આવી પહોંચી હતી અને તેમના ફ્લેટ તેમજ નીચે પાર્ક કરેલી એકસેસ બાઈક પર પથ્થરમારો કરી નુકસાન પહોંચાડ્યું હતું. એટલું જ નહીં, આરોપીઓએ તેમને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ બનાવ અંગે ઘોઘારોડ પોલીસે ચારેય આરોપી યુવતીઓ સામે ગુનો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી છે. ■

# રાજકોટમાં મટકી ફોડના ખર્ચ સામે કોંગ્રેસના સવાલો, સ્થાનિક રાજકારણ ગરમાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ : મહાનગરપાલિકા દ્વારા જન્માષ્ટમીના પર્વે આયોજિત મટકી ફોડ કાર્યક્રમ અંગે કોંગ્રેસે સવાલો ઉઠાવ્યા છે. કોંગ્રેસના નેતા ડૉ. હેમાંગ વસાવડાએ આક્ષેપ કર્યો હતો કે મટકી ફોડના આયોજનમાં ટેન્ડર મુજબની અનેક વ્યવસ્થાઓ કરવામાં આવી ન હતી અને ખર્ચને અંગે પણ ગંભીર પ્રશ્નો ઉભા થાય છે. ડૉ. હેમાંગ વસાવડાના જણાવ્યા મુજબ, ટેન્ડરમાં દર્શાવાયેલા આયોજનની સરખામણીએ સ્ટેજ નાનું હતું અને ઓર્કેસ્ટ્રાની વ્યવસ્થા પણ અપેક્ષા મુજબની નહોતી. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે કાર્યક્રમમાં ફરાળ માટેની પેટીસ પાછળ આશરે રૂ.૧૫ લાખનો ખર્ચ થયો હોવાનું બહાર આવ્યું છે. આ ઉપરાંત, ૬૦૦ મહેમાનો માટે ખુરશીઓની વ્યવસ્થા દર્શાવવામાં આવી હોવા છતાં સ્થળ પર માત્ર આશરે ૬૦ ખુરશીઓ જ જોવા મળી હોવાનો દાવો પણ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત અન્ય કેટલીક વ્યવસ્થાઓને લઈને પણ ડૉ. હેમાંગ વસાવડાએ સવાલો ઉઠાવ્યા હતા.

સ્થાનિક અહેવાલો અનુસાર, મટકી ફોડ કાર્યક્રમના મૂળ ટેન્ડર અને ત્યારબાદના ખર્ચને લઈને પણ ચર્ચા થઈ છે. એક અહેવાલમાં રૂ.૧૭ લાખના ટેન્ડર બાદ વધારાની મંજૂરી અને રૂ.૩૨ લાખના બિલ અંગે કોંગ્રેસે સવાલો ઉઠાવ્યા હોવાનું જણાવાયું છે. મટકી ફોડ બાદ ડૉ. હેમાંગ વસાવડાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણીને લઈને પણ રાજકોટ મનપા સામે સવાલો ઉઠાવ્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે એક તરફ ઇંધણ બચાવવાનો સંદેશ આપવામાં આવે છે, જ્યારે બીજી તરફ જન્મદિવસની ઉજવણી માટે મોટા પાયે વાહનો અને અન્ય સરકારી સુવિધાઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

વસાવડાના જણાવ્યા મુજબ, રાજકોટની સિટી બસ અને બીઆરટીએસ જેવી જાહેર પરિવહનની સેવાઓનો પણ કાર્યક્રમ માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેના કારણે સામાન્ય મુસાફરોને બસની રાહ જોવી પડી હોવાનો તેમણે દાવો કર્યો હતો. તેમણે વધુમાં સવાલ કર્યો હતો કે, આવા કાર્યક્રમો માટે વાહનોના ઉપયોગમાં કેટલું ઇંધણ વપરાયું અને તેનો ખર્ચ કેટલો થયો તેનો હિસાબ જાહેર કરવામાં આવ્યો છે કે નહીં?

અત્રે ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૬મા જન્મદિવસ નિમિત્તે ગુજરાતમાં મોટા પાયે આશીર્વાદનો દીવડો સહિતના કાર્યક્રમો યોજાયા હતા. રાજ્યમાં લાખો દીવડાઓ પ્રગટાવવાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ■

# જામનગરમાં ડુપ્લિકેટ વિદેશી દારૂ બનાવવાનું નેટવર્ક ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર : શહેરના નવાગામ ઘેડ વિસ્તારમાં ડુપ્લીકેટ વિદેશી દારૂ બનાવવાનું મોટું નેટવર્ક સિટી બી ડિવિઝન પોલીસે પકડી પાડ્યું હતું. લોકોના જીવ જોખમાય તેવા ઝેરી કેમિકલ (સ્પિરિટ)નો ઉપયોગ કરી બ્રાન્ડેડ બોટલોમાં ડુપ્લીકેટ દારૂનું વેચાણ કરવાના ગુનાહિત કાવતરાનો પર્દાફાશ થયો હતો. આ મામલે પોલીસે ત્રણ શખ્સો સામે ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કરી આગળની તપાસ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી)ને સોંપી છે. સિટી બી ડિવિઝન પોલીસ સ્ટાફે નવાગામ ઘેડ સ્થિત મધુવન સોસાયટી શેરી નં. ૨, મકાન નં. ૦૬ માં સમન્દરસિંગ ભરતસિંગના રહેણાંક મકાને રેડ કરી હતી. તપાસ દરમિયાન ત્યાંથી ડુપ્લીકેટ વિદેશી દારૂ બનાવવા માટે ઉપયોગમાં લેવાતી સામગ્રી કબ્જે કરવામાં આવી હતી જેમાં પ્લાસ્ટિકની ખાલી બોટલો ૯૬ નંગ અને વિવિધ બ્રાન્ડેડ દારૂની બોટલોના ઢાંકણા ૨૭૦ નંગનો સમાવેશ થાય છે. પોલીસ તપાસમાં બહાર આવેલી ચોંકાવનારી વિગતો મુજબ, આરોપીઓએ ભેગા મળીને કેમિકલ (સ્પિરિટ), કલર અને એસેન્સ મિક્સ કરી ડુપ્લીકેટ દારૂ બનાવવાનું કાવતરું ઘડ્યું હતું. આ સમગ્ર રેકેટ સામે સિટી બી ડિવિઝન પોલીસે પ્રોહિબિશન એક્ટની તથા ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો. ■

# સુરેન્દ્રનગર લોકમેળાના પાંચ દિવસમાં ₹ ૭૦.૫૬ લાખનો ખર્ચ, કલાકારોને ચુકવણી અંગે વિવાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર : મહાનગરપાલિકા દ્વારા જન્માષ્ટમી નિમિત્તે તા. ૨થી ૭ સપ્ટેમ્બર દરમિયાન સુરેન્દ્રનગર અને વઢવાણ ખાતે યોજાયેલા લોકમેળાના ખર્ચ અંગે સવાલો ઉઠ્યા છે. મળતી વિગતો મુજબ, આ વર્ષે લોકમેળાના સાંસ્કૃતિક કાર્યક્રમો પાછળ કુલ રૂ.૭૦.૫૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું છે. જ્યારે ગત વર્ષે યોજાયેલા જન્માષ્ટમી લોકમેળાના સાંસ્કૃતિક કાર્યક્રમ પાછળ આશરે રૂ.૩૦ લાખનો ખર્ચ થયો હતો.

આ વર્ષે પાંચ દિવસીય કાર્યક્રમમાં ૧૩ કલાકારો જોડાયા હતા અને નામચીન કલાકારોને રૂ.૫ લાખ સુધીની રકમ ચૂકવવામાં આવી હોવાનું જણાવાયું છે. આ ખર્ચને લઈને શહેરમાં ચર્ચાનો માહોલ જોવા મળી રહ્યો છે.

લોકમેળાના કાર્યક્રમમાં થયેલી ચૂકવણી અંગે ઉપલબ્ધ વિગતો મુજબ, તા.૩ સપ્ટેમ્બરના કાર્યક્રમમાં જાણીતા ગાયક કલાકાર કૌશિક ભરવાડને રૂ.૪.૫૦ લાખ ચૂકવાયા હતા. તા.૪ સપ્ટેમ્બરના લોકડાયરો કાર્યક્રમ માટે અપેક્ષાબેન પંડ્યાને રૂ.૩.૫૦ લાખ તેમજ વિવેક સાંઘલાને રૂ.૩.૫૦ લાખ ચૂકવાયા હોવાનું જણાવાયું છે.

તા.૫ સપ્ટેમ્બરના કાર્યક્રમમાં રાજુભા ગઢવીને રૂ.૫ લાખ ચૂકવાયા હોવાનું સામે આવ્યું છે. તા.૬ સપ્ટેમ્બરના કાર્યક્રમમાં શિવ શબદ ગ્રુપને રૂ.૫ લાખ ચૂકવાયા હતા. જ્યારે તા.૭ સપ્ટેમ્બરના કાર્યક્રમ માટે કાજલ મહેરિયાને રૂ.૩.૫૦ લાખ ચૂકવાયા હોવાનું જણાવાયું છે. આ ઉપરાંત લોકમેળામાં અન્ય નાના-મોટા કલાકારોને પણ લાખો રૂપિયાની ચૂકવણી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

સુરેન્દ્રનગર ઉપરાંત વઢવાણ ખાતે યોજાયેલા ધરોહર મેળામાં રૂ.૩૧.૧૦ લાખનો ખર્ચ થયો હોવાનું પણ વિગતોમાં દર્શાવવામાં આવ્યું છે. તા.૫ સપ્ટેમ્બરે દેવાયત ખવડને રૂ.૫ લાખ ચૂકવાયા હોવાનું જણાવાયું છે. ધરોહર મેળાના પ્રથમ દિવસે યોજાયેલા મ્યુઝિકલ નાઈટના કલાકારોને રૂ.૨.૫૦ લાખ ચૂકવાયા હતા.

બીજા દિવસે રામભાઈ ગઢવી, જીજુદાદા, અનુભા ગઢવી સહિતના કલાકારોને મળીને રૂ.૫ લાખ ચૂકવાયા હોવાનું જણાવાયું છે. લોકમેળાના સાંસ્કૃતિક કાર્યક્રમો પાછળ મોટા પ્રમાણમાં સરકારી/મહાનગરપાલિકાના નાણાં ખર્ચાતા હોવાના મુદ્દે હવે ચર્ચા શરૂ થઈ છે. એક તરફ શહેરના રસ્તા, ભૂગર્ભ ગટર સહિતની વિવિધ નાગરિક સુવિધાઓને લગતી સમસ્યાઓ અંગે લોકો દ્વારા રજૂઆતો કરવામાં આવે છે, ત્યારે બીજી તરફ મનોરંજનના કાર્યક્રમો પાછળ કરોડોમાં નહીં પરંતુ લાખોમાં થતો ખર્ચ ચર્ચાનો વિષય બન્યો છે.

ઉપલબ્ધ વિગતો મુજબ, સુરેન્દ્રનગરના લોકમેળામાં રૂ.૩૯.૪૬ લાખ અને વઢવાણના ધરોહર મેળામાં રૂ.૩૧.૧૦ લાખ, એમ બંને મેળા પાછળ મળીને રૂ.૭૦.૫૬ લાખનો ખર્ચ થયો હોવાનું જણાવાયું છે.

કલાકારોને ચૂકવવામાં આવેલી રકમ, કાર્યક્રમોના આયોજનનો કુલ ખર્ચ, ટેન્ડર/બુકિંગ પ્રક્રિયા તથા ચુકવણીના દસ્તાવેજો અંગે સત્તાવાર વિગતો જાહેર થાય તો સમગ્ર મામલે વધુ સ્પષ્ટતા થઈ શકે તેમ છે. હાલ સામે આવેલી વિગતોના આધારે લોકમેળાના ખર્ચને લઈને વિવિધ સવાલો ઉઠી રહ્યા છે અને મહાનગરપાલિકા દ્વારા ખર્ચ અંગે સ્પષ્ટતા કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. ■

# મોરબી જિલ્લાનો મચ્છુ-૩ ડેમ છલકાતા ૨૧ ગામોને એલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મોરબી : જિલ્લાના મોરબી તાલુકાના જૂના સાદુળકા ગામ નજીક આવેલો મચ્છુ-૩ સિંચાઈ ડેમ તેની નિર્ધારિત સપાટી સુધી ભરાઈ ગયો છે. ઉપરવાસમાંથી સતત પાણીની આવક ચાલુ રહેતા ડેમમાં વધારાનું પાણી મચ્છુનદીમાં છોડવાની જરૂરિયાત ઊભી થઈ છે. જેને પગલે સિંચાઈ વિભાગ દ્વારા નીચાણવાળા વિસ્તારોમાં આવતા ગામોને સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે.

ડેમની સ્થિતિને ધ્યાને લઈ મોરબી અને માળિયા (મીં) તાલુકાના કુલ ૨૧ ગામોને એલર્ટ કરી સાવચેતી રાખવા જણાવાયું છે. તંત્ર દ્વારા ખાસ કરીને મચ્છુ નદીના પટમાં અવરજવર નહીં કરવા તેમજ નદીમાં ઉતરવાનું ટાળવા લોકોને સૂચના આપવામાં આવી છે. સાવચેતીના પગલાં હેઠળ મોરબી તાલુકાના ગોર ખીજડીયા, વનાળીયા, માનસર, નારણકા, નવા સાદુળકા, જૂના સાદુળકા, સ્વાપર (નદી), ગુંગણ, જૂના નાગડાવાસ, નવા નાગડાવાસ, અમરનગર, બહાદુરગઢ અને સોખડા ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે માળિયા તાલુકાના ૮ ગામો જેવા કે, દેરાળા, મેઘપર, નવાણિયા, રાસંગપર, વિરવદરકા, માળિયા (મીં), હરીપર અને ફતેપર ગામોને પણ સાવચેતી રાખવા જણાવાયું છે.

પાણીની સ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા તંત્ર દ્વારા સંબંધિત મામલતદાર, નાયબ કલેક્ટર, પોલીસ વિભાગ અને નગરપાલિકા સહિતના તંત્રને જરૂરી સાવચેતીના પગલાં લેવા જાણ કરવામાં આવી છે. નદીકાંઠાના વિસ્તારોમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારી રાખવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

ડેમમાં પાણીની આવક યથાવત રહેતા નીચાણવાળા ગામોના લોકોમાં પણ સાવચેતીનો માહોલ જોવા મળી રહ્યો છે. તંત્ર દ્વારા લોકોને અફવાઓથી દૂર રહી સત્તાવાર સૂચનાઓનું પાલન કરવા અને નદીના પટથી દૂર રહેવા અનુરોધ કરાયો છે. ■

# ભાદરવામાં અષાઢી માહોલ,ઉના-ગીરગઢડા પંથકમાં મેઘરાજા મન મૂકીને વરસ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગીર સોમનાથ : ઉના-ગીરગઢડા પંથકમાં ભાદરવા મહિનામાં અષાઢી જેવો માહોલ સર્જાયો છે. શુક્રવાર સવારથી જ આકાશમાં કાળાં વાદળો છવાયેલાં રહ્યાં હતાં. શરૂઆતમાં ઝરમર વરસાદ વરસ્યા બાદ બપોરે અચાનક મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. ધોધમાર વરસાદથી ઉના શહેરના માર્ગો પર પાણી વહેવા લાગ્યાં હતાં, તો ગ્રામ્ય વિસ્તારોમાં પણ મેઘમહેર જોવા મળી હતી. વરસાદના પગલે સમગ્ર પંથકમાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતો માટે પણ આ વરસાદ આશાસ્પદ બન્યો છે. જોકે, તાલુકાના અલગ-અલગ વિસ્તારોમાં કેટલો વરસાદ નોંધાયો છે તેનો સત્તાવાર આંકડો હજુ જાહેર થયો નથી.

ગીર સોમનાથ જિલ્લાના છ તાલુકાઓમાં ગીરગઢડા તાલુકામાં ચોમાસાની સિઝનનો સૌથી ઓછો વરસાદ નોંધાયો છે. અત્યાર સુધીમાં અહીં અંદાજે ૧૩ ઇંચ જેટલો વરસાદ પડ્યો હોવાનું જાણવા મળ્યું છે. ઓછા વરસાદના કારણે ખેતીના કામો અને પાકની સ્થિતિને લઈને ખેડૂતો ચિંતિત છે. સમયસર પૂરતો વરસાદ ન મળતાં ખેડૂતો હવે મેઘરાજાની વધુ મહેરની આશા રાખી રહ્યા છે.

ગીરગઢડા તાલુકાના મધ્ય ગીર વિસ્તારમાં આવેલા મછુન્દ્રી અને રાવલ ડેમ ખેતી અને જળસંગ્રહની દૃષ્ટિએ મહત્ત્વ ધરાવે છે. મછુન્દ્રી ડેમમાં હાલ અંદાજે ૪૮ ટકા પાણીનો સંગ્રહ થયો છે. આ ડેમમાંથી આસપાસનાં ૨૭ ગામોને સિંચાઈ માટે પાણી પૂરું પાડવામાં આવે છે. તેથી ખેડૂતો ડેમમાં વધુ પાણીની આવક થાય તેવી આશા રાખી રહ્યા છે.

બીજી તરફ, રાવલ ડેમમાં ૯૫ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો છે. જોકે, નાઘેર વિસ્તારના ખેડૂતોને ખેતી માટે હજુ પણ સારા વરસાદની જરૂરિયાત છે. જળાશયોમાં પાણીનો સંગ્રહ હોવા છતાં ખેતીની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ખેડૂતો વધુ વરસાદની આશા રાખી રહ્યા છે. આગામી દિવસોમાં પણ સારો વરસાદ વરસે અને મછુન્દ્રી સહિતનાં જળાશયોમાં પાણીની આવક વધે તો ખેતીને વધુ રાહત મળી શકે તેવી આશા ખેડૂતો રાખી રહ્યા છે. ■

# રાજકોટમાં આવાસ યોજના પર સવાલો, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણીના નામે ક્વાર્ટર હોવાનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ : શહેરના નટરાજનગર વિસ્તારમાં આવેલી રાજીવ ગાંધી આવાસ યોજનાના ક્વાર્ટર નંબર-૧૧૯ને લઈને વિવાદ બહાર આવ્યો છે. આ ક્વાર્ટર રાજકોટના ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણીના નામે હોવાનો દાવો કરવામાં આવ્યો છે. રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઇટ પર નટરાજનગર રાજીવ આવાસ યોજનાનો ડ્રો તા. ૨૨ મે ૨૦૧૫ના રોજ યોજાયો હોવાની માહિતી ઉપલબ્ધ છે.

આક્ષેપ મુજબ, દક્ષાબેન વસાણી પોશ વિસ્તારમાં રહેતા હોવા છતાં નટરાજનગર જેવા સ્લમ વિસ્તારમાં આવેલી આવાસ યોજનાનો લાભ મેળવવામાં આવ્યો હતો. વધુમાં આ આવાસ બાદમાં ભાડે આપવામાં આવ્યો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. ક્વાર્ટરનું વેરા બિલ દક્ષાબેન વસાણીના નામે આવતું હોવાનો દાવો પણ કરવામાં આવી રહ્યો છે.

આ મુદ્દે વધુ એક સવાલ ચૂંટણી દરમિયાન રજૂ કરવામાં આવેલા સોગંદનામાને લઈને ઉઠાવવામાં આવી રહ્યો છે. આક્ષેપ છે કે ચૂંટણી સમયે રજૂ કરાયેલા સોગંદનામામાં આ આવાસનો મિલકત તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો નહોતો. જોકે, આ અંગે સોગંદનામાની મૂળ નકલ અને સંબંધિત મિલકતના દસ્તાવેજોની સત્તાવાર તપાસ બાદ જ હકીકત સ્પષ્ટ થઈ શકે છે.

વિવાદ સામે આવ્યા બાદ ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણીએ દસ્તાવેજો રજૂ કરીને પોતાની સ્પષ્ટતા કરી હતી. તેમના જણાવ્યા મુજબ, વર્ષ ૨૦૦૧માં ડિમોલિશનની કામગીરી દરમિયાન તેમની દુકાનની સામે નિયમ મુજબ કાયદેસર રીતે આ આવાસની ફાળવણી કરવામાં આવી હતી. એટલે આવાસ ગેરકાયદેસર રીતે મેળવવામાં આવ્યું હોવાના આક્ષેપને તેઓ નકારી રહ્યા છે.

દરમિયાન, આવાસ યોજનામાં પાત્રતા, ફાળવણીની પ્રક્રિયા અને લાભાર્થી દ્વારા આવાસના ઉપયોગ સહિતના મુદ્દે સવાલો ઉઠી રહ્યા છે. મનપાની સત્તાવાર વેબસાઇટ પર આવાસ યોજનાઓના વિવિધ ડ્રો અને લાભાર્થી યાદીઓ જાહેર કરવામાં આવે છે.

હાલ આ સમગ્ર મામલે મુખ્ય સવાલ એ છે કે ક્વાર્ટર નંબર-૧૧૯ની મૂળ ફાળવણી કયા નિયમો હેઠળ અને કયા દસ્તાવેજોના આધારે કરવામાં આવી હતી, લાભાર્થીની તે સમયે પાત્રતા શું હતી અને હાલ આવાસનો ઉપયોગ કેવી રીતે થઈ રહ્યો છે. આ મુદ્દે મનપાના સંબંધિત વિભાગના દસ્તાવેજો અને સત્તાવાર તપાસ બાદ જ સમગ્ર હકીકત સામે આવી શકે છે. ■

# રાજકોટમાં ભેળસેળિયા ઘી સામે કાર્યવાહી, વોલ્ગા ઘી ડેપોમાંથી શંકાસ્પદ જથ્થો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ : મહાનગરપાલિકાની આરોગ્ય શાખાના ફૂડ વિભાગ દ્વારા ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ અને ગંદકી સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સર્વેલન્સ ચેકિંગ દરમિયાન શહેરની કુલ ૩૯ પેઢી અને રેસ્ટોરન્ટની તપાસ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન ૬૦ કિલો અખાદ્ય અને વાસી જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. જ્યારે સ્ટોરેજ, લાઇસન્સ અને હાઇજેનિક કન્ડિશનને લઈને ૧૦ પેઢીને નોટિસ આપવામાં આવી હતી. મનપા દ્વારા કુલ રૂ.૭,૫૦૦નો વહીવટી ચાર્જ પણ વસૂલવામાં આવ્યો છે. આ ઉપરાંત કુલ ૩૭ ખાદ્ય પદાર્થોના નમૂના લેવામાં આવ્યા છે, જેને પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

દરમિયાન રાજકોટના કેવડાવાડી મેઇન રોડ પર બોમ્બે આર્યન નજીક આવેલા વોલ્ગા ઘી ડેપો ખાતે એસઓજી રાજકોટ શહેર અને મનપાના ફૂડ વિભાગ દ્વારા સંયુક્ત કાર્યવાહી કરવામાં આવી હતી.

એસઓજીને બાતમી મળી હતી કે, દુકાનમાં સોયાબીન ઓઇલ, વનસ્પતિ ઘી અને દૂધની બનાવટના ઘીને ભેળવીને શંકાસ્પદ ઘી તૈયાર કરી અલગ-અલગ ડબ્બામાં પેક કરી વેચાણ કરવામાં આવે છે. બાતમીના આધારે ટીમે સ્થળ પર તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન મોટી માત્રામાં શંકાસ્પદ ઘી અને વનસ્પતિજન્ય જથ્થો મળી આવ્યો હતો. ફૂડ વિભાગના અધિકારીઓને સ્થળ પર બોલાવી નિયમ મુજબ સેમ્પલિંગની કાર્યવાહી કરવામાં આવી હતી.

વોલ્ગા ઘી ડેપોમાંથી હોમમેડ કાઉ ઘી, ગૌશાળાનું શુદ્ધ દેશી ગાયનું ઘી, કામધેનુ પ્રીમિયમ ઘી અને લૂઝ ઘી સહિત કુલ ૬ નમૂના લેવામાં આવ્યા છે.

આ નમૂનાઓને તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

મળેલા જથ્થામાં વિવિધ ડબ્બાઓમાં રાખવામાં આવેલ શંકાસ્પદ ઘી, વનસ્પતિજન્ય ઘી તેમજ અલગ-અલગ બ્રાન્ડના ઘીના પેકિંગનો સમાવેશ થાય છે. સાથે જ ઘી ભરવા અને પેકિંગમાં ઉપયોગમાં લેવાતી ખાલી બોટલો, ગેસનો બાટલો, ચુલો અને અન્ય સામગ્રી પણ મળી આવી હતી.

ગણેશ ચતુર્થીના તહેવારને ધ્યાનમાં રાખીને રાજકોટ મનપાના ફૂડ વિભાગ દ્વારા ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને સ્વચ્છતા અંગે ચેકિંગ વધુ સઘન બનાવવામાં આવ્યું છે. ફૂડ વિભાગ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ, ગંદકી અથવા નિયમોના ભંગ સામે કાયદેસરની કાર્યવાહી ચાલુ રહેશે.

હાલ વોલ્ગા ઘી ડેપોમાંથી લેવામાં આવેલા ઘીના નમૂનાઓના લેબોરેટરી રિપોર્ટ બાદ જ ઘી ભેળસેળયુક્ત છે કે નહીં તેની સત્તાવાર પુષ્ટિ થઈ શકશે. ■

# તરણેતર મેળામાં પશુપ્રદર્શન સ્પર્ધામાં ભાવનગરની ભીલી ભેંસ પ્રથમ વિજેતા,પશુપાલકને ₹ ૫૦ હજારનું ઈનામ

(અમારા પ્રતિનિધિ તરફથી)



તસ્વીર : હર્ષદીપ ચારડીયા

ભાવનગર : જિલ્લાના પશુપાલન ક્ષેત્ર માટે ગૌરવની ઘટના બહાર આવી હતી. તળાજા તાલુકાના ધારીડી ગામના પશુપાલક બારૈયા ખાટાભાઈ સવજીભાઈની બે વર્ષ અને નવ મહિનાની ભીલી નામની જાફરાબાદી ભેંસએ રાજ્યકક્ષાના તરણેતર મેળામાં યોજાયેલી પશુપ્રદર્શન હરીફાઈમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે.

તરણેતર મેળામાં યોજાયેલી પશુપ્રદર્શન સ્પર્ધામાં ભેંસોની ઊંચાઈ, શિંગ, રંગ, વજન, બાંધો તથા પગ સહિતના વિવિધ માપદંડોને આધારે મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ભાવનગરની ભીલી ભેંસે ગુણવત્તાના ધોરણોમાં અન્ય ભેંસોને પાછળ રાખી પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો.

ભીલી ભેંસને પશુપાલકના જણાવ્યા મુજબ દૂધના આધારે પસંદ કરવામાં આવી હતી. પશુપાલન વિભાગની ટીમ દ્વારા પશુપાલકના ઘરે જઈ ભેંસની ચકાસણી કરવામાં આવી હતી અને તળાજા તાલુકામાંથી આવેલી અરજીઓમાંથી ભીલી ભેંસને શ્રેષ્ઠ જાહેર કરવામાં આવી હતી.

આ સફળતા બદલ પશુપાલકને સરકારના પશુપાલન ખાતા દ્વારા રૂ.૫૦,૦૦૦નું ઇનામ આપવામાં આવ્યું હતું. બીજી તરફ તરણેતર મેળામાં અન્ય પશુપાલક દ્વારા ભીલી ભેંસને રૂ.૯,૯૯,૯૯૯માં ખરીદવાની ઓફર કરવામાં આવી હતી, પરંતુ પશુપાલકે ભેંસ પ્રત્યેના લગાવને કારણે વેચાણ કરવાનો ઇનકાર કર્યો હતો.

ભીલી ભેંસની આ સિદ્ધિથી તળાજા તાલુકા તેમજ સમગ્ર ભાવનગર જિલ્લાનું ગૌરવ વધ્યું છે. સ્થાનિક આગેવાનો અને પશુપાલન ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોએ પશુપાલક બારૈયા ખાટાભાઈ સવજીભાઈને અભિનંદન પાઠવી તેમની સફળતાને બિરદાવી હતી. ■